THE DINKARD.

THE ORIGINAL PEHLWI TEXT; THE SAME TRANSLITERATED IN ZEND CHARACTERS; TRANSLATIONS OF THE TEXT IN THE GUJRATI AND ENGLISH LANGUAGES; A COMMENTARY AND A GLOSSARY OF SELECT TERMS.

BY

PESHOTUN DUSTOOR BEHRAMJEE SUNJANA.




VOL. II.

PUBLISHED UNDER THE PATRONAGE

OF THE

SIR JAMSETJI JIJIBHAI TRANSLATION FUND.



Bombay:
PRINTED AT THE DUFTUR ASHKARA PRESS
BY BEHRAMJEE FURDOONJEE & CO.
6 & 11 BEHRAMJI HORMASJI STREET, FORT.

IN THE YEAR 1246 OF YEJDAJARD AND 1876 OF CHRIST.

દીનકર્દ કેતાબ

તેહની

અસલ પેહલવી એબારત, જંદ અક્ષરે ઉચ્ચાર, ગુજરાતી તથા ઈંગરેજી તરજુમો, શરેહ, અને અગતજોગ પેહલવી શબ્દોની ફરહંગ સાથે.

બનાવનાર,

પેશોતન દસતુર બેહરામજી સંજાણા.

દફતર બીજું.

સર જમશેદજી જીજીભાઈ ટરાંસલેશન ફંડના આસરા હેઠળ છપાવી પરગટ કરેલું છે.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાનાંમાં

બેહેરામજી ફરદુનજીની કુંપનીએ છાપીઉં છે.

કોટ—બેહેરામજી હોરમજજી સ્ટ્રીટ, નાં૦ ૬ તથા ૧૧.

સને ૧૨૪૬ યઅજદજરદી.
સને ૧૮૭૬ ઇસવી.

સાંકલીઉં.

સફે.

---

(૧૧) આએ દુનીઆંનાં લોકોને, (સંકટ અને દુ:ખના વખત ઊપર), મદદ કરવા સારૂં, ગેબી યજદોને આવ્વા તથા નહી આવ્વા વીસે, ભલી દીનને લગતો ખોલાસો. ૧

જાણવું કે, ગેબી યજદો, જે મદદ કરવાની ઇચ્છાવાલાછે, તેઓ આ- ૨
લમને (સંકટ અને દુ:ખના વખત ઉપર) મદદ કરવા સારૂં, જેઆરે આદમીઓ ગુનાહથી દુર રેહનારાં, અને સવાબ કરનારાં હોએચ, તેઆરે હંમેશાં જલદીથી આવેચ; અને આદમીઓને ઇજા દેવા સારૂં (આવતા) દેવોને રસ્તેથી પાછા નહસારેચ.* પાક ખોદાએતાલાની ઇચ્છા જે આ-

---

* આએ ઉપલાં લખાંણની મતલબને મલતા ફકરાઓ અવસ્તામાં ઘણે ઠેકાણે આવેલાછે, તેમાંથી બે તરણ ફકરાઓ હમો અતરે લખી જણાવીએચ.

ખોરદાદ યશત કરદો પેહેલ્લો.

[illegible]

અહુરમજદે સ્પેતમાંન જરતોશતને કહીઉં કે, હું એ ખોરદાદ અમેશાસ્પન્દને, અશો મરદોની (ઇઆને સવાબકાર આદમીઓની) મદદ કરવા, તેઓને સુખ આપવા, અને સંકટથી તેઓનો છુટકારો કરવા સારૂ પેદા કીધોચ.

કીરતીવાંન અમેશાસ્પન્દોની અંદરથી, જે કોઇ ખોરદાદ અમેશાસ્પન્દની યાદ કરેતો, તે, પેલા હજારઘણા, દશ હજારઘણા, અને બેશુમારઘણા દેવોમાંથી, 'નસુ' (ઇઆને નાસ કરનાર), 'હશિ' (શકમંદ કરનાર), 'બશિ' (ભીંસવાને લગતું દરદ ઉતપન કરનાર), 'સેનિ' (હાંણી પોંહચાડનાર), અને 'બુજિ' (ભખિ ખાનાર), ઇતીઆદી દેવને મારેચ.

મેહર યશત કરદો ૨૪ મો, ફકરો ૯૭ મો.

[illegible]

જેનીથી, (ઇઆને મેહર યજદથી), મોત ભરેલા ધનામીનો, બુરી દાનાઇવાલો

દમીઓનું પાલણ કરવાની, અને તેઓને (કોઇબી જાતની બદીથી) છુટ-કારો તથા સુખ આપવાનીછે, તે (ઇચ્છા) આએ દુનીઆંનાં લોકોને સારી રીતે જાહેર કરવાનો ખોલ્લો મારગ, ગેબી યજદોને આએ દુનીઆંના લો-કોની મદદ કરવા સારૂં આવ્વાથીછે. (એટલેજે પાક દાદારની મરજી આ-લમને સંકટથી બચાવી તેહને શુખ આપવાનીછે તેહનું કારણ ગેબી યજ-દોને આએ દુનીઆંના લોકોની મદદ કરવા સારૂં આવ્વાથી જણાએચ.) આદમીઓને દેવોના મારગ ઉપર ઉતાવલે દોડવું, (એ તેઓને) સવાબ કર-

---

પાપી હેશમ, લાંબો વખત શુધી સુસતીમાં રાખનારો બુશીઆંસ્ત, તથા બીજા સ-ઘલા ગેબી દેવો અને નાસકારક પાપી 'વરેનીઅ' ઘણા બાહિચ.

કરદે ૨૬ મો, ફકરો ૧૦૩ જો.

[illegible]
[illegible]
[illegible]
[illegible]

જેહને, (ઇઆને મેહર યજદને), અશો અહુરમજદે આએ દુનીઆંની સઘલી જાંનદાર પેદાએશનો સંભાલ અને સાચવણી કરનાર તરીકે પેદા કરેલોછે, તેથી તે, સઘલી જાંનદાર પેદાએશને સાચવનાર અને જાલવનારછે; અને જો (હમેશાં) વગર ગફલત અને ચાલાકીથી અશો અહુરમજદની ખલકને નીભાવેચ અને જાલવેચ.

સરોશ યશત કરદે ૭ મો, ફકરો ૧૫, ૧૬, ૧૭, ૧૮.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

જે (સરોશ યજદ), આએ દુનીઆંની સઘલી જાંનદાર પેદાએશનો સંભાલ અને સાચવણી કરનાર તરીકે, ઘણુંજ જાલમ અને દુનીઆને હાંણી પોહચાડનારાં દેવનાં નોકઆંનને મારનાર, (ઇઆને દુર કરનાર) છે. જે, ખોરશેદને અસ્ત પામેઆ પછી, સઘલી તનોમદ દુનીઆને, ઉઠાવેલાં હથીઆરે કરી, (દેવોથી) જાલવેચ. અને ક્ષ્મેદાને તોડનારા દેવોની સાથે, સઘલા દાહડા અને રાત લડાઇ કરેચ. જેમાં તે પોતે, ઘણા દેવોના ડરથી બીહતો અને નીરાસ થતો નથી; પણ તેહનાથી, ઘણાએક દેવો નીરાસ થાઇ, બીહીને નમેચ, અને ડરીને અંધારાંમાં નાહસી જાએચ.

વાથી પાછા રેહવાએ, અને ગુનાહ કરવામાં આગલ વધવાએછે; અને તેથી આદમીઓને યજદોથી નેકીનું મલવું બંધ થાએચ, તથા તેઓને પાક ઓદાએતાલાની (ઉપલી નેક) ઇચ્છા જણાતી નથી. કેમકે આદમીને ગુનાહ કરવાથી દુર રેહવાએ, અને સવાબ કરવામાં આગલ વધવાએ; તરેહવાર રીતની પાકીના રસ્તા, અને ફરાગતના મારગ, (ખોલ્લા) હોવાથી, યજદો દેવોને ઘણી ઇજા દેવા સાથે, આલંમને ઘણી આબાદી પોહચાડનારા થાએચ. ઘણુંકરીને યજદોની વધારે ફતેહથી, તથા લોકોની તરફની સારી હકુમત, (ઇઆને રવાંનને લગતી સારી હીલચાલ) થી, તથા ભલી દીનને લગતી સહમજ, ધરમને લગતા શુધારા અને ખોદાને લગતા સંબંધે કરી, આદમીને મુરાદ મુજબની જીંદગી, અને (બદીથી) છુટકારો મલેછ. દેવોનું (આએ દુનીઆમાં) આવ્વું, જેમ બને તેમ લોકોને ઠગવા, અને (તેઓને) ગુનાહમા આગલ વધારવાથી, તરેહવાર રીતે આલમને હલાક કરવાના સબબો ઉતપન કરવા સારૂંછે. કારણ કે જ્યારે દુનીઆંમાં બેહદ લોકો સવાબ કરવાથી પાછાં રેહચ અને ગુનાહ કરવામા આગલ વધેચ, તેઆરે દેવોની આમદરફતનો (આએ દુનીઆંમાં) ઘણો વધારો થાએચ, અને તેને લીધે, યજદોની તરફથી દુનીઆંનાં લોકોને આબાદી પોહચવાને માટેનો મારગ વધારે રેહતો નથી; અને લોકો જોલમ, અથરાંમણી, દીનને લગતા અંધાપા, બેહરપણ, બેદ દીઆંનત, બુરી સહમજ અને અનીતીએ કરી ઘણાં ફુખમાં અને પરેશાંન રેહચ. અને (તેથી) માંણસોને ઘણી સંકટ, મેહનત અને સખતી પોહચેચ. માંટે તેહવા વખતની અંદર, કોઇબી શખ્સે, ગુનાહમા આગલ વધનારા અને સવાબથી પાછા રેહનારા સઘલા લોકોમાં, ગુનાહથી પાછા ફરવાનું અને સવાબમા આગલ વધવાનું, ભાષાંણ કરવું; અને તેમાં, (માંણસોને) ગુનાહમાં આગલ વધવાએ અને સવાબથી પાછાં રેહવાએ, દેવોની (આએ દુનીઆંમાં) ઘણી આમદરફત હોવાથી, યજદો (ને આએ દુનીઆંમાં આવ્વા) નો મારગ બંધ થાએચ તે સબબથી, યજદોની તરફથી (લોકોને) સુખાકારી મલવાનો રસ્તો (ઇઆને ઉપાએ) રેહતો નથી, તે વીસેનું વરણન કરવું. અને તેથી યજદાંની તરફથી (લોકોના) ફરાગત ભરેલા બચાવ નહી થવાનું અને (તેઓને) નેકી નહી મલવાનું કારણ સહમજાવ્વું. કે તે શખ્સનાં તેવાં ભાષાંણને લીધે, બેહદ લોકોને નેકીનું પોહચવું થાએ; તથા લોકોને ગુનાહથી પાછાં રેહવાએ, અને સવાબમા આગલ વધવાએ, યજદાંને

લગતી આખેરશની ફતેહને સબબ મલે. આદમીઓને જે કાંઈ હદથી જીઆદા નેકીછે, તે (તેઓને) બેહદ રીતે ગુનાહથી પાછાં રેહવાની, અને સવાબમાં આગલ વધવાની અંદર છે. માંટે (આદમીઓને) સવાબથી પાછાં રેહવા અને ગુનાહમા આગલ વધવા વીસેનો બોધ આપનારો શખ્સ (તેઓમાં) ઘણો ભયંકારછે; (કારણ કે) તે શખ્સની ઉપર દેવોની હકુમત હોવાને લીધે, (ઇઆને દેવ સકતીઓને તે તાએબે હોવાથી), બેહદ લોકોની અંદર તે સવાબનો અટકાવ કરનાર, અને ગુનાહને વધારનાર તથા યજદાંની ખોરેહ (ઇઆને કીરતી) નો નાસ કરાવનારછે. અને તે સવાબથી પાછા રાખવાનો તથા ગુનાહમાં આગલ વધવાનો (આદમીઓને) બોધ કરનાર, બેહદ લોકોને હલાકી તથા નોકસાનની અંદર લાવવા માંટેની ધાસ્તીનું ખરેખરૂં કારણછે. જેમ આદમીનાં બદનની બીમારીના વગર એલાજથી, તેહનાં સઘલાં સરીરને બીમાર થવાની ધાસતી રેહય, અને વલી (તેહનો) ઉપાએ નહી થવાએ, (મરજનો) વધારો થવાથી, જલદીથી તે આદમી મરણ પાંમેય,*તેમ (જો માંણસોને ગુનાહ કરવાથી અટકાવી તેઓને સવાબ કરૂવા સારૂં નહી ચલાવેઆમાં આવેતો તેથી, તેઓનો આતમા મોતમંદ, ઇઆને દોજખનું સંકટ હમેશાં ભોગવનારો થાએય.)



૧ (૧૪) દરએક કાંમને વાસ્તેના ચહડતા વીચાર, વચને અને કરણીના સબબ તરીકે, પવીત્તર વીચાર (ઇઆને મજદીઅસની દીનનું ગણુઆંણ) છે, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાંણવું કે, (માણુસ પોતે) પોતાના સઘલાં કાંમ અને ચાલચલણની મારફતે પેહલ્લી દુનીઆંને લગતા વીચારવાલું, તથા તે (બુજોરગ દુનીઆં) ને લાએકનું, સઘલા પવીતર વીચાર (ઇઆને મજદીઅસની દીનનાં ફરમાંનો) ઉપર, એકીન રાખવાથી થાએય. અને દીન ઉપર એોસ્તવાર રેહવાને લીધે, તે (આદમી), ચહડતે દરજ્જેના ગુનાહનો પસતાવો કરી સકેય; પણ જે (આદમી) નો વીચાર દીન ઉપર એોસ્તવાર નહી હોએ, અને તે જણાંને ફરી ઘણુંએ પડે, તથા કાંમની મારફતે ઘણું કરી બતલાવે, તો

તેથી (તેહનું કાંમ) દીનની સરત પરમાણેનું નહી ગણાએ.* વલી (માણસ પોતાની) જબાંન અને કરણીની મારફતે નાંખલાંમે નાખલા ગુનાહનો પસ્તાવો કરે, અને તેહનું મન જો માફી મેલવ્વાને લગતું નહી હોએ તો, તે (આદમી પોતાના પાપનું) નીવારંણ કરનાર નથી, (એટલે જે તેહનો ગુનાહ માફ થાઈ સકતો નથી). માટે દુનીઆંને લગતા ઈનસાફની અંદર, આએ દુનીઆના નીઆધીસોએ, તેહવાં (આદમી) ના બોલવા ઉપર (બરોસો રાખીને), ચુકાદો કરવો નહી, (ઈઆને તેહવા શખસની સાક્ષીને કસ્સું વર્જન આપવું નહી). કારણ કે (જેમ) મોબદાંન મોબદ† ના ફતવાનું

---

* મજદીઅસની દીન ઉપર એતેકાદ લાવ્વાથીજ માંણસના ગુનાહનું નીવારણ થાએસ, અને તેહને સવાબ હાંસેલ થાએસ, તે વાતેનું ફરમાંન વંદીદાદની તરીજ પરગરદના ૪૦ માં ફકરાના પાક અવસ્તામાં, નીચે લખી જણાવેઆ મુજબ આવેલુછે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

જો કશુ (કોઈ શખસ), મજદીઅસની દીન(ની નસીહત) ને નહી સાંભલનારો અને તે ઉપર નહી એતેકાદ રાખનારો હોએ, અને પછી જો તે મજદીઅસની દીન (ની નસીહત) ને સાંભલનારો તથા તે ઉપર એતેકાદ રાખનારો થાએતો, તે મજદીઅસની દીન ઉપર એતેકાદ લાવનારાઓના આએ (ઈઆને નીચે જણાવેલા) ગુનાહોનું નીવારણું, તે (દીનને લગતા એતેકાદ) થી હેવી શરતે થાએ કે, તેઓ જો તે પછી, (બીજાં) અનીતીનાં કાંમો નહી કરે.

† મોબદાંન મોબદ–તે પાદશાહ ગુશતાસ્પની હકુમતના વખતથી ઈરાંનનું રાજ ચલાવનારા જરતોશતી પાદશાહો, જરતોશતી દીનની શરીઅત પરમાંણે ઈનસાફ કરવાનો ફતવો મેલવ્વા સારું, પોતાની દરબાર ખાતે જે ફોજ દસતુરને વડા દસતુરની તથા પોતાના ખાસ રેહનોમા તરીકેની પદવી આપતા હતા, તેહને કેહછે. જેમકે 'કારનાંમે અરથશતર પાપકાંન' ની અંદર અરદવાંનની બેટી જે પાદશાહ અરદેશેરની બાંનું હતી, તેણીએ પાદશાહ અરદેશેરને શરબતની અંદર ઝેહર આપીઉં હતું, તેણીને શજા કરવા સારુ અરદેશેરે મોબદાંન મોબદને જરતોશતી ધરમનું ફરમાંન પુછીઉં હતું, તે વીસેની જીકર નીચે જણાવેઆ મુજબ આવેલીછે.

[illegible]

[illegible]

[illegible]

તેજ વખતે અરદેશેરે મોબદાંન મોબદને પોતાની આગલ બોલાવેઓ, અને પુછીઉં કે, ઓ બલી દીન વાલાના સરદાર, જે કોઈ પોતાના સાહેબનો જીવ લેવાની કુશેશ કરે તેહને વીસે તારું શું મતછે? અને તેહને શું કરવું? મોબદાંન મોબદે

સહીંપણું, (એ તેહને લગતા ધરમના) વીચાર ઉપરથીછે; અને (તેહના) વીચારનું (નીઆધીસને) સારી રીતે જણાવું, (એ તેહના) બોલવાથીછે. તેમ (આદમીને) સવાબના બદલાવાલાં કાંમનો સંબંધ, પાક ખોદાએતાલાની તરફની વસ્તુથી (ઇઆને તે ખોદાવંદતાલાની તરફથી મોકલેલા મજહબની ઉપર એકીન રાખીને તેના ફરમાન પરમાણે ચાલવાથી) છે. જેમ મનને લગતો આપ (ઇઆને વીચારનું જાહેર કરવું), એ જબાંને કરી બોલવાએછે; તેમ નેક બદલાને લાએકના (આદમી) ને, નેક બદલાનું મેલવવું (દીનને લગતાં અંતકરણથી) છે. માટે જો (આદમીની) કરણી, તેહની, (ઇઆને ધરમને લગતા વીચારની) સાથે વલગેલી નહી હોએતો, તેથી, આવતી દુનીઆંને લગતો નેક બદલો તેહને મલતો નથી.



૧ (૧૪) જીંદગી ગુજારવાના વખત વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાણવું કે, (આએ દુનીઆંમાં માંણસે પોતાની) જીંદગીનો વખત સારી રીતે ગુજારવો, એ અકલને લગતા ગુણોની મારફતે પોતાને ચલાવવાથીછે. તેહમાં જે આગમબુદ્ધિવાલું (માંણસ) છે, તે, કેહવી રીતના

(દુઆ સાથે) કહીઇં કે, તું જીવતો રેહેજે! જે કોઈ જાણીબુજીને પોતાના માલેકનો જીવ લેવાની કુશેશ કરે તે મરગરજાંનને કાપી નાખવો ઘટારતછે.

ઉપલી બીનાને લગતું વરણન ફીરદોસીનાં શાહનામાંની અંદર આએ રીતે આવેલુંછે.

بفرمود تا موبد و کدخدای بیامد بر خسرو پاک رای
ز دستور ایران بپرسید شاه که بدخواه را گر نشانی بگاه
شود در نوازش بدینگونه مست که بیهوده یازد بجان تو دست
چو باد افره است آن بر آورده را چه سازیم درمان خود کرده را
چنین داد پاسخ که مهتر براست چه یازد بجان جهاندار دست
سر بیگناهش بباید برید کسی پند گوید نباید شنید

પાદશાહ અરદેશીરે ફરમાવીઉં તેથી મોબદ તેહની આગલ આવેઓ, તે ઈરાંનના દસ્તુરને પાદશાહે સવાલ કીધો કે, જો એક બદખાહને તું એ તખત ઉપર બેસારેઓ હોએ, અને તેહવી નવાજેશથી તે બેપરવા બનીને તારો જીવ લેવાની વગર દાહપણની કુશેશ કરે તો, તેહને (દીનની રાહે) શું સજાછે? અને તે કમિનો ઉપાએ શું કરીએ? મોબદે તેહનો ઉતર વાલેઓ કે, જે કોઈ પાદશાહનો જાન લેવાની કુશેશ કરે, તેનો (ગુનાહ) ઘણો મોહટોછે, માટે તે ગુનાહના બદલામાં કોઈની સીખાંમન સાંભલેઆ વગર તેહનું માથું કાપવું જોઇએ.

ગુણો ચહડતે દરજ્જેની હાલતને લગતાછે, તેહુને પીછાંનેય; અને પેદાએસને પેદા કરનાર (ખોદાએતાલા) ના બંદોબસ્ત (ઇઆને ધારા) થી, પોતાની જાતને ભરપુર કરી, તેહુને લગતી મુખ્ય અકલના ગુણોએ, દરએક વખતની સહમજને મેલવેય, (એટલેજે કીહા વખતમાં કીહું કાંમ કરવું, તે સહમજી સકેય). ચહડતી હાલત*ની અંદર, ભલી પેદાએશ તરીકે રેહવા અને (આવતી દુનીઆંનું) સુખ મેલવ્વા સારૂ, માંણસનો વખત તરેહવાર રીતનાં મોહટપણથી ગુજરેઆમાં આવેય. અને ઉતરતી હાલત*ની અંદર, તેહુને ભલી પેદાએસ તરીકે રેહુવા અને સુખ મેલવ્વા સારૂં, તેહનો વખત ઘણીએક તરેહની હલકાઇથી ગુજરેઆમાં આવેછે. (આએ) બે તરેહનાં વખતની અંદર, માંણસને સારી રીતે ચલાવ્વાને માટેનું કાંમ કરાવનારા, બે રીતના ગુણોછે. (તેમાં) જે ગુણો ચહડતી હાલતની અંદર (માંણસને) ચલાવ્વા, તથા વખતને સારી રીતે ગુજારવાને માટેના અને ફાએદો કરનારાં કાંમોને લગતાછે, તેઓથી માંણસ પોતાની સારી કીરતી, રવાંનને લગતી નેકી, અને (પોતાના આતમાના) છુટકારાની તરફ ધેઆંન આપનારૂં, આએ તરેહથી, (એટલેજે નીચે લખી જણાવેલી રીતે), થાઇ સકે. જેમકે તે, (ઇઆને આદમી), લોભ વગરની લીઆકતે, (ઇઆને કોઇની તરફ લાએકી બતલાવ્વામાં મતલબ નહી રાખવાએ); ગોસ્સા વગરના આબેરૂને લગતા ઉપાએ, (ઇઆને આવતી દુનીઆંને લગતું સારૂં કાંમ કરવાથી કંટાલો નહી ખાવાએ); મતલબ વગરની હીલચાલે, (ઇઆને વગર સવારથનું કાંમ કરવે); બુરા હવસ વગરના ઉદ્દીઓગે; ધરમને લગતાં બેહુરપણ વગરની પરહેજગારીએ, (ઇઆને મજહબનાં ફરમાંન ઉપર ધેઆંન આપી ગુનાહથી દુર રેહુવાએ); નાપાએદાર સુખ વગરનાં સુખે, (ઇઆને બદકારીથી મલતાં સુખ વગરનાં નેક કાંમને લગતાં સુખે); નાંફરમાંની વગરની તાબેદારીએ, (ઇઆને કોઇબી રીતે પાક ખોદાએતાલાની તાબેદારીમાં કસુર નહી રાખવાએ); બખીલી વગરની સખાવતે, (ઇઆને સખાવત કરવામાં દીલ તંગ નહી રાખવાએ); પરદા વગરની સચ્ચાઇએ, (ઇઆને સાચવટની અંદર કસ્સો આંતરો રાખેઆ વગર); સુસ્તી વગરની મગર બીહુકે, (ઇઆને ખરી હીમત તથા બેદરકારીએ); ઠગાઇ વગરના ઇનસાફે, (ઇઆને અપખ્ખપાત ચુકાદાએ); મગરૂરી વગરનાં મોહટાંમને; બુરી

---

* ચહડતી હાલત તથા ઉતરતી હાલતનો અર્થ માંણસની ચહડતી દશા, તથા પડતી દશાને સહમજવી.

ધારણા વગરની સારી મતલબે; બુરા હવસની ઇચ્છા વગરની (ઇચ્આને નેક દેઆંનતવાલી) ચાલચલણે; ઢાંકણ વગરની (ઇચ્આને વગર ઠગાઈની) ચાલાકીએ; ખરાબ વીચાર વગરની (ઇચ્આને સારાં કાંમને મારેની) હીમ્મતે; અને પાપ વગરના બીજા ગુણોએ કરી, પોતાનો ચહડતો વખત, અકલની આગેવાંની (ઇચ્આને રેહનોમાઇ) થી, સારી રીતે ગુજારે. તે આદમી, પોતાને (આએ દુનીઆંમાં), ઇજત ભરેલું તથા (પોતાની જાતને) સફાઈદાર બનાવ્વાનું, (બીનાઇ દુનીઆને સારૂ) ચહડતે દરજજેનું, અને હમેશની નાંમદારી વાલું સવાબનું જે પાએદાર કાંમછે, તેહમાં બરોબર ચલાવી સ-
3 કેચ. (એજ પરમાંણે) માંણસને તેહની ઉતરતી હાલતમાં, અકલની આગેવાંની (ઇચ્આને રેહનોમાઇ) તલે સારી રીતે વખત ગુજારવો, એ ચુગલી વગર, તપાસથી, પોતાને રાખવાએ, હાએ અફશોસ કરેઆ વગર દુઃખને સેહન કરવાએ, નોકસાંન કરવાના વીચાર વગર ચુપચુપ રેહવાએ, આલસાઈ વગરના સંતોષે, કંગાલીઅત વગરની દરવેશીએ, (ઇચ્આને સંતોષ ભરેલી ગરીબાઇથી); નજીસી (ઇચ્આને લોભ) વગરના પવીતર ખવાસવાલા સંતોષે, અપકીરતી વગરની (ઇચ્આને સારા ઉદીઓગની) આએપત મેલવ્વાએ, તથા (તેહવીજ) ખાહેશે, બખીલી વગરના વધારાએ, (ઇચ્આને દરએક બાબતમાં મોહટું દીલ બતલાવાએ), બેઅરવતાઈ વગરની શરમે, સવાબની દુરી વગરની પરહેજગારીએ, પોતાની વખાંણ કરેઆ વગરની બરદાસત કરવાની સકતીએ, હીનપસ્તી વગરની નમનતાઇએ, બુરી ધારણા વગરની સારી નીસતાએ, વેરભાવ વગરની મોહટાઇએ, સખતી વગરની કરજદારીએ, ગુનાહના સંબંધ વગરની પસંદગીએ, અને પાપ વગરના બીજા ગુણોએ કરી, અકલમંદીથી બરોબર ચલાવ્વાને લીધે, તે પોતાને ભલી પેદાએસ તરીકે બનાવનાર અને સરવેથી નાંધલા ગુનાહથી પરહેજ કરનાર થાએચ.



1 (૧૧) ચહડતે દરજજેનાં, મધ્યમ અને ઉતરતે દરજજેનાં કાંમ વીસે, ભલી દીનને લગતો ખોલાસો.



2 જાણવું કે, ભલી દીનની અંદર (ફરમાવેલાં) સઘલાં કાંમો સવાબને લગતાંછે, અને સવાબ જે છે તે, (માંણસને) નેક બનવા સારૂછે. જે લોકો (પોતાને) ચહડતે દરજજેનાં બનાવનાર તથા મોહટાં કાંમ કરનારછે, તે નેકી-

થીછે. જે કાંમ દરૂજને વધારે ટાલનારૂં અને દુનીઆંને અશોઇના ઘણા
આપવાલી કરનારૂંછે, તે મજદિયસની દીનને લગતા ચેઆર જાતના ધન-
ધાની અંદરનુંછે; તેમાં અથોરનાંનને ધનધો કરનારાઓનું સરવેથી ચહ-
ડતે દરજ્જેનું કાંમ, યજદાંની આરાધનાને પસંદ કરવાનું તથા તેહની
સહુમજ (લોકોને) આપવાનું, દીનનું ફરમાંન સહુમજાવ્વાનું, દીનને લગતો
ઝુકાદો કરવાનું અને (એ વગેરે) બીજું અથોરનાંનના ધનધાને લગતું કાંમછે.

અરથેશતારના ધનધાની અંદર ચહડતે દરજ્જેનું કાંમ, પેહલવાંનગરી, ૩
એલચીપણું, અને બીજાં રાજદરબારી કારોબારને લગતુંછે. વાસ્તરીઓ- ૪
શના ધનધાની અંદર ચહડતે દરજ્જેનું કાંમ, આતમાનું રક્ષન કરવાનું
અને બીજું ખાધખોરાકને લગતી ખેતી કરવાનુંછે. હુતુખ્શના ધન- ૫
ધાની અંદર ચહડતે દરજ્જેનું કાંમ, સારા ઉદિયોગની મારફતે પવિત્તર
(ઇઆને હલાલ મેહનતની) રોટી મેલવ્વાનું, તથા બીજા સારા ઉદિયોગને
લગતાં કાંમથી સારી કારીગરી કરવાનુંછે. તેમાં માંન ભરેલા અથોરનાંનના
ધનધાનું ગમે હેવું હલકું અને નીચું કાંમ હોએ, તોપણ તેહની આગલ,
ઉપલા તરણે ધનધાને લગતાં સઘલાં કાંમ મધ્યમ ગણાએછે. અને વેપારને
લગતું (ઇઆને હુતુખ્શના ધંધાનું) ઉતરતે દરજ્જેનું કાંમ, વાસ્તરી-
ઓશના ધંધાને લગતાં કાંમની આગલ ઘણુંજ હલકે દરજ્જેનુંછે.
તેથી (ઉપલા તરણે પેશેવરોમાં) જે કોઇ વધારે દોલતમંદ હોએ ૬
તેણે, તેહની વધારે દોલતને, (આદમી તથા ગોસ્પનદોની) પરવરશીનાં તથા
બીજા ચહડતે દરૂજ્જેના સંબંધને લગતાં નેક કાંમની અંદર વાપ-
રવી, (એટલેજે તે દોલતથી એ ઉપરાંત બીજાં પુનનાં કાંમ કરવાં).* અને

---

* વંદીદાદની ચોથી પરગરદની અંદર આવેલા નીચે લખી જણાવેલા પાક
અવસ્તામાં, ગોસ્પંદ તથા આદમીની જાલવણી તથા પરવરશી કરવાનું ફરમાંન આ-
વેલુંછે, તેહમાં તે પુનનું કાંમ કરનારને સરવેથી સરસ ભલા વીચારવાલો ગણેલોછે.

[illegible]

• જે કોઈ ગોસ્પંદની બરદાશત નહી કરે, અને તેથી તે મરણ પાંમે, તેહવાં ગો-
સ્પંદ, ઘોડા, પસુ, ઢોર અને આદમીની જે શખ્સ વૃદ્ધિ તથા જથાબંધ સંખીઆ
બનાવેચ, (ઇઆને વગર જતન તથા પરવરશીએ મરણ પાંમતાં ગોસ્પંદ તથા આ-
દમીની જતન કરીને જે કોઇ તેઓની સંખીઆને વધારેચ), તે શખ્સ, બીજા
(નેક) પુરૂષોનાં કરતાં, અતીઅંત ભલા (ઇઆને પુનને લગતા) વીચાર વાલોછે.

જે જગોએ ગોસ્પનદો તથા આદમીઓ જેટલાં રેહી સકે તેથી વધારે હોએ તો, તે આદમીઓ તથા ગોસ્પનદોને ઘટતી રીતે ખીલતાં રાખવા, તથા તેઓને સુખચેનથી રેહવા, અને વાજબી રીતે વસવા વાપરવા સારૂં, (બીજી) લાએક જગો ખરીદવી. અને જાંહાં આદમીઓ તથા ગોસપનદોનું રેહઠાંણ હોએ, પણ તાંહાં તે (આદમી) ઓને રેહવાથી તથા (ગોસ્પનદોને) રાખવાથી તેઓની વસ્તી અને ઓલાદનો ઘટારો થતો હોએ તો, તે જગોને ઘટતી કીમતે વેચી નાખવી, અને (તેહને બદલે) બીજી જગોને ખરી કીમતે વેચાતી લેવી. સા સબબથી કે તેહને લીધે ગોસ્પનદો તથા આદમીઓને ઘણી મદદ મલે, તથા લોકોમાં એક બીજાને કઉઅત આપવાનું કાંમ ચાલું રેહવાથી દુનીઆંનો વધારો થાએ. (માણસને) સારી હાલતની અંદર (રેહવાથી), આએ (ઇઆને નીચે જણાવેલા) પરમાંણે, બે તરેહની હાંસેલ થાએચ; તેહમાં (એક હાંસેલ) તેહને સારૂં (હવે પછી આવનારી) બુલંદ દુનીઆંનાં વધારે ફાએદેમંદ ધનધાને લગતું કાંમ કરવાની (ઇઆને સવાબકારીની) છે, અને (બીજી હાંસેલ) પોતાના ગુજરાંણને લગતી રોટી મેલવવાનીછે. જે (આદમી) ધરમ પરમાંણે ચાલનારૂછે, તેહને, તેહની પોતાની પરવરથી કરવા સાથે દીનનાં ફરમાંન મુજબનાં કાંમ કરવાનું ભલી દીનનું ફરમાંનછે.

૭ વલી આએ ઉપલાં કાંમથી ઉતરતે અને હલકે દરજજેનાં જે કાંઇ
કાંમોછે, તે ખેડુતને લગતા ધનધાની અંદરના વાજબી કાંમથી, નેકીના
સંબંધ સાથે (ઇઆને સસતી કીમતે લોકોને અનાજ વેચી), ભલી રોટી
મેલવ્વા, અને સારી (ઇઆને સવાબ કરી ભરેલી) જીંદગી ગુજારવા વીસેનાંછે.
અને તેથી અથોરનાંન, અરથેશતાર અને હુતોખશના ધનધાનું કાએદાસર
૮ ચાલતુંછે. (પણ એથી ઉલટુ) જે કોઇ, પોતાને સારૂં બુરાઇના સંબં-
ધવાલો સામાંન ખરીદે, અને પોતાનાં દેશમાં આદમીઓને રેહવા તથા
ગોસ્પનદોને રાખવા સારૂં નારાજી બતલાવે, અને અનાજ ઉગાડવાને મા-
ટે ઘણી કસુર ભરેલો હોએ, અને તેથી બેહદ લોકોને (ખાધખોરાકનો)
વાખો તથા તંગી પડે, અને તેહના સંબંધને લીધે સઘલાં આદમી તથા
ગોસપનદો બીમાર અને જખમી થાએતો, હેવી રીતે ખોદાના બંદાઓને
ઇજા દેવાએ, તે શખશ કુફર તરીકે (ઇઆને ખોદાની તાબેદારીમાંથી બાહેર
ગએલો) ગણાએચ. કારણ કે તે, (ખાધખોરાકની) તંગીથી દુનીઆંને
ખરાબ કરવાએ, અને ખોદાનાં તાબેદાર ઇનસાંનોને તેથી નોકસાંન પો-
હચાડવાએ, નેકીથી રદ થાએલો અને પેલા (નેકીનો) ઘટારો કરનાર (અંધ-

મેનીઉશ) ના સંબંધમાં પોતાને રાખનારોછે. અને હેવો શખ્સ ભલી દીનને લગતા ઉપાએ છતાં ઘણોજ પાપીછે. (ઇઆને ભલી દીનની અંદર ફરમાવેલાં ગુનાહને લગતાં નીવારણો તેહને કારગત લાગતાં નથી.)

---

(૪૦) જે સવાબ, ભલી દીનવાલો શખસ, બુરી દીનવાલા†થી કબુલે અને કરે, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

એ, કણુ કોઈબી દીવસે કોઈ બુરી દીનવાલો (ઇઆને મજદીઅસની ૨
દીનને છોડી દેઈ ઉલટે મારગે ચાલનારો શખશ), પાછો (ભલી દીન ઉપર

---

† આએ જગોએ બુરી દીનવાલાનો અરથ ભલી દીનવાલાથી ઉલટી ચાલચલણવાલાનો સહમજવો. અને તેહમાં આપણથી જુદો ધરમ પાલનાર શખ્શને ગણવો નહી, પણ જે શખ્સ ભલી દીનનો હોએ અને તે પોતાનો ખોદાઈ નીતીવાલો મજદાંપરસ્તી ધરમ તરક કરી, શેતાંની અનીતીના દેવપરસ્ત મારગ ઉપર ચાલતો હોએ તેહને ગણવો. કારણકે વંદીદાદની ૧૮ મી પરગારદમાં એક મજદીઅસની દીનવાલો તરણ વરસ્પેર સુદરેહ કુસ્તી કાહાડીનાંખીને ફરે, ગાથા વાંચી નહી પઢે અને પાક પાણીથી ગોસલ ઉતારીને ખોદાતાલાની બંદગી નહી કરે, તેહને બુરી દીન (ઇઆને ગુનાહ ભરેલી ચાલચલણ) બતલાવનારો કહેલોછે, અને તે વીસેનું બએઆંન પાક અવસ્તામાં નીચે જણાવેઆ પરમાણે આવેલુ છે.

[illegible]

પુછીદું જરતોશતે અહુરમજદને કે, ઓ ગેબી વુહિના કરનાર, તથા તનોમંદ (ઇઆને બદન વાલી) દુનીઆને પેદાના કરનાર અશો અહુરમજદ ! નોકસાંનકારક તથા મોત ભરેલો (ઇઆને ઇજા કરવાને લાએકનો તથા મોતની સજા ભોગવવાને યોગીઅ) કોણછે ? તેહનો અહુરમજદે જવાબ દીધો કે, ઓ સ્પિતમાંન જરતોશત ! જે કોઈ તરણ વરસ પેર શુદરે કુસ્તી નહી રાખે, ગાથાનું ગાએન નહી કરે (ઇઆને ગાથાં વાંચી નહી પઢે) અને ભલાં (ઇઆને ગુનગારાં) પાંણીઓની વખાંન નહી કરે તે. તે (દોજખનાં) સંકટમાં ગીરફતાર થાએલા પુરષને, તેહમાંથી, મારો જે કોઈ પુરષ બાહેર કાહાડે,*ઇઆને (મજદીઅસની દીનની રાહે તેહનાં ગુનાહનું નીવારણ કરનારાં કાંમની મારફતે) તેહને પાછી ફરાગત આપે, (એટલેકે પેહશતને લગતાં શુખની હાલતમાં તેહને લાવે), તો તેમ કરવાથી તે શખ્સ, તેહનાં માથાંની આમલી કાપી નાખે, તેહના કરતાં ઓછું ભલું કાંમ નથી કરતો.

ઈમાન લાવી), પુણને માંટેનો અતીશય વીચાર રાખીને, પોતાની બુરી દીન- (ઈમાને ઉલટી ચાલચલણ) ને લગતો (પસ્ચાતાપનો) વીચાર, (જરતોશતી દીનના) સાચ્ચા વીચાર, સાચ્ચા વચન અને સાચ્ચાં કાંમવાલા સરદાર (ઈમાને દશાતુરાંન દશાતુર) ની હજુરમાં જાહેર કરે, અને (તેહને સારૂં) ગાથા ગાવાની અને ગેબી સવાબની મદદ આપવાની, (તે દશાતુરને) અરજ કરે તો, તે બદબખ્ત પાપીનાં રવાંનને સારૂં, તે બુરી દીનના પાસેથી દાંમ લેઈને, ગાથાનું ગામેન, અને બને તેટલાં બીજાં સવાબનાં
3 કાંમ, કરવાં સારાંછે. જેમ એક બીમારી વાલાં તનદરૂસ્તીને માંટે ઉમેદવાર આદમીને દવા આપવી ઘટતીછે, તેમ તે ભલી દીન ઉપર શોક બતલાવનાર બુરી દીનવાલા પાપીનાં, સવાબનાં કારણસર ઉમેદવાર થાએલાં રવાંનને સારૂં, (તેહની) જીનદગીમાં (સવાબનું) કાંમ કરવું, તથા તે સવાબની મારફતે તે બુરી દીનવાલાનાં રવાંનનો દોજખથી છુટકારો કરવો, એ ફાએદાસરછે. કારણ કે તે (બુરી દીનવાલો) બદબખ્ત, મરણ પામીને દોજખમાં પડે તેઆર પછી, તેહના રવાંનને સારૂં સવાબ કરવું, એ તેહને મદદ કરનારો નથી; અને તેહને લગતા કોઈબી સવાબે દોજખમાંથી તેહનો છુટકારો થવાનો નથી. જેમ મુએલાં શરીરની અંદર દવાઈ નાંખવાથી, તેહને તે (દવાઈ) કસ્સી મદદ કરતી નથી, અને તે બદનને, દવાઈ નકાંમી થવાના સબબથી, તેહનો નાસ થાએછે; તેમ ગાથાનાં ગામેનની આરાધના તે દેવપરસ્તને સારૂ (તેહના મુઆપછી નકાંમી) છે.



૧ (૫૧) મરદોની અંદરના અતીશય ભલા, વધારે ભલા, અને ભલા શખ્શ વીશે, તથા બુરાઓની અંદરના અતીશય બુરા, વધારે બુરા અને બુરા શખ્શ વીશે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાંણવું કે, જે કોઈ શખ્સ દુનીઆંમાં આબાદી આપવાના ખવાસ અને કાંમવાલો, તથા દુનીઆંમાં બેમરગી આપવાની ખાસીઅત અને કાંમ વાલો (હોએ), તે સોસીઓષના ખવાસ અને કાંમને ઘણોજ મલતો, તથા મરદોની અંદર સરવેથી સરસ, અને ભલાઈમાં સરવેથી મહડતે દરજેનોછે. અને જેહનો ખવાસ અને કાંમ તે, (ઈમાને ઉપર જણાવેલા) શખ્સનાં

કાંમને મદદ કરનારૂં છે, તે શખ્સ ભલાઈમાં તેથી ઉતરતે દરજ્જેનોછે. અને જેહનો ખવાસ તથા કાંમ ઉપર જણાવેલા (બંધે) શખ્સના ખવાસ અને કામની સાંમણે થવાનું નથી, તે (ઉપર જણાવેલા બીજા શખ્સનાં કરતાં) ભલાઈમા ઉતરતે દરજ્જેનોછે.

જે કોઈ દુનીઆંમા ઘટાંરો કરવાની ખાસીઅત ધરાવનારો અને કાંમ ૩
કરનારોછે, તે મોહાકના ખવાસનાં કાંમવાલોછે, અને જે કોઈ દુનીઆંમાં મોહત લાવ્વાના ખવાસ અને કાંમવાલોછે, તે મલકુસ * ના ખવાસ અને કાંમ ને ઘણો મલતોછે, અને તે બુરાઓની અંદર બુરાઈમાં સરવેથી સરસ દરજ્જો ધરાવનારોછે. અને જે કોઈ તે શખ્સના ખવાસ અને કાંમને મદદ કરનારોછે તે વધારે બુરાઈની અંદર તેહનીથી ઉતરતે દરજ્જેનોછે. અને જેનો ખવાસ તથા કાંમ ઉપર જણાવેલા બુરા શખ્સના ખવાસ અને કાંમની સાંહાંમણે થવાનો નથી, તે બુરાઈમાં (બીજાનાં કરતાં) ઉતરતે દરજ્જેનોછે.

---

(૪૧) ઓરતોમાંની પસંદ કરવા જોગ તથા તરક કરવા જોગ ઓરત વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧

જે કોઈ ભલી દીનવાલો શખ્સ, આએ (ઇઆને ઉપર જણાવેલી) ૨
બાબત ઉપર ધેઆન આપનારો હોએ, તેહને જે પસંદ કરવા જોગ અને તરક કરવાજોગું ચાલમલણ વાલી ઓરતોછે, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો જણાવેઆમાં આવેછે. (જાણવું કે), અગત કરીને ઓરતો, આએ (ઇ- ૩
આને નીચે લખી જણાવેલી) ચેઆર પરકારની હોએછે, (તેમાં એક) સારી તેમ માઠી, (બીજી) માઠી નહી ને સારી, (તરીજી) સારી નહી ને માઠી; અને (ચોથી) નહી સારી તેમ નહી માઠી; તેમાંથી જે ઓરત ખરાબ નહી હોએ અને નેક હોએ તેણીને ઘરનો કારોબાર ચલાવ્વા સારૂં, તથા ઘરધણીને

---

* મલકુસ—એ નામ આએ દુનીઆંની અંદર દુનીઆના મોહટા ભાગને ખરાબ કરનારો જે વરસાદ વરસવા વીસે અશો અહુરમજદે પાદશાહ જમશેદને આગમચેતી આપી હતી અને તેહને સારૂં જમશેદ પાદશાહે 'વરજમકરદ' નામની એક જગા ઉપલાં આફત વરસાવનારા વરસાદથી માંણસો, જાનવરો અને જાહડ પાંનનો બચાવ કરવાની નેમથી બાંધી હતી, તે વરસાદને આપેઆમાં આવેલુછે. (જુઓ વંદીદાદની બીજી પરગરદનો ૪૬ થી ૬૦ મો ફેકરો તથા પાજંદ મીનોખેરદની ૨૭ મી પુરસેશ.)

શુખ અને આરાંમ આપવા સારૂં પસંદ કરવી. અને તેણીથી પોતાને વગર દુ:ખે રાખવા સારૂં, જે નેક અને બદ (હોએ) તેહને મેલવવી (ઇઆ-ને પસંદ કરવી) નહી, અને પેલી ઉપર જણાવેલી બે તરાંહની ઓરતોમાં-ની નહી શારી તેમ નહી બુરીના કરતાં જે શારી નહી ને બુરી હોએ તે-ણીને પસંદ કરવાથી જરૂર દુર રેહવું.



૧ (૪૪) પેદાના કરનાર અહુરમજદની આએ દુનીઆંને લગતી પેદાએશે (પોતાને આએ દુનીઆંમા કેમ) ચલાવવું ? તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાંણવું, કે દાદાર અહુરમજદની આએ દુનીઆંને લગતી પેદાએ-
શની ચાલચલણ, (સ્પન્તોમઇનીઉશ અને અંગ્રમઇનીઉશને લગતી) બે સ-
કતીની મારફતે ભેલસેલ વીચારની અંદરછે; માટે તે બેમાંની એક (સ્પ-
ન્તોમઇનીઉશને લગતી) પસંદ કરવા જોગ મનના જોસ્સા અને પસંદ કરવા
૩ જોગ ઇચ્છાએ કરી (આએ દુનીઆંમાં માણસે) પોતાને ચલાવવું. (આએ)
બે (સકતી)-ની અંદરથી, પસંદ કરવાજોગ મનના જોસ્સાએ કરી, (માણસે
પોતાને) ચલાવવું, એ (તેહનાં) બદનની અંદરના, હયાતીને લગતી કઉઅત
ધરાવનારા સાચ્ચા અથ્યો † થી બની સકેછે. એને તે અથ્યોની મા-
રફતે પોતાને ચલાવવાથી, લોકો એબ આપનાર (એહરેમનને) ટોડવાએ
ફરોહન્તને માટેનો સંબંધ મેલવેય. અને પસંદ કરવા જોગ ઇચ્છાએ
કરી પોતાને ચલાવવાએ માંણસ બેમરગ અને બુજોર સકતીવાલા વીચાર,
વચન અને કાંમને સારૂં શુધરેલું બનેય, અને સારા વીચાર, સારા વચન
અને સારા કાંમની મારફતે અશોઇનો વધારો કરેય, દરૂજને જાંખો પા-
ડેય, એબ આપનારા (અંગ્રમઇનીઉશ) ને તોડેય અને લોકોને ફાએદો
૪ કરેય. જો કોઇ શખ્સ (આએ ઉપર જણાવેલી) બે, (આદમીઓને) તાએ-
બામાં રાખનારી સકતીઓમાંની, પસંદ કરવા જોગ મનના જોસાએ ચ-

† સાચ્ચા અથ્યો—તે પાક ખોદાતાલાની તરફથી રવાંનને લગતી ૧૧ સ-
કતીઓ જે રવાંનના ફોજતવાલા મદદગાર તરીકે ગણાએય, તેહને સમજવા. (જુઓ એ વીસે 'દીનકર્દ' કેતાબનાં ૧ લાં દફતરના ગુજરાતી તથા ઇંગરેજી તરજુમાંને ૪૨ તથા ૪૪ મે સફે આપેલી નોટ.)

લાવ્વાને માટેની સકતીએ કરી, આલમને ચલાવીને, તેહુને ફરશોકરન્તને લગતા
સંબંધ વાલી કરે, અને તેમજ મેનરગી અને ગુન્નેરગીને લગતી પસંદ
કરવાજોગ ઇચ્છાએ ચલાવાની સકતીની મારફતે, લોકોને ચલાવી, બલી દી-
નની તથા સારી હકુમતની કઉઅત, સઘલા હુમત, હુખ્ત અને હુવરશતની
ઇચ્છાથી કાંમ કરનારા દેશીઓને પોંહુચાડે, તથા અશોઇનો પુરતો વધારો
કરે, દરૂજને પુરેપુરો નાંબો કરે, અને એબ આપનાર (હેરેમન) ને ટાલે,
અને ઇજા આપવાથી (તેહુને) ઘટાડે, તથા લોકોને બલાઇની મારફતે સ-
ફાઇદાર બનાવે; તો તે શખ્સ (આલમને) સઘલી નેકીને સારૂં શુધાર-
નારો અને પેદાના કરનાર (અશો અહુરમજદ) ની અગમબુધીના વીચાર
વાલોછે. (પણ) જે ધરમગુરૂઓ, સઘલા લોકોને તકસીરવાર કરવા (સારૂં), ૫
આબેરશના ધટારાને લગતા મનના જોસ્સા અને ઇચ્છાએ ચલાવનારાછે,
તેઓ તે (કાંમ) થી, પોતાને હુમેશનાં બંદીવાંન કરનારા, અને દોજખી બ-
નાવનારાછે. માટે તેઓનો મજહબ, જો (લોકોને) બુરી રીતે ચલાવ્વા
સાથે, ચહડતે દરજ્જાના ધરમ તરીકે (લોકોની અંદર) કેહુવાતો હોએતો, ત
તેમ નહી કેહુવાએ તેહુમાં અગમબુધિ (ઇઆને દાહપણ) છે.

(૭૯) આસમાંનની અંદરની (પેદાએશ) વીશે બલી ૧
દીનને લગતો ખોલાશો.



દીનની રાહે એમ જણાવેલુંછે કે, આએ દુનીઆંની (પેદાએશ) થી ૨
પેહલ્લી; આસમાંની (ઇઆને મીનોઇ જેહાનને લગતી) પેદાએશછે.
જેમ ઇંડાંની અંદરથી પક્ષી પેદા થાએચ, તેમ આએ દુનીઆંને
લગતી, તથા બીજી પેદાએશ પેદા થાએલીછે. અને જેમ ઇંડું
પક્ષીની ઉપર હોએચ, તેમ સઘલી પેદાએશની આસપાસ આસ-
માંનછે. આસમાંનની અંદર તરણ તરેહનાં મકાંનછે; તેમાં એક
મુતલક અંધારાં વગર, રોશનીવાલું, બીલકુલ બુરાઇ વગર બલાઇ સા-
થનું, અને કાંઇપણ દુઃખ વગર, ખુસીવાલું મકાનછે; અને તેમા ઘણું
ચહડતે દરજ્જેનું મકાંનછે તેહુનું નાંમ ગરોથમાંન બેહશતછે, અને તેમાં જે
શરવેથી સરસ જગોછે, તાંહાં પેદાના કરનાર અહુરમજદનું, અમેશાસ્પ-
ન્દોનું અને બીજા ઇજદો તથા (આએ દુનીઆંમા) વગર જણુમ લીધેલી

ફ્રીરોહરો અને રોશન સેતારાઓનું મકાંનછે; અને તે (મકાંન) એબ
૩ આપનાર (ઓહરમજ્દ) થી નીરમલછે. બીજું મુતલક રોશની વગર, અં-
ધારૂં, કાંઇપણ ભલાઈ વગર, બુરાઈવાલું અને કોઈપણ તરેહની ખુશી વગર, દુ:ખવાલું, અંધારાં (દોજખનું) મકાંનછે; તેહમાં સરવેથી ઉતરતે દરજેનું ઠેકાધરીઆવાલું મકાંન અંગ્રમેનીઉશ, તથા કાએદાને તોડનારા (દેવો) અને બીજા આલમનું પાલંણ કરવાની આડે આવનારાઓનું છે.
૪ (તરીજું આએ દુનીઆંને લગતું મકાંન બેહશત અને દોજખની વચ્ચે-
નુંછે. અને તે રોશની તથા અંધારાંવાલું, ભલાઈ તથા બુરાઈ સાથનું અને સુખ તથા દુ:ખવાલુંછે; અને તેહમાં†) જેઓ સંતોષ, (આવતી દુનીઆને લગતો) અહુડતો દરજ્જો અને ઉદીઓગ, એ તરંણ સકતીવાલા છે, તેઓ ખરેખર ખોદાનો સંબંધ ધરાવનારા, અને ખોદાને પીછાંણનારા છે. ખોદાએતાલાને પીછાણવો એ દાંનાઈની મારફતેછે, તેમજ તે સાહેબની ઉપર ઈમાંન રાખવું, એ આદમીની આતમાને લગતી વગર પરદાવાલી અસલ આંખે (ઇઆને રૂહને લગતી સહમજે) છે. માંટે (માણસને ઘટારતછે કે) દાંનાઈની મતલબવાલી આંખના નમુના દાખલ, (તેહના) બંદનને કાએદાસર ચલાવનારી પરદાવાલી, (ઇઆને હદસર જોઈ સકનારી), જે આંખછે, તેહને આતમાને લગતી પેહલ્વી આંખની સાથે ઉઘાડી રાખવી, (ઇઆને.આએ દુનીઆંની આંખે કોઈબી વસ્તુ જોતાં આતમાને લગતી આંખને, એટલેજે રૂહને લગતી સહમજને, તેહની સાથે વાપરવી.) કારણ કે બુરો હવસ, લોભ, અદેખાઈ, વેર અને બીજા ખરાબ કરનારા, હાંણી પોહચાડનારા અને દુ:ખ દેનારા દરૂજો (ઇઆને બુરી ખવાસો) છે, તેઓ માંણસની દાંનાઈને (તેહનાં) બદનમાંથી દુર કરવા તથા (માંણસને) આએ દુનીઆંની નેકી (ઇઆને નાપાએદાર શુખ) ની તરફ લેઈ જાઈને, આએ દુનીઆંને લગતી નેકીથી, (તે આદમીની) આવતી દુનીઆંની નેકીને લુટનારાછે; માંટે જે કાંઈ આ દુનીઆંની નેકીછે, તેહને વગર વજનની કરવા સારૂં, તેહની સાંહમણે લડાઈ કરવા માંટેની અંદાંની સકતીઓ (કુદરતની તરફથી માણસની અંદર બખશેઆમા આવેલી) છે. જેમકે બુરા હવસની

---

† આગલાં લખાંણની સાથે શરખાવતાં, હમોએ વલાએઆમાં લખી જણાવેલી ખીના અસલ પેહલવી લખાંણ કરનારની તરફથી લખાવી જોઇએ, પણ નકલ કરનારની ગફલતથી તે ઇરાંનથી સુરત ખાતે આવેલી નકલમા લખેઆમા આવી નથી, તેમજ તે ઉપરથી થાએલી સઘલી નકલોમાં તે મલતી નથી.

સાંમણે થવા સારૂં અક્કલ, લોભની સાંમણે થવા સારૂં સંતોષ, ગોસ્સાની
સાંમણે થવા સારૂં નમનતાઈ, અદેખાઈની સાંમણે થવા સારૂં વાજબી
રીત, અને વેરની સાંમણે થવા સારૂં ખમવા (ઇઆને સેહન કરવા) ની
સક્તીછે. (માંણુસની અંદર) દાનાઈમાં વધારે ચહડતે દરજેની તરંણ
સક્તીછે, સંતોષ, મોહટું દીલ અને ઉદ્દીઓગ. જાંહાંવેર તે સક્તી
(માંણુસની અંદર) રહેલી હોએય, તાંહાંવેર આએ (ઇઆને ઉપર જણા-
વેલી) બુરી સક્તીઓને (માંણુસની તરફથી) વજન આપેઆમાં આવતું
નથી. (આદમી) જે આવતી દુનીઆંનાં શુખથી પાએમાલ થાએય,
તે આએ દુનીઆંના શુખની તરફ ખેચાએલું હોવાને લીધેછે. (જાંહવેર)
આદમીનાં બદનની અંદર આલસાઈને લગતી બુરી સક્તીને પકડેઆ
તથા રાખેઆમાં આવતી નથી, (તાંહવેર) આદમીની અંદર બુરી સક્તી-
ઓ (તેહના) આતમાને લગતું જોવાનો પરદો કરવાથી છુપી રેહય.
અને તેહને લીધે (માંણુસની અંદર) આતમાની આંખ વાલી હકુમત
(ઇઆને રૂહને લગતી સહમજની હીલચાલ) ખોલલી રેહય. અને (તથી)
આદમીઓ યજદોની તરફ સારી રીત જોવાએ (ઇઆને તેઓની તરફ ધે-
આંન આપવાએ) અને તેઓને ઓલખવાએ, તેઓનો પેઆર મેલવેય,
અને તેજ સબબથી તેઓ પાક ખોદાતાલાનો સંબંધ ધરાવેય. માટે જે ૫
ધરમગુરૂઓ આતમાને લગતી આંખે જોવાનો પરદો કરનારા, તથા માંણુસ-
ની અંદરથી યજદો * ને પાછા રાખવાનું કાંમ કરનારાછે, તેઓનો આપેલો
મજહબ આદમીઓને પોતાના પેદા કરનારને ઓલખવા સારૂં નાઓરાદ
કરનારોછે; જેથી જેઓ, તેવા મજહબની મારફતે આદમીઓને ખોદાતાલાને
પીછાંણવાનું ફરમાંન આપનારાછે, તેઓ ખરેખર તેહવું ફરમાંન આપવા-
થી આદમીઓને બદબખતીની ઇચ્છા તરફ ઠગનારાછે. વાસતે તેવો મજ-
હબ, મજહબ તરીકે ગણાવો જોઇએ નહી; પણ તેહને લોભના દેવને
માનવાનો (મજહબ) કેહવો સજાવારછે.

---

* આએ જગોએ યજદોથી મોરાદ પાક ખોદાએતાલાની તરફથી આસનીદ
ખેરદની મારફતે જે સારી સોચના ઉતપન કરનારી સક્તીઓ આદમીની અંદર રે-
હય તેહને સહમજવી.



૧ (૫૦) આદમી સવાબનું કાંમ કરવાથી ચહડતી સકતીવાલું અને ગુનાહનું કાંમ કરવાથી નીચ કઊીઅત વાલુંછે, અને સવાબને લીધે (આદમીને) સુધરવું તથા ગુનાહને લીધે (પોતાના પેદા કરનારથી) જુદાઈનું મેલવ્વુંછે, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાંણવું કે, (માંણસ) સરવેથી સરસ ચહડતે દરજજેનું સ્પેનામીનોનાં સવાબકાર મુલ * ની કઉઅતે સવાબ કરવાથીછે. અને સરવેથી વધારે ઉતરતા દરજાવાલું (ઇઆને ખરાબ અવસ્થાવાલું) ગનાહમીનોનાં પાપી મુલ † ની સકતીની મારફતે ગુનાહ કરવાથીછે. (આએ) બેહુ મીનોને લગતું કાંમ કરવાની અંદર, સવાબના સોકનું ઉતપન થવું, માંણુસનાં અંતકરણની અંદર સારા બદલાવાલાં સવાબનાં મુલને પોંહચવાથીછે, અને તેથી માંણુસનો સુધારોછે. તેમજ પાપના શોકનું ઉતપન થવું આદમીનાં દેલની અંદર દુ:ખકારક પાપી મુલને પોહચવાથીછે. આદમીએ એબ આપનાર (ઓહરેમન) ની મારફતે (પોતાને) સીનગાર આપવો, (ઇઆને શેતાનના મારગ ઉપર પોતાને ચલાવવું), એ (પોતામી) ખરાબીને સારૂંછે. આદમીની અંદર બંધે મીનોને લગતું કાંમ કરવાના શોકનું ઉતપન થવું દરએક મીનોની તરફની સકતીને (આદમીએ) કબુલ રાખવાથી (ઇઆને તેહને તાએબે થવાથી) છે. (આદમી) સવાબની સકતીવાલા ભલા મીનોને કબુલ રાખનારૂં (ઇઆને સ્પેનામીનોને તાએબે રેહનારૂં), સવાબની હાંસેલને સારૂંછે, અને તેથી તે સવાબકાર (આદમી) નાં ગુજરેલાં રવાંનને (બેહશતમાં) પોંહચાડવા સારૂં મદદ આપનાર તરીકે, (એક) ખુબસુરત, સીનગારેલાં બદનવાલી, જવાંન છોકરીનાં રૂપ વાલી, અને કનીઆનું નામ ધરાવનારી (મીનો), (ઇઆને તે આદમીએ આએ દુનીઆમાં કરેલાં નેક કાંમનો નમુનો ઉપલા આકારમાં તેહની) સાંમણે

---

* આએ જગોએ **સવાબકાર મુલ**નો અરથ, ભલાઇ કરવાને લગતા અને બુરાઇની સાંમણે થનારા નેક વીચારને ઉતપન કરનારી ગેબી સકતી કે જેહને આપણુ 'બેહમન' ને નાંમે ઓલખીએચ તેહનો સહમજવો.

† **પાપી મુલ**નો અરથ બુરાઇ કરવાને લગતા અને ભલાઇને આડે આવનારા બુડા વીચારને ઉતપન કરનારી ગેબી સકતી કે જેહને આપણુ 'અકુમન' ને નાંમે પીછાણીએચ, તેહનો સહમજવો.

આવેચ; અને અશોનું રવાંન (તેહના) ગુનાહથી સવાબ વધારે હોવાને લીધે, ચીનવત (પુલ) નો રસ્તો ગુજારવા, અને મહડલે દરજેનાં હમેશાની પસંદગી વાલાં (બેહશતનાં) મકાંન તરફ ઉનચે ચહડવા સારૂં, સફલીવાંન થાએચ. વલી (આદમી) ગુનાહની સકતીવાલા બુરા મીનોને કબુલ રાખનારૂં (એઆને ગનામીનોને તાબે રેહેનારૂ) ગુનાહને મદદ કરવાનું કાંમ કરવાએછે, અને તેથી તે ગુનાહ કરનારાં (આદમી) નાં બદબખ્ત રવાંનને બુરી મદદ આપનારી, છોકરીનાં રૂપવાલી, વેશીઆ બદનના સીનગારવાલી, ચરાઇતી તરીકેનું નાંમ ધરાવનારી, અને નોકસાંનકારક કાએઆવાલી (મીનો), (એઆને તેણે આએ દુનીઆંમો કરેલાં બુડાં કરતુકનું કરૂપ ઉપલા આકારમાં તેહની) સાંમણે આવેચ. અને તે પાપીનાં રવાંનને તેહના સવાબ કરતાં ગુનાહનો વધારો હોવાને લીધે, તે ખરાબ બદનવાલીની સાથે ચેનવદ (પુલ) ને લગતા નીચાંનવાલે મારગે અંધારાં (દોજખનાં) મકાંનમાં કેદ પડવુંછે. † અને તે વીસે ભલી દીનની રાહે જે કાંઇ ખબર મલીચ તે, એવી રીતનીછે કે, (તાંહાં) તેહને 'ફરશકેરેતિ' ના વખત શુધી છુટવું નથી, પણ (દોજખથી) દુઃખ ભોગવવું અને ડંખ ખમવાચ.



(૫૫) બેહુશતને લગતી અકલની, તથા બુરા હવસની, ૧
સકતીઓ વીસે ભલી દીનને લગતો ખોલાસો.



જાંણવું કે, (માંણસની અંદર) સઘલા સારા ગુણછે તે, બેહશતને લગતી અકલની સકતીને લીધેછે. અને તેહની વીગત, આએ (નીચે જણાવેલા) ૭ સારા ગુનોથીછે. જેમાં એક સંપુરણ વીચારને લગતો (ગુણ), કે જે કસુરને લગતા અનીતીના વીચારવાલા (દુરગુણ) ના સંબંધથી વેગલોછે; બીજો બાહદુરીને લગતો ગુણ, કે જે પાપને લગતી અથરાંમ- ૨

† અશો અને દરવંદ (એઆને પુણ અને પાપ કરનાર) આદમીને આએ દુનીઆંથી ગુજરી જવા પછી, તરીજી રાતની બાંમદાદે, ઉપલા આકારનાં તેઓના કરતુકનાં સારાં માઠાં રૂપ, તેઓની સાંહમણે આવેચ, અને તેહની સાથે તે અશો અને પાપીનું રૂહુ બેહશત અને દોજખનાં મકાંનમા જાએચ, અને તાંહાં પોતાનાં કરતુક મુજબનું સુખ દુઃખ ભોગવેચ; તે વીસેનું વીગતવાર વરણન વંદીદાદની ૧૯ મી ફરગરદના ૨૭ થી તે ૩૪ મા ફેકરા સુધીનાં પાઠ અવસ્તામા તથા હાદોખ્ત નુસકની બીજી અને તરીજી ફરગરદમાં આવેલુંછે.

ણીના (દુરગુણ) ના મેલાપથી દુરછે; તરીજો ઉદીઓગને લગતો ગુણ, કે જેનો સંબંધ કસુરને લગતા લોભના (દુરગુણ) થી દુરછે; ચોથો સંતોષને લગતો ગુણ, કે જેહનો મેલાપ આલસાઈના (દુરગુણ) ના સંબંધથી જુદોછે; પાંચમો અકલની પસંદગીને લગતો (ગુણ), કે જે કસુરવંન્ત બુરા હવસની આપમતલબના (દુરગુણ) થી દુરછે; અને છઠો દાંનાઈના વધારાને લગતો (ગુણ), કે જે કસુરવંન્ત ઉલટી ઇચ્છાના સંબંધથી દુર છે. જેનામાં ઉપર જણાવેલી છ મદદગાર સકતીની અસર હોએ, તે (આદમી) બેહશતી અકલવાલુંછે. અને તેથી તે બેશતી અકલ ધરાવનારૂં (માંણુસ), સઘલાં એબવંન્તાં માંણુસોની અંદર (પોતાને) સારી રીતે બચા-
૩ વનારૂં અને મહડતો દરજો મેલવનારૂંછે. માણુસની અંદર સઘલા દુરગુણોછે તે બુરા હવસની સકતીઓને લીધેછે. અને તે આએ (ઇઆને નીચે લખી જણાવેલા) છ કાએદાને તોડનારા દુરગુણોછે. જેમાં એક સંપુરણ વીચારના (ગુણ) વગરનો અનીતીના વીચારવાલો (દુરગુણ), કે જે પાપને લગતોછે; બીજો બાહદુરી વગરનો, કસુરના મેલાપવાલો અથરાંમણીનો (દુરગુણ); તરીજો પાપને લગતો ઉદમ વગરના લોભનો (દુરગુણ); ચોથો સંતોષ વગરની આલસાઇનો પાપને લગતો (દુરગુણ); પાંચમો અકલની પસંદગી વગરની બુરા હવસની આપમતલબનાં માપને લગતો (દુરગુણ); અને છઠો વિદીઆના અભિપારા વગરનો પાપના સંબંધવાલી ઉલટી ઇચ્છાને લગતો (દુરગુણ) છે. જે (આદમી) બુરા હવસના સંબંધને લીધે, આએ (ઉપર જણાવેલા) ઉલટા છ દુરગુણો ધરાવેચ, તે ઘણી સખતી ભોગવનારૂ, અને બુરા હવસના ઉલટા મારગવાલુંછે. જેહના સબબને લીધે આદમીઓની અંદર તે (માણુસ) ઘણું ખરાબ અને ધીકારવા
૪ જોગછે. (માટે) જે ધરમગુરૂઓ ભલી ઈમાનદારીને વાસતેની (ઇઆને અહુરમજદી ફરમાંન મુજબ આએ દુનીઆંમાં ખરી પરહેજગારીથી ચાલવાની) મેહનતને નાપસંદ કરનારા, તથા આદમીઓની અંદર તેઓને હલાક કરવાનો મજહબ ચલાવનારાછે, તેઓનો ધરમ, બુરા હવસની અસરવાલી ઉલટી ચાલચલણથી, આદમીઓને દરએક તરેહની ઇજા અને નોકસાંન કરનારોછે. અકલના તરીકા પરમાંણે (તેવો ધરમ), માંણસોને આડે આવવા વાલો, તેમજ તેઓની દુશમનીને લગતો ગણાએચ; માંટે તેહવા મજહબને મજહબ તરીકે કેહવો સજાવાર નથી.



(૪૪) જે સાહેબ (આલમને) પેદાનો કરનારછે, તેહને ૧
(આદમીએ) કેહવી રીતે પીછાંણવો, તે વીશે
ભલી દીનનો ખોલાસો.



દીનમાં એમ જાહેર કરેલુંછે કે, માંણસ યજદોની કદીઅત અને તે- ૨
ઓની સાહેતાએ કરી પાક ખોદાએતાલાને પીછાંણનારૂં, દરૂજ (ઇઆને
બુરી સકતી) ની સાથે લડનારૂં, અને પોતાનાં શરીર તથા રવાંનને તેથી
છુટકારો આપનારૂં તથા આએ દુનીઆંની બીજી પેદાએશને ચલાવવા-
ની સકતી ધરાવનારૂંછે. (એટલુંજ નહી પણ) આદમી (પોતે) પેદાના કર-
નાર (અશો અહુરમજદ) ની ધારણાથી પોતાને યજદોનાં ઉપરીપણા હેઠલ
ચલાવવા સારૂં હયાતી પાંમેલું અને સકતી મેલવેલુંછે. (આદમીની અં- ૩
દર) બુરા હવસના દુરગુણોનું રેહકાંણ, બેહશતી અકલની આડે આવવા
તથા માંણસને પાપમાં નાંખવાની ઇઉકતી કરવા સારૂંછે. આદમીની અં-
દર તેને એબીઅલ કરનારની સકતી, ઉલટાં ભુલની તરફથી પોહચેછ, અને
તેથી તેવાં (આદમી) ઓ યજદોને દુઃખકારક થાએચ. આએ દુનીઆનાં
લોકોને, સરવેથી સરસ દરજાવાલા લોકોમાં, (ઇઆને યજદ અમેશાસ્પનદો
અને પવીત્તર આંતમાવાલાં અશોં રવાંનો સાથે) મીતરાચારી કરાવનારી
બેહશતી અક્લ (ઇઆને મજદયસની દીનને લગતું ગણેઆંન) છે.
તેથી આદમીઓ પોતાના પેદા કરનારને પીછાંણેચ, અને તે સા
હેબની તરફ વીસવાસથી રેહચ. તથા નીતીને સારૂં યજદને,
અનીતીને સારૂ દેવને, સચ્ચાઇને સારૂ સાચ્ચાને, ખોટાંને સારૂ
જુઠાને, નફાને સારૂ નફો કરનારને, અને નોકસાંનને સારૂ નોકસાંન
કરનારને સહમજેચ. અને ભલી દીનની મારફતે ગુનાહથી દુર રેહચ,
સવાબને મેલવેચ, દુનીઆંને ચલાવેચ, પોતાનાં બદનને જાલવેચ, અને
આતમાને (દોજખથી) છોડવેચ. બુરો હવસ, બુરાઇના સબબથી નીચો, ૪
તથા ઘણીજ કઠંણ ઘાટ કરનારોછે, અને તે એમ આપનારની તરફથી આ-
એ દુનીઆંનાં લોકોમાં (તેઓની) ખરાબીને સારૂં પોહચેલોછે; તેહનીથી
આદમીઓ પોતાના પેદા કરનારને પીછાંણવાની સકતી વગરનાં તથા હાજ-
તમંદ રેહચ, અને (તેઓ) અનીતીને સારૂ યજદને, નીતીને સારૂ દેવને,
સાચ્ચાઇને સારૂ ખોટારાંને, જુઠાંને સારૂ સાચ્ચાંને, પુણને સારૂ પાપને, પા-
પને સારૂ પુણને અને નોકસાનને સારૂ ફાએદાને સહમજેચ; અને (તેથી)

તેઓ દોજખી થાએચ. તથા તેહની બુરી દીનને લીધે તેઓ સવાબથી દુર
રેહેચ, પાપની તરફ દોડેચ, લોકોને ખરાબ કરેચ, અને મીનો પજદોને લગતી
(એટલે આવતી દુનીઆંનાં સુખને લગતી) ઇછાને પસંદ કરતાં નથી.
આદમી ઉલટા મારગથી દુર રેહેનારૂં, અને નેક તરીકાની જીંદગીવાલું,
૫ બેહુશતી અકલની સહડતી કઉઅત તથા ઉપરીપણાંને લીધેછે. અને સારા
મારગથી દુર રેહેનારૂં તથા ખરાબ રીતે જીંદગી ગુજારનારૂં બુરા હવસની
૬ સહડતી કઉઅત તથા ઉપરીપણાંને લીધેછે. માંટે જેઓ ધરમગુરૂ કેહેવાતા
હોએ, તેઓએ ખોદાની હસ્તીવાલી પેદાએશ (એટલે આદમજાત) ની અં-
દર, જે લોકો બેહુશતી અકલનાં પરખાંણ વગર બુરા હવસની ચાલચલણ
વાલા હોએ, તેઓને બેહુશતી અકલવાલો ધરમ (એવી શરતથી) આપવો, કે
તેઓ બુરા હવસની મારફતે કરેલાં કાંમનો પસ્તાવો કરે તથા (પોતાની
અંદરથી) ગુનાહનાં મુલને ઉખેડી નાંખે. એટલુંજ નહી પણ આદમીઓ-
ની અંદર જેઓ ખોદાતાલાનો આભાર નહી માંનનારાં તથા ગુનાહનો
સંબંધ રાખનારાં હોએ, તેઓને (તેઓએ) ધીકારવાં.



૧ (૪૮) મજદિયસ્નની દીનનો તરીકો, એ બરદાસ્ત કરવાની સક્તી* ધરાવનાર (પાક દાદાર) નો ધારોછે, તે વીસે (ભલી દીનને લગતો ખોલાસો.)



૨ જાંણવું કે, જેમ સુંદર રોશની સહડતે દરજેની રોશનીના વસીલા
તરીકેછે, તથા સાચી દાંનાઇ સઘલી દાંનાઇ તથા સચાઇની મીસલ બ-

---

* પાક ખોદાએતાલાને બરદાસ્ત કરવાની (એટલે ખમવાની) સક્તી ધરાવનારનો એલકાબ ઉપલાં મથાલાંમાં આપેઓછે, તેથી ખરેખર આપણને સંતોષ મલેછે; કારણ કે આપણે જોઇએચ કે આએ દુનીઆંમાં ગમે તેહવું માંણસ થંડા સવભાવનું, ગંભીર અને મોહટાં દીલ વાલું હસે, તે કોઇબી વખતે તેહની મરજીની આડે આવનારની સાંહમણે થયા વગર તથા તેહની તરફ પોતાનો ગોસ્સો બતલાવેઆ વગર રેહતું નથી. પણ પાક ખોદાએતાલા સરવે સક્તીવાંન હોવા છતાં, આદમ જાત તેહની મરજીની વીરૂધ થાઇ, પાપનાં કાંમો કરેચ, અને તે સાહેબની ઇઆદ કે આભાર માંનતા નથી, તેહવાં બેમરવત અને નીમખહરામ આદમીની તરફ તે સાહેબ પોતાનાં પુરતાં બલ સાથે રેહમ બતલાવેચ અને તેહનાં સઘલાં બુડાં કરતુક છતાં તેહને આએ દુનીઆંમાં જીંદગી ભોગવવા દીએચ અને તેહનું પાલંણ પોષંણ કરેચ. તેઆરે એ બરદાશત કરવાની સક્તી કેહવી! ખચીત તેહની ખોદાવંદીને જેબ આપનારો આએ તેહનો ગુણછે.

તળાવનારછે, તેમ સેહન કરવાની સકતી ધરાવનાર (અશો અહુરમજદ) ની મજદીઅસની દીનનો ધારો, તેહને (ઇમાને પાક ખોદાએતાલાને) માંનવાની દીનનો તરીકો (માંણશને) બતલાવનારછે. અને તેજ પરમાણે ભલી દીનના તરીકાની અંદર તરણ તરેહનો ખોલાસો આપેલોછે. તેમાં એક (ખોલાસો) બદનની હાલતની અંદર (માંણસે) આએ દુનીઆંમાં (કેમ) રેહવું તે વીસે-
નોછે; બીજો (ખોલાસો) બદન સાથની (આએ દુનીઆંની) હાલત પછીની ૩
મીનોઇ (જેહાંન) ને માંટેનોછે; અને તરીજો (ખોલાસો) ફ્રશોકન્તને લગતાં ૪
સેવટનાં કાંમનોછે. (આએ તરંણ તરેહના ખોલાસાની અંદર) હાલની ૫
દુનીઆંને લગતો જે તરીકોછે તે નાસકારક વસ્તુથી (માંણસને) દુર રેહવાનો, તથા માંણસનાં દુઃખનું નીવારણ કરવાનોછે. તેથી જે કોઈ ખોદાની બકતી કરનારછે, તે (દીનના) કાએદાસર બરોબર કાંમ કરનાર, (કોઇને) ઇજા તથા દુઃખ દેવાથી દુર રેહનાર, અને પોતાનાં શરીરને લગતાં દુઃખ તથા ઇજાની સહમજ ધરાવવાને લીધે (તેથી) પોતાને સુખી રાખનારછે, અને તે, દરીએક શુખને આપનારી વસ્તુથી પોતાના પેદા કરનારને પીછાંણનારછે. માણસે પોતાના પેદા કરનારને પીછાંણવો, એ બુરી દીનવાલા (એહેરેમન) ને પીછાંણવા સારૂછે. અશો (આદમી) તકસીર કીધા વગર (દીનના) કાએદાસર પોતાને રાખવાએ, અને કોઇની સાથનો કોલ વચણ નહી તોડવાએ,
ધરમનાં કાંમને માટે લાએકનુંછે. બદનની અવસ્થા પુરી થવા પછીની ૬
આવતી દુનીઆંને વાસ્તેની બેમરગી (ઇમાને સુખ) ને લગતો (બીજો) તરીકો, આએ દુનીઆંમાં રેહીને (ગુનાહથી) જેમ બને તેમ રવાંનને મારેની દરીએક ઇછા તથા સહમજે કરી પાક રેહવા સારૂ, સવાબનો સાંમાંન ખરીદવાનો, અને પાપને તોડવા એ, ગુનાહનું નીવારણ કરવાનોછે.
(તરીજો અથવા) છેહલ્લો જે તરીકો ફ્રશોકન્તને માટેનોછે, તે પેદાના કર- ૭
નાર (અશો અહુરમજદ) ની સેવટની સારી સહમજવાલી ધારણાને લગતોછે. જેહમાં સારા ખવાસની પેદાએશને સવછ બનાવવાની, તથા એબ આપનાર (એહરેમન) ની સકતીઓ જે (આદમીને) ગુનેહગાર, તેમજ જુઠું બનાવનારછે, તેહને લોકોની અંદરથી બાહેર કાહડીને તોડવાની, અને બીજાં તકસીરવારોનાં રવાંનને દોજખથી છુટકારો આપીને તેઓને ગુનાહની આલુદગીથી પુરતી પવીતરાઇ આપવાની, તથા તેઓની ગુરદાલ અવસથાને અશો લોકોના રવાંનની સાથે હમેશની અજર કાએમાની અંદર સમારવાની, અને તેહને ઘણી તુરમંદ બનાવવાની, ખુબીવંતી અગાંમ-

બુદ્ધિછે; (કે જેથી) તે ખોદાવંદની પેદાએશમાંથી કોઈબી પોતાને લોભની
૮ મારફતે લોભીઉ બનાવે નહી. આએ દુનીઆંનાં લોકોમાંથી જેહનું કાંમ (ખોદાની પેદાએશને) જખમી કરવાનું તથા દુઃખ દેવાનુંછે, તે કાંમ કાએદાસરનું (ઈમાને ધરમનાં ફરમાંન પરમાંણેનું) નથી. કારણકે (લોકોને) ઈજા તથા દુઃખ દેવાનું કાંમ, ઉલટી ચાલચલણવાલા, બેદીન, અને ખોદાની
૯ નાફરમાંની કરનારનુંછે. માટે જે ધરમગુરૂઓ (લોકોને) આવતી દુનીઆં તથા ફ્રશોકન્તને વખતે છુટકારો આપવાને માટેના તરીકાવાલો મજહબ ધરાવતા હોએ, તેઓ બીજા લોકો, કે જેઓની અંદર સંધલી ઈચ્છા અને સહમજ સકતી પાપના સબબને લગતી હોએ, તેઓને (તે ગુનાહની અંદરથી) મોકલા કરવાનો ઉપાએ નહી કરે; અને તેહને લીધે ઘણુંએક આદમીઓ હમેશનાં દોજખી હોવાથી તેઓ વગર છુટકારાએ દોજખમાં પડેતો, તે (ધરમગુરૂ) ઓનો મજહબ દાદારની તરફનો હોવા છતાં, તેઓ લોકોને કાએદાસર નહી ચલાવ્વાએ, તેઓને બુરી મદદ આપવાએ, અને તેઓને આકેબતને લગતું ગણેઆંણુ નહી આપવાનાં કારંણને લીધે, પોતાની જાતવાલાઓને બુરાં સેવટવાલા બનાવનારછે. અને જેટલું વરૂ, આલસાઈને લગતા લોભની અસરને લીધે, પોતાનાં બચ્ચાંઓનો નાસ કરનાર તરીકે કેહવાએચ, (તેટલા નાસકારક તે ધરમગુરૂઓછે.)

૧ (૫૧) જે (વસ્તુ) ને લીધે રવાંનનો (આવતી દુનીઆમાં) હેસાબ શુમાર થાએચ, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.

૨ જાંણવું કે, (આદમીના) આતમા (એ, આએ દુનીઆમાં કરેલાં કાંમ) નો હેસાબ શુમાર, (આવતી દુનીઆંમો) તેહની ઈચ્છા તથા સહમજ સકતી ન પરમાંણુ પરમાંણે થાએચ. અને એ પરકારનાં આદમીઓ અગત કરીને ૫) તરેહનાંછે. (તેમાં) એક તે (આદમી) કે જેહની ઈચ્છા (પોતાના) પેદા કરનાર અને તેહની દીનની ઉપર અંતકરણથી હોએ, અને તે (બંધે) તે સહમજવા સારૂં પુછપરછ કરવાની દાનાઈની જોઈતી સકતી તેહનામા હોએ; તેથી તે શખ્સ ભલી દીનને લગતી પુછપરછ કરીને તેહને લગતુ ગણેઆંન મેલવે, તથા તે ઉપર એકીન રાખીને ભલી દીનનાં ફરમાન પરમાંણે સવાબ કરે અને ગુનાહથી દુર રેહતો, તે દીનની રાહે અશોછે. પણ જો

ફ્ખુ (તેહવું આદમી) પુછપરછ કરવાની સકતી છતાં ભલી દીનને લગતું ગણેઆંન નહી મેલવી સકે, અને બનતી કુશેશ કરતાં ભલી દીનને લગતી પુછપરછ કરવામાં નીસફલ થાએ, તેઆરે પાક દાદારની તરફનાં અંન્તકરણથી (ધરમને લગતી) ચાલતી રીત પરમાંણેનો કોઈબી સવાબ કરવાએ દોજખથી (પોતાના રવાંનને) છુટકારો આપવાની ઉમેદવાલોછે, (ઇઆને તે સવાબનાં કાંમ કરવાથી તેહનું રવાંન દોજખી થતું નથી. બીજું તે ૩
(આદમી) કે જે (પોતાનાં) પેદા કરનારને અને તેહની દીનને અંન્તકરણથી ચાહનાર હોએ, પણ તેહનામાં ભલી દીનને લગતી પુછપરછ કરીને તેહને લગતું જેટલું ગણેઆંન મેલવું જોઇએ તેહવી સહમજ સકતી નહી હોએ, અને હેવી તરેહનું તે માંણસ હોએ કે જેટલું સહમજે તેટલું પાપથી દુર રેહ, અને જેટલો જાંણે તેટલો સવાબ કરે, તે આદમી પાક દાદાર અને તેહની દીનને ચાહવાના સબબને લીધે, તથા પેલાં સવાબના કાંમની અને ગુનાહથી દુર રેહવાની કઉઆતને લીધે (દોજખથી) છુટકારો મેલવવાંની આસાવંન્તુંછે. તરીજું તે (આદમી) કે જે પાક દાદાર અને ૪
તેહની દીનને અંન્તકરણથી ચાહનારૂં હોએ, અને (દીનની) પુછપરછ કરવાની ઉલટ રાખતું હોએ, પણ ભલી દીનને સહમજવાનું તેહનામાં ગણેઆંન નહી હોએ, અને તે, હેવી રીતનું આદમી હોએ કે, તે પોતે તેહનામાં દાંનાઈ નહી હોવાને લીધે, મતલબને નહી સહમજી સકે. તો તેહવાં આદમીનો (દોજખથી) છુટકારો, પેદાના કરનાર દાદાર અને તેહની દીનની દાંનાઈ તરફ તેહનું અંન્તકરણ હોવાની સકતીને લીધે થાઈ શકેચ. ચોથું ૫
તે (આદમી) કે જે (પોતાના) પેદા કરનાર અને તેહની દીનને અંન્તકરણથી ચાહનારૂં હોએ, પણ તેનામાં ભલી દીનને લગતી પુછપરછ કરીને સહમજ મેલવ્વાની મનસકતી નહી હોએ, અને તે, હેવી રીતનું માંણસ હોએ કે, દાંનાઈની સકતીએ કરી જે કાંઇ (દાંનાઈ) તેહની પાસે નહી હોએ તે (બીજા પાસેથી) સહમજી સકે નહી. તે માંણસને, પાક દાદાર અને તેહની દીનને લગતાં તેહનાં અંન્તકરણને લીધે (દોજખથી) છુટકારો મેલવ્વાનો ઉપાએછે. પાંચમું તે (આદમી) કે જેહને (પોતાના) પેદા કરનાર ૬
અને તેહની દીનને ચાહવાનું અંન્તકરણ નહી હોએ, (ઇઆને જે માંણસ સહમજ સકતી વગરનું, અને ઘેલું હોએ) તો તે આદમીને ગુનાહનો સંબંધ હોવા છતાં તેહનાં અંન્તકરણથી ઇચ્છા લઈ લેવાએઆને લીધે (એટલે જે સવાબ કે ગુનાહ એ બંધે કરવાની સહમજ સકતી તેહનામાં નહી હોવાને લીધે) તેહને દોજખથી છુટવાનો એક સબબછે.



૧ (૫૦) એક સારી મોહબત ધરાવનારા યાહુદીએ, (પોતાની જાતવાલી ઓરતનાં) લગણ, હેરબદની સાથે કરવામાં એબ શુંછે, તેહનું કારણ પુછવાથી, તે હેરબદે તેહનો મજદીઅસની દીનની રાહમજથી વાલેલો જવાબ.



૨ કારણ એછે કે, એક પ્રતિવાદીની તરફથી વાદીને જખમ, નોકસાંન અને દુઃખ પોહચવાએ તેહના દાવાને લગતી તકરાર ઉઠેછે; તે (સબબ) થી, (દીનનાં) ફરમાંનથી બંધાએલાં (દીનદાર) આદમીઓએ વગર ગુનાહે તથા વગર જગડાએ રેહવાના વીચારથી, ધરમ પાલનારા હેવા લોકોની સાથે શાદીનો ગાંઠ બાંધવો સવારછે, કે જેથી તેઓને તથા તેઓની જાતવાલા લોકોને (પાક) યજદાંની બંદગી તથા એબાદતની મારફતે દોજખથી છુટકારો મેલવ્વાની કઉઅત રેહ.* આદમીની ઓલાદની આબાદી, આએ (ઉપર જણાવેલા) એક બીજાને મદદ મલવાના વીચારથી લગણ કરવાએછે. ખેતીઓદથ (એ-આને લગણને લગતી સગાઇ) કેઆરે કેહવાએ કે, જેઆરે તે પોતાની જાતની અંદર કરેઆમાં આવેલી હોએ. અને તેથી (તેહની) ઓલાદને ભરતબો, તથા સગાંઓ અને હમજાતીઓને પાક ખોદાએતાલાની બંદગીની મારફતે (દોજખથી) છુટકારો મેલવ્વાની કઉઅત મલી સકેએ. (એટલા વાસ્તે) જેઓ ફ્રશોકન્તને માટેના શુધારા અને સેલસેલાંને વાસ્તેની મતલ-

---

* જરતોશતી મજહબની અંદર હમદીન સેવાએ પરકોમની સાથે શાદી કરવાનું ફરમાંન નથી, તે વીસેની ગવાહી વંદીદાદની ચોથી પરગરદની પાક અવસ્તા ઉપરથી આપણને નીચે જણાવેઆ મુજબ મલેછે.

[illegible]

‘(ઓ અશો જરતોશત)! જો આતરે હમદીન (એઆને મજદીઅસની જરતોશતી દીન ઉપર એતેકાદ રાખનારા) પુરૂષો, બાઇઓ, અથવા દોસ્તો, દોલત મેલવ્વાની, ઓરત કરવાની, અને એલમ સીખવાની ખાહેશ બતલાવે; તેહમાંતાં જેઓ દોલત મેલવ્વાની ખાહેશ રાખતા હોએ તેઓને દોલત બખશવી; જેઓ ઓરત કરવાની ખાહેશ રાખતા હોએ તેઓને ઓરત પરણાવી આપવી; અને જેઓ એલમ સીખવા માંગતા હોએ તેઓને ‘માંથ્રસ્પેન્ત’ (એઆને જરતોશતી ધરમને લગતું ગણેઆંણુ) આપવું.’

બથી પોતાનાં (એટલે પોતાની દીનનાં) આદમીઓનું મરદ ઓરત તરીકેનું
જોડું બનાવેલો, તે (જોડાં) ની સગાઈનું નાતું વધારે સલાંમતી સાથે ઘણી લાં-
બની મુદતવેર ચાલવા સારૂ, (પોતાના) બેહદ હમજાતીઓની અંદરથી સગાં-
ઓમાંના નજદીકનાં સગાંઓમાં, તથા ઓરખાંણુવાલાઓમાંના વધારે ઓર-
ખાંણુવાલાઓની સાથે કરવું. અગત કરીને (માણસની) ઓલાદ (ની ઉતપન્તી) 3
ને લગતો સંબંધ જે ઘણોજ વીચાર કરવા જોગછે, તે તરણ તરેહનોછે; તેમાં
એક બાપ અને બેટીનો, બીજો દીકરા અને માતાનો, અને તરીજો બાઈ
અને બેહનનોછે. અને આએ બાબતને લગતાં ભરંમ ભરેલાં બોલવાનો,
દીનના વાકેફગાર દસતુરની તરફથી ભલી દીનની રાહે આએ પરમાંણે ખો-
લાસો કરેઆમાં આવેલોછે. આપણે કહીએચ કે, ખોદાએતાલાએ ખલ-
કની અંદર જે કાંઈ પેદા કરીઉંછે, તે નર અને માદાછે; તેમાં જે નરછે
તે બેટો, અને તેહનાં જોડાં તરીકે જે માદાછે તે બેટીછે, અને (ખોદાએ-
તાલા) પોતે (તેઓનો) બાપછે. (હવે) સફંદારમદની જમીન કે જેમાંથી
પેદાએશની ઉતપન્તી થાએછે, તેણી, તેહની (એટલે પેદાના કરનારની), માદા
તરીકે ગણાએછે, તેણીની અંદરથી તેણે (એટલે પાક ખોદાએતાલાએ),
ગયોમરદ જે નર હતો, તેહને પેદા કીધો હતો. અને તે પેહલા પુરૂષને લીધે
(આએ દુનીઆંમાં) સઘલાં આદમીઓએ જણુમ લીધોછે. † જાંહાંવેર ગ-

† આપીણા પવીત્તર જરતોશતી મજહબનાં ફરમાન પરમાણે, આએ દુનીઆંમાં આદમીઓની પેદાએશની ઉતપન્તી અશો ગયોમરદથી થાએછે. તે વીસેની ગવાહી, ફરવરદીન યશતના ૨૪ મા કરદા, અને ૮૭ મા ફેકરાની અંદર તથા યજશનેના ૨૫ મા હા, અને ૧૦ મા ફેકરામાં નીચે લખી જણાવેઆ પરમાણે આવેલીછે.

[illegible]

' ગયોમરદનાં અશો ફરોહરની હમો ઇઆદ કરીએચ, કે જે પેહલો અહુરમજદના વીચાર અને નસીહતોને સાંભલનારો હતો; જેહનીથી (અશો અહુરમજદે) ઈરાંન દેસના લોકોની ઓલાદ, અને દુનીઆદની ઉતપન્તી કીધી હતી.'

[illegible]

'અશો મરદોનાં અને ઓરતોનાં ફરોહરોની હમો ઇઆદ કરીએચ; તેમાં ગયોમરદથી તે સોસીઓશ શુધીનાં સઘલાં ભલાં, કદરતદાર અને સવાબની અંદર વહુતે દરજેનાં અશો (આદમીઓ, જે થઈ ગીઆં, હમણાંછે, અને થસે તેઓ) નાં ફરોહરની હમો ઇઆદ કરીએચ.'

ગેયોમરદ હતો તાંહાંવેર તે જીવતો, બોલતો, અને મોતની તરફવાલો (ઇઆને
મોતમંદ થવા જોગ) હતો. ફરીએક આદમીને જે કાંઈ જીવતું, બોલતું અને
મરનારૂં, હેવા તરંણુ સખુનની હદ (ઇઆને પરમાંણુ) મલીઉં છે, તે તેહનીથી,
(ઇઆને અશો ગયોમરદથી) છે; તેમાં (માંનુસ), પેદાએશની અંદર જીવતું,
તથા બોલતું, એ બે (ઉમદા ચીજ) ધરાવનારૂં, પેદાના કરનાર બાપ (ઇઆને
પાક ખોદાએતાલા) થીછે, અને મરનારૂં (ઇઆને દોજખની ઇજા ભોગ-
વનારૂં), એબ આપનાર (એહરેમન) ને તે ઉપર પોહચવાથી (ઇઆ-
ને તેહની અસરથી) છે. આએ (ઉપર જણાવેલી તરણ) હદવાલાં આ-
દમીઓનો સેલસેલો ફ્રશોકન્ત (ના વખત) શુધી, તે પુરૂષ, (ઇઆને ગયોમ-
૪ રદ) ની સાથે જોડાએલો રેહસે. હવે (ઉપર લખી જણાવેઆ પરમાંણે)
બાપની સાહેતાએ છોકરીથી પુરૂષ પેદા થાઇને જે પેદાએશ બની, (ઇઆને
સફંદારમદની જમીનની મારફતે ગઇઓમરદ જણમેઓ,) તેહને હમો બાપ
બેટીને લગતું ખેતીઓદથ કહીએચ. વલી દીનમાં એમ જાહેર કરેલું છે કે, જે-
આરે ગયોમરદ (આએ દુનીઆથી) ગુજરી ગીઓ, તેઆરે તેહની મની, જે
તેહનું વિરજ કરી કેહવાએચ, તે સફંદારમદની જમીન જે તેહની (ઇઆ-
ને ગયોમરદની) માતા હતી, તેણીમાં પડીઉં, તેહના સંબંધથી 'મશ્ય' અને
'મશ્યાનિ' ની ગયોમરદ અને સફંદારમદના બેટા બેટી તરીકે ઉતપન્તી થાંઇ,
તેહને હમો દીકરા અને માતાને લગતું 'ખેતીઓદથ' કરી કહીએચ.*

---

* 'બુન્દેહશને' નાંમની પેહલવી કેતાબમાં 'મશિય' અને 'મશિયાંનિ' ને
પેદા થવાનું વરણન નીચે લખી જણાવેઆ પરમાંણે આવેલું છે:

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

'ગયોમરદે ગુજરતી વખ્તે (પોતાનું) તોખમ બાહેર આપીઉં હતું, (ઇઆને
તેહનું વીરજ જમીન ઉપર પડીઉં હતું), તે તોખમ ખોરશેદની રોશનીના પરકા-
શથી ફેલાઇઉ અને તેના બે ભાગને નેરીઓસંગે (ઇઆને માંણસની ઓલાદનો બચાવ
કરનારી કુદરતી સકતીએ) જાલવેઆ અને એક ભાગને સફંદારમદે કબુલ રાખેઓ
(ઇઆને એક ભાગની અસર જમીનમાં થાઇ), તેથી ૫૦ વરસે એક જાડ જમીન-
માંથી રૂપ પકડીઉં, અને ૧૫ વરસે ૧૫ પાતરાં વાલો 'મશિય' અને 'મશિયાંનિ'
ને લગતો એક સથંભ હેવી પરકારે ઉગી નીકલઓ કે, જેહમાં તેઓના હાથ ખભાં

અને મશ્ય તથા મશ્યાનિએ એકબીજાની સાથે મરદ ઓરત તરીકે રેહીને
ઓલાદની વરધીને લગતું કાંમ કીધું, અને તેહનેથી (આદમીની) પેદાએ-
શની ઉતપન્તી થાઈ, તેહને હમો ભાઈ બેહનને લગતું 'ખેતીઓદથ' કરી
કહીએચ. આએ 'મશ્ય' તથા 'મશ્યાનિ' થી ઘણા જોડ છોકરાંઓએ
જણુમ લીધો હતો, અને તે દરએક જોડું ઓરત મરદ તરીકે રહીઉં હતું;
અને (આએ દુનીઆંમાં) જે સઘલાં આદમીઓ જણુમેઆંચ, અને વલી
જણુમસે તે (સઘલાં) આએ અસલ (મશ્મ, મશ્યાંનિની) બુનીઆદના સં-
બંધથીછે. પાક ખોદાએતાલાની તરફથી આએ પરમાંણે (ઈનસાંનની)
પેદાએશની ઉતપન્તી થવાએ, તે જે હસ્તીનો સાહેબછે, તેહને પીછાંણુવાનો
સબબ બનેઓછે, એટલે જે પાક ખોદાએતાલાને લગતી સહમજ સઘલાં કેશ-
વરના (ઇઆને હફતએકલીમના) આદમીઓને, (આદમજાતની) પેદાઅશની
વરધીથી મલીછે; અને તેથી (તે) વરધીનો કરનાર (પોતે) જણાએલોછે. મારે
કેહવું જોઈએચ કે, દેવો આદમીના દુશમનછે, તેઓની ઈચ્છા અને હીલચાલ, ૫
(ખુલકની) નેસ્તીને માંટેનીછે, તેથી (આદમીઓને) ઘટારતછે કે તેઓએ લગ-
ણુને લગતી સગાઈ કરવા માટેનો ઉલટ રાખવો, કે તેથી તેઓની (ઇઆને દેવો-
ની), બદબખતી થાએ. જે (સરવે સકતીવાંન) સાહેબથી આએ કાંમના ઠેડાવની
શરૂઆત થાઈછે, (ઇઆને જે સાહેબે આદમજાતને જે નીઅમથી જણુમ
આપેઓછે), તેહુનો પુરતો આભાર માણુવાને સઘલાં આદમીઓ બંધાએલાંછે;
અને તેથી તેઓના (ઇઆને આદમીઓના), જે હુરીફોછે તેઓને (ઇઆને
દેવોને), ઘણી ધાસ્તી, દુઃખ, અને ઈજા પોહચેછે, તથા તેઓની સકતી
ઘટેછે; અને તેહને લીધે તેઓ આદમીઓને નરતલ તથા નોકસાંન કરવાનું
કારણુ જાંણી સકતા નથી. જાંહાંશુધી (આદમીની અંદર) આએ રીતની
(ઇઆને ખેતીઓદથને લગતી) સવાબકારી હોએચ, તાંહાંશુધી તે, દુઃખી,
દરદી, ભએ ભરેલા અને જોલમ પાંમેલા કરી સકેચ; અને એ મારગે સવા-
બકારોને સવાબનો મુનજદ અને બદલો મલેચ. (વલી) માહરે કેહવું જો- ૬
ઈએચ કે, (આદમીનાં) બચ્ચાંઓ શેકલ, અંદાંમનો ઘાટ, ઉધરભાવ, ભ-
લાઈ, અકલ, સારો ખવાસ, મરવત, માએઆ, પરાકરમને લગતી સકતી,
શરીરનો બાંધો અને તેમજ બીજી કેટલીએક બાબતમાં તેહને જનમ આ-

આગલથી ઓલ્લા હતા, અને તેઓનાં શરીર જાડની એકબીજા સાથે મલતી ડાલીના
આકારમો એકબીજા સાથે જોડાએલાં હતાં. અને તે બંધે કમર આગલથી એકબીજા
સાથે હેવી રીતે મલેલાં હતાં કે પુરૂષ કોહો અને સ્ત્રી કેહી તે જણાતું નહી હતું.'

પનારી અસલ બુનીઆદને ઘણું કરીને મલતાં આવેચ. અને એ (વાત-
ને લોકો) વધારે સહી અને વાજબી ગણેચ. વલી તે વીશેનો વીચાર
આપણને એ ઉપરથી મલી આવેચ કે, જે કોઈ ટોલો પવીત્તર, અને
દીનને લગતો (ઇઆને અથોરનાંની) છે, તે આવતી દુનીઆંની તરફ ઈ-
માંન રાખનારો, મરવતવાલો, વગર સકતીવાલાની તરફ મોહટું દીલ બ-
૭ તલાવનારો અને ખોદાનો દર રાખનારો હોએચ. અને જે અરથેશતારનો
(ઇઆને રાજ દરબારી ટોલો) છે, તે ગુરૂજ ઉઠાવનારો, આએ દુનીઆંનાં
બંદોબસ્તને વધારનારો, કદાવર બદનવાલો, કઉઅતદાર, મજબુત દીલનો,
(ઇઆને ઘારી છાતીવાલો), અને દલેર હોએચ; અને (આખી) જીનદગી
શુધી લડાઈ અને બાહદુરી કરવાથી ધરાતો નથી, અને શેકારી સગ તથા
વરૂની માફક, જીવની નહી દરકાર કરનાર તથા (બીજાનો જીવ લેવાથી)
ફુર રેહનારો નથી. વલી ગરીબરૂં ગોસ્પન્દ, વરૂની માફક ઘાતકી નથી;
૮,૯ તેમજ (શેકારી) સગના જેવું વરૂ ઉનચું નથી; અને (શેકારી) સગ વગર
(આદમી તથા ગોસ્પન્દનાં) સરીરનો (વરૂથી) બચાવ થાઈ સકતો નથી.†
વલી અરબી તેજ ચાલના ઘોડા (ની બુનીઆદ) થી ગાંમઠી (ઇઆને ઈરાં-
ની ઘોડી) ઓ જે બચ્ચાંને જણુમ આપેચ, તે અરબી ઘોડાની માફક ચા-
લતા નથી. તેમ ગાંમઠી (ઇઆને ઈરાંની) જણુમેલા ઘોડા ચાલમાં અરબી-
ના જેવા નથી. એજ મુજબ બદાવી ‡ (ઘોડા) ગાંમઠી (ઇઆને ઈરાંની) ના
જેવા નથી. વલી એક ઘોડા અને ઘધેડાં (ના સંબંધ) થી જણુમેલું ખ-
ચ્ચર, ઘોડા અને ઘધેડામાં કોઈની સાથે જાતની અંદર બરોબર મલતું
આવતું નથી. આએ પરકારે (અવાર નવાર જાતના સંબંધને લીધે)
તેઓમાંનું (ઇઆને ઉપર લખી જણાવેલાં જાંણુવરોમાંનું) કોઈ, એકબી-
જાને મલતું આવતું નથી, અને તેમ થવાથી ખરી બુનીઆદીને હાંણી પો-
હચેચ, તથા ઓલાદ આગલ વધતી નથી. એટલા સારૂં પોતાની બુનીઆ-
૧૦ દને નીરમલ હાલતમાં સાચવી રાખવામાં ઘણો ફાએદોછે. માટે માહરૂં
કેહવું એછે કે, માંણુસોની અંદર ભાઈ અને બેહનને તાંહાં જણુમેલાં ફર-
જંદોમાં આએ (ઇઆને નીચે જણાવેલી) ચેઆર કેસમની મોહબતનો
તરીકોછે; તેમાં એક ભાઈનાં ફરજંદોનો ચાહ (બીજા) ભાઈના ફરજંદ ઉ-

† સગ, ગોસ્પંદ તથા આદમીઓનો વરૂથી બચાવ કરેચ, તે વીસેની જેકર વંદીદાદની ૧૩ મી પરગરદના ૩૯ અને ૪૦ મા ફેકરાનાં પાક અવસ્તામાં આવેલીછે.

‡ બદાવી-એ ઉતાવલી ચાલવાલા ઘોડાની એક જાતનું નામછે.

પર; બીજું—ભાઈના ફરજંદનો ચાહ બેહનનાં ફરજંદ ઉપર; તરીજું—બેહનનાં ફરજંદનો ચાહ (બીજી) બેહનના ફરજંદ ઉપર; ચોથું—પીતરાઈ ભાઈનાં ફરજંદનો (ચાહ) પીતરાઈ (ભાઈ બેહન) નાં ફરજંદ ઉપર હોએચ; તેહના સબબને લીધે આએ ચેઆર કેસમનાં લોકોને તેઓને લગતાં ચેઆર કેસમનાં ફરજંદોની પરવરશી કરવાની માએઆ, કાલજી, ઉલટ અને આસા રેહચ; અને તેથી તેઓ સવછ ફરજંદોને જનમ આપનારાં થાએચ.

(સવાલ—) તેઆરેતો એજ રીતે બાપ અને બેટી, તથા દીકરા અને ૧૧
માતાના સંબંધથી જે ફરજંદ જણમે, તેવાં ફરજંદની ઉપરબી વધારે માએઆ રાખવાની અને તેઓની જતન જાલવણી કરવાની કાલજી રાખવી વધારે જરૂરનીછે ?

(જવાબ—) જોકે કેટલાએક લોકોમાં ફરજંદની સાથે હમબીશતર ૧૨
થવાનું જે કાંમછે તે વધારે ખુશી ઉપજાવનારૂં અને (તેઓના) મજહબને લગતું ગણાએચ, અને (તે વાત આપણને) જાંણીતીછે, તેહનો સબબ અગુત કરીને જુદી બુનીઆદના અને ઉલટો મજહબ પાલનારા કોઈ શખ્સથી કેટલીએક હલકે દરજેની ઓલાદને લીધે બનવો જોઈએ.* અને તેહવી

* દબેસ્તાં કેતાબના ૧૩ મા બાબની અંદર 'આખ્શીઆન' ટોલાની રીતભાંત અને મજહબને લગતા તરીકા વીસેનું વરણન આપેલુંછે, તેહમાં લખેચ કે આએ ટોલાને લગતો મજહબ મોબદ 'આખ્શી' નામના એક ઈરાંનના રેહવાસીથી ઉતપન થએઓ હતો, અને એ મજહબ પાલનારા લોકો બેહશત, દોજખ અને રીસ્તાખેજનો ઈનકાર કરનારા તથા પોતાની મરજી મુજબ કોઈબી રીતની હદ વગરનાં કાંમો કરનારાછે; અને તેઓમાં દીકરી, બેહન, માએ અને માસી તથા તેઓથી જણમેલાંઓની સાથે હમબીસ્તર થવાનું રવાછે. આએ છેલ્લી મતલબને લગતું લખાંણ અસલ કેતાબમાં આપણને આએ રીતે લખેલું મલેછે:—

نزد این فرقه وطي دختر و خواهر و مادر و خاله و انچه از ایشان بزاید رواست

આએ ટોલાને લગતાં ઉપલાં વરણન ઉપરથી જણાએચ કે, તે દેખીતો કુફર અને વગર ધરમવાલો ટોલોછે. તેહવો ટોલો ઈરાંનના કોઈબી ભાગમાં વસ્તો હોએ તેહની સાથે મજદીઅસની જરતોશતી ધરમ પાલનારા પારસીઓને કસ્સુ લાગતું વલગતું નથી. પણ જેઆરે આપણ જોઈએચ કે કેટલાએક યુનાની અને ગ્રીક લખનારાઓએ, તેઓને મલેલી ખોટી ખબર ઉપરથી વગર તપાસે ઉપલી બેકાએદે લગણ કરવાની અથવા હમબીસ્તર થવાની નાલાએક ચાલને જરતોશતીઓને લાગુ પાડીચ. જેમકે: Philo (ફીલો) અને Diogenes Laertius (ડાયોજેનીસ લેઅરતીઅસે) પારસીઓને વાસ્તે લખીઉંચ કે "પારસીઓ પોતાની માએ અને બેહનોની સાથે પરણતા હતા. તે સગાંઓની સાથે જણાકારી કરનારાઓના લગણને સેકંદરે રદ કીધાં હતાં." Hirodotus (હીરોડોટસ) લખેચ કે, "Cambyses (કેમબાઈસીસ), તેહની 'એટોસ્સા' નામની બેહનની સાથે પરણેઓ

શાદીની મોહબત તથા ખુશીની મારફતે જે એક પુરૂષને તેહની બેટીના સંબંધથી એક બેટો જણુમેતો તેથી (જેણીથી તે છોકરાએ જણુમ લીધોય
13 તે તેણીનો) ભાઈ ગણાએ; તેમજ તેણી તેહની માતા ગણાએ. અને જે છોકરો માએ અને દીકરાના સંબંધથી જણુમે તેહનો (પેલો જણુમ આપનાર શખ્સ) ભાઈ તેમજ બાપ ગણાએ; માટે આએ એક શાદીનો અણઘટતો અને જણાકારીને લગતો તરીકોછે. જો એમ હોએતો તેથી તે (હેવું કામ કરનારો) શખ્સ ખોદાતાલાની બંદગી, તથા બેહસતની ખુશીને લગતો નથી; પણ તેથી તે વધારે નોકસાંનને ઉતપન કરનારો, તથા નહી ફાએદો
14 કરવા સાથે સારા દેખાવ વગરનો અને વધારે એબવાલોછે. જો તમો એમ કેહવા માંગતા હોવો કે, તેમાં ખરાબ દેખાવ (ઇઆને એબ) શું છે ? તો આએ વાત ઉપર વેઆંન આપો કે, જો કોઈની માએ, અથવા બેહન અને દીકરીને, કજગોએ કાંઈ જખમ થએઓ હોએતો, તેણીને એક ડાકટરની નજદીક જાઇને તેની પાસે તે જગોએ રૂજનો કાકરો મેલાવેઆ વગર છુટકો નથી, તે વઇદનું કાંમ કરવાથી તેણીનો બાપ, બેટો અને ભાઈ જો દુર રેહતો, તેહમાં ખરાબ શું છે ? કારણ કે બીજા બેગાંનાં પુરૂષનાં કરતાં તેઓ (તે જગોને) હાથ લગાડે અને રૂજનો કાકરો મેલે તે (ઇજતના) કાએદાસર નથી.

15 (શવાલ—) જેઓ તેઓનું (ઇઆને યાહુદી અને પારસીનું) જોડુ બનાવ્વાની મતલબ ધરાવતા હોએ, તેઓ પોતાની તરફથી એક પેગાંમની મારફતે (તે જોડાંને) ધણી ધણીઆણી તરીકે મુકરર કરવાનો વીચાર જણાવીને (તેઓની રાજીથી) તે વીસેનો બંદોબસત કરે, અને લગંણને લગ-

હતો." Strabo (સ્ટરાબો) લખેચ કે, "પારસીઓને તેઓના મજહબની રાહે પોતાની માએની સાથે હમબીસ્તર થવાની છુટછે." Plutarch (પલીઉટરચ), Artaxerxes (ઇઆને બેહમન) ની જીંદેગાંનીના એહવાલમાં લખેચ કે, "આએ પાદશાહે પોતાની Atossa (એટોસ્સા) અને Amestris (એમેસ્ટરીસ) નામની બે દીકરીઓને પોતાની ઓરત કીધી હતી." હવે આએ ઉપલા તેમજ તેહને મલતા બીજા લખનારાઓનું ભુલ ભરેલું લખાંણ પારસીઓતો કદીબી કબુલ નહી રાખે; પણ જે વીદવાંન યુરોપીઆંનો જેઓ જરતોશતી મજહબનાં પુસ્તકો અને એ ટોળાને લગતી તવારીખથી સારી રીતે વાકેફકારછે, તેઓબી કબુલ રાખવાના નથી. તે છતાં 'દબેસ્તાંન' કેતાબનો ઈંગરેજી તરજુમો કરનારા 'ડેવીડ શેઆ' (David shea) તથા એન્થોની ટ્રોયેર (Anthony Troyer) નામના વીદવાનોએ મજકુર તરજુમાને લગતી નોટોની અંદર ઉપલા ગરંથકરોનાં મતો જુબજા ટાંકીને તેઓના બેવજન લખાંણને પોતાની તરફથી વજંણ આપીઉછે, તે વાત આપણને નાપસંદ લાગેછે, અને તેમજ તે ઉપલા ગરંથકારોને શોભા આપનારી નથી. (જુઓ 'દબેસ્તાંન' કેતાબનો સને ૧૮૪૩ ઇસવીમાં થાએલો ઇંગરેજી તરજુમાનો વાલમ ૧ લાને સફે ૧૯૧, અને ૨૦૯ મે.)

તાં વાજાં તથા સરનાઈની મારફતે શેહેરનાં સઘલા લોકોને વાકેફ કરે કે,
આએ આદમીઓની શાદી થાએચ, એટલે જે "ફલાના અરમાંનીની બેટી,
બેહન, અને માએંની સાથે, ફલાંનો પારસી ફલાંનું (ઈઆને પરણુવાનું) કાંમ
કરવા માંગેચ," અને તે વાતથી લોકોને વાકેફ કરેઆ પછી, જો કણુ તેઓ-
નું જોડું બનાવેઆમાં આવેતો તે વાજબી હોવું જોઈએ. (આ રીતના
બંદોબસ્તથી મુકરર થાએલું જોડું) ખરાબ દેખાવવાલું તથા એક બીજાને
નહી સાહનારૂં કેમ હોએ ! પણુ તેમ થવાથી તો (તેહવું જોડું) એકબીજા-
ની સાથે ખરાબ દેખાવ નહી રાખનારૂં અને સારો વરતનુકથી એકબી-
જાની સાથે કાંમ કરનારૂં થાએચ.

(જવાબ—) દેખઈતું છે કે, જુદી કોમથી જીનદગી ગુજારવા માંટેની ૧૬
ફાએદાં ભરેલી હાલત, એબનું ઢાંકવું, એકબીજાને મલતી ઈચ્છા, એક
બીજાના નફા નોકસાંનમાં ભાગ લેવો, અને જે કાંઈ મલે તે ઉપર રાજી
રેહવું બની શકે નહી; કારણુ કે કેટલીએક ઓરતો પોતાના ખાવંદની
ઉપર તેઓની કમસકતી તથા નહી હીમત હોવા છતાં, પોતાની વાપરવેશ-
ને સારૂ વધુ વસ્તુઓ ખરીદવાની ફરજ પાડેચ, અને ખાવંદની તરફથી
તે નહી મેલવવાને લીધે, પોતાની મોહટાઈ જણાવ્વા સારૂ, ખાવંદની ઉપર જા-
સ્તી કરેચ. જેમ બીજી ઘણીએક પારકી (ઈઆને જુદી જાતવાલી) ઓરતો આ-
એ રીતનો હોકમ (પોતાના ખાવંદની ઉપર) કરવાને રાજી થાએચ, અને (તેઓ
પાસે) જરીઆંન તથા જેબદાર પોશાક પેહરવા ઓઢવા માંગેચ, તથા બાંડીઓ,
ખુશ દેખાવ દેખાડનારો રંગ, સુગંધી, અને તેમજ બીજી ઘણીએક
ઘરધણીઆંનીને પસંદ પડતી વસ્તુઓ માંગેછે, કે જે (ખાવંદથી) કબુ-
લ કરી શકાય નહી. અને જો તે કબુલેઆ વગર છુટક નહી થાએ હેવું
હોએતો, પછી તે વીસેની મારામારી, ગાલાગાલી થાએ, અને (એકબી-
જાને) ખરાબ શખુન ઓચરેઆમાં આવે. અને જો તે (વસ્તુ) મેલવ્વાને
લગતી વધારે જાસ્તી થાએતો, પછી તે (અસલ મતલબ) નો ભેદ છુપો રેહ,
અને તેઓ રાત દાહડો (એકબીજાં સાથે) ખરાબ ચાલ ચલાવે, તથા (એકબી-
જાંનુ) મોહડું જોવાનો વેહવાર નહી રાખે. અને (સેવટે) પેલી જુંડી ઓરત,
પોતાનાં મા-બાપને ઘર જતી રેહ, અને ખાવંદને નીઆધીસોની આગલ
ખેંચી જંઆવે, અને (નીઆધીસો) તેણીને સારૂ નોકસાંન વગર રેહવાનો
ચુકાદો કરે. અને જો ખાવંદ કેહ કે હું (એ ઓરતને) ઓરત તરીકે રાખવા
માંગતો નથી; કારણુ કે તેણીની અંદર ઘણીએક તરેહની ખરાબ એબ, નો-

ફેસાંન, હલાકી, બદી અને ગુનાહછે. પણ નીઆધીસે જો એમાંનાં
(ઇઆને ખાવંદે બતલાવેલાં) એકબી કારણથી, તે ઓરતના છુટાછેડા ન-
હી કરેતા પછી, તે જોડાંને કેહવી રીતે ફાએદા ભરેલી હાલત, સારી જી-
નદગી, થોડી મીરાસે રેહવું, ઇજ્જતથી વખત ગુજારવો અને સંતોષથી
૧૭ રેહવાની ચહડતે દરજેની કઉઆત મલે. ! જો તમો (એમ) કેહવા માંગતા
હોવો કે, એવું (ખરાબ) પરીનાંમ, જે કોઈ ખરાબ વીચારવાલો હલકો ટોલો
હોએચ તેહનીથી બનેચ; તો સંહમજવું જોઇએછે કે, બદી અને નીચાઈનો
વધારો પોતાની મેલે થતો નથી, પણ ઘણુંએક બચ્ચાંઓ બીજાઓનો ખવાસ
પસંદ કરવાએ અને તેહની ઉપર પેઆર રાખવાએ, ખરાબ (ખવાસનાં)
થાએછે. (કેટલાએક લોકો) હમબીસ્તર થવાના વીચારને લીધે (હવું કેહચ કે).
ખુબસુરત ઓરતથી ઘણાં (બચ્ચાંઓ) ખુબસુરત રૂપ લીએચ; પણ અશો
અહુરમજદના સંભાલ હેઠલ રેહનાર (મજદીઅસની દીનવાલા) ના વી-
ચાર પરમાંણે તેવી ઓરત બદસુરતછે, કારણ કે હમારીથી ઉલટા વીચાર-
વાલાઓની અંદર જે આદમી, નાણું હમબીસ્તર થાએમ, તેહને હમો
ખરાબ ગણીએચ, અને તેમજ (નેક) લોકો તેહને એબ ભરેલું ગણેચ.
અને જેણે પોશાક પેહડેલો હોએમ તેહને હમો શુંદર ગણીએચ, અને
તેહને તેઓ (ઇઆને હમારીથી ઉલટા વીચારવાલાઓ), ખરાબ ગણેચ.
જેહનું નાંખ તેહનાં મોહડાની સાથે એકસરખું (ઇઆને મલતું) હોએચ,
તેહને હમો ખુબસુરત ગણીએચ, પણ જેઓનું નાંખ મોહડાંથી ઉંચું હોએ-
ચ, તેઓ તેહને બદસુરત ગણેચ; અને કેહચ કે જેઓની બે આંખની વચ્ચે
(નાખ) દીવાર તરીકે બાહેર નીકલેલું હોએ તે પસંદ કરવા જોગ અને સુ-
નદરછે. તે ઉપરથી જણાએમ કે ખુબસુરતી તથા બદશુરતી અસલ નથી,
પણ તે (માણસની) પસંદગીમાંછે. તેમજ ઇમાંનદારી, જે ધરમ ક-
દીમ અને મતલબને સહમજાવાનારોછે, તેહની અંદર ફરવામાં (ઇઆને મ-
જદીઅસની જરતોશતી દીન કબુલ કરવામાં) છે.* જેણે માથું બોસાવેલું હોએ-

---

* આએ બાબતની અંદર મજદીઅસની દીન ઉપર ઇમાંન લાબ્વા વીસે, ફેરબદની તરફથી વીચાર આપવાની મતલબ, એ દીન કબુલ કરવાથી કોઇબી જાત વાલી ઓરત શાથે પરણવું દીનની રાહે ગેરવાજબી નથી, તે વીસેછે. સાસાંની તખ્તાના પાદશાહો બેહરાંમગોર, અને નોશેરવાંન, પારકી કોમવાલી ઓરતો શાથે પરણેઆ હતા, હેવું જે આપણને તેઓને લગતી તવારીખ ઉપરથી જણાએલુંછે, તેહની મતલબથી આપણને હેવીજ રીતે શહમજવી જોઇએચ કે, તેણીઓને આપણા મજહબમાં લઇને તેઆર પછી, તેઓએ તેણીઓની શાથે પોતાની શાદી કરી હતી. કારણ કે તેમ થ-એઆ વગર આપણા પાક મજહબની રાહે લગણ થાઈ શકતાં નથી.

મ, તે હમારી નજરમાં બદ સુરતછે, કારણ કે હમારી દીનમાં તેહવા લોકોને 'મરગરજાંની' † ગુનેહગાર ગણેલાછે. તેથી જે શેહરી મરદો માથું બોરાવ્વાને કામેદાસરનાછે, (ઇઆને જેઓના મજહબમાં માથું બોરાવ્વાની મનાઇ નથી) તેઓને પણ તે વીસેનો અટકાવછે. તેઆરે હવે દાંનાઈ તેહમાંછે કે, જે (ઓરત) કોઇબી ઠેકાંણેથી (ઇઆને કોઇબી તરેહથી) ખરાબ નહી વીચારી સકાએ, તેણીને સવાબનાં કારણસર શુંદર ગણવી. કેટલીએક કોમની અંદર આએ (ઇઆને લગણ સંબંધી સગાઈનુ) કાંમ પોતાની જાતમાં કરવાનો મુતલક રવઇઓ નથી; પણ જાંહાંબી ખરાબ અને વગર દીનના લોકો હોએ, અને તે પસંદ પડેતો તાંહાં કરવાનો (રવઇઓ) છે. અને હમો (તેથી ઉલટી રીતે) જેમ દાંનાઇનો તરીકોછે તેમ, ઇઆને પેદાના કરનાર (પાક દાદાર) ની તરફથી આએ રીતે (એટલેજે પોતાની કોમની અંદર શાદી કરવાથી) પેદા થાએલા (ફરજંદો) ને જેમ સવાબનો બદલો મલે તે મુજબ, (પોતાની) ધુનીઆદની સાચવણી કરનારા અને ઓલાદને સલાંમત રાખનારા છઇએ. અને તેજ કારણને લીધે, હમો આખેરશાને લગતા ઉપાએવાલા (ઇઆને આવતી દુનીઆંનું શુખ મેલવનારા) છઇએ, તથા જેમ ફરજંદને ફાએદો થાએ, ઓલાદને મદદ મલે, અને બુનીઆદને (બેહશતનાં શુખની) આસા રેહ,

† 'મરગરજાંન' બોલનો અર્થ 'મોહતની કીમતનો ગુનાહ' હેવો થાએછે; પણ માથું બોરાવનારો શખ્શ એટલો કસુરવંન્ત નથી કે તે મોહતની સજાને લાએકનો ગણાએ. જરતોશતી ધરમમાં માથું બોરાવ્વાની મનાઈ બે કારંણસરછે, તેહમાં એકતો એકે, જરથોશતી ધરમનો ફેલાવો પેહલાં ઇરાંનના મુલકમાં થએઓ હતો અને તે દેશ સરદીનોછે, માંટે તેહવા દેશમાં આદમીઓને પોતાના બદનને સરદીથી સાચવ્વા સારૂ હમેશાં ગરમ કપડાં પેહરવાં જોઇએછે, તેમજ માંથાને સાચવવા સારૂ તેહવા દેશમાં માંથાં ઉપર બાલ રાખવાની ઘણી જરૂરછે. અને બીજુંં બીલકુલ માથું બોરાવ્વાથી માથાંની ચાંમડીની અંદરથી જે મવાદ અથવા એક જાતની તરવત નીકલેછે તે રસી જરતોશતી દીનની રાહે અવગુન ભરેલી ગણાએછે; એટલા સારૂં આપણા પાક મજહબમાં માંથું બોરાવવાની મનાઈ કરીછે, અને તેહને બદલે માથાંના બાલ કાતરવાને ફરમાવેલુ છે. જે ફરમાંનને ઇરાંનથી હીંદુસ્થાંનમાં આવેઆ પછી સઘલા જરતોશતીઓએ સાચવી રાખીઉં નથી; પંણ અથોરનાન ટોલો આએ ફરમાંન સાચવીને તે મુજબ ચાલેછે. એ ઉપરથી ખોલ્લી રીતે જણાએછ કે, માંથું બોરાવ્વાની કસુરનાં કામને 'મરગરજાંન' નું નાંમ આપેઆમાં આવીઉંચ તેહની મતલબ માથું બોરાવ્વાથી માથું બોરાવનાર શખ્શ કેટલેએક દરજજે પોતાને ઇજા ભોગવ્વા જોગ બનાવેચ તે સહમજાવ્વાનીછે; કારંણકે 'મરગ' બોલનો માએનો 'મોહત' સેવાએ 'દુઃખ' અને 'ઇજા' નોબી થાએછે.

(તેહવી ઓરત ઉપર) હમો મોહબત રાખીએચ; અને તેજ મુજબ (ઓરતને) ખુશી ઉપજાવનારો ખાવંદ, જે મીઠી જબાંનવાલો, વધારે સુખ આપનારો, વગર નોકસાંનનો, ઘણીએક રીતનો ફાએદાકારક, નવી નવી ઇઙકતીવાલો, ઘણો હુનરવન્તો, શુંદર, અને બીજી જણાતી (સંકટથી) ફરાગત આપનાર, તેમજ નોકસાંનકારક, તથા દુખાકારક વસ્તુને દુર કરનારો, વગર બીહકનો, આપોઆપ ચલકાટ ભરેલો, અને લોકોની (ઇઆને રેવાજી) રીત ભાંતને તરક કરનારો હોએ તેછે. હમારા સઘલા નીઆંગાંનો અને બાપદાદાઓ, આએ તરેહની (ઇઆને ઉપર જણાવેલી રીતની શાદીનાં) કાંમને દીનની શરત પરમાંણે પસંદ કરીને કરતા આવેઆછ. જારે જે આદમી (આવતી દુનીઆંને લગતો) છુટકારો મેલવ્વાને જારે લોકોને જાંણીતું હોએ, તેહને શુંદર ગણવું. વલી આએજ મતલબને મલતી ગવાહી આપણુને અકલની રાહે પણ મલેછે, કે જે કાંમ, નાલાએક હોએ તે કરવું
૧૮ નહી. જો તમો એમ કેહવા માગતા હોવો કે, તેમ કરવાને (ઇઆને જુદદીન સાથે પરણવાને) તમારા ધરમની અંદર નીચું કહેલુંછે, એટલેજે મજહબની અંદર તેમ કરવાની મનાઈ કરેલીછે; પણ જે ફરમાંનો દાંનાઈને લગતાં હોએ તે સઘલાં ચાલુ રાખવાં જોઈએછે. (તેહના જવાબમાં હમો કહીએચ કે) તે, (ઇઆને જુદદીન સાથે પરણવાનું) ફરમાંન, હમોને દાંનાઈને લગતું અને પેહલ્લે દરજેનું લાગતું નથી, તેહનું કારણ એ છે કે, બારીકીથી ખરી રીતે તપાસ કરીને જોતાં જણાએચ કે, જેમ સઘલાં આદમીઓની પેદાએશ 'બેતીઓદથ' ઇઆને લગન (ની સગાઈ) થી થાએચ, તેમ દરએક જાતની દાંનાઈની ઉતપન્તી, આસ્નેખેરદ (ઇઆને બેહુશતને લગતી કુદરતી અકલ) તથા ગોશોસરૂતખેરદ (ઇઆને દુનીઆઈ એલમ હોનરથી મેલવેલી અકલ) એ બેના સંબંધથી થાએચ; તેમા 'આસનેખેરદ' માદા અને 'ગોશોસરૂતખેરદ' નરછે, આએ બંધે (જાતની અકલ) પેદાના કરનાર દાદારની તરફથી (પેદા થવાના સબબને લીધે) બેહન અને ભાઈ તરીકે છે. અને આએ દુનીઆંને લગતી દરએક હયાતી ધરાવનારી વસ્તુને (દાંનાઈની અંદર) પુખતગી તથા શુધારો, તેહનાં (ઇઆને ઉપર જણાવેલી બેહું અકલનાં) પરમાંણના સંબંધથીછે. એજ રીતે પાંણી જેછે તે માદાછે, અને આતશછે તે નરછે, તેઓની (ઉપલા નીઅમ પરમાણે) પોતપોતાની જાતમાં બેહન ભાઈ તરીકે ગણાવાં જોઈએ. તેઓની એકબીજા સાથની સગાઈને ના તેઓથી અટકા-

વેઆમાં આવેતો, તેથી (ધણીએક ચીજનો) નાસ થાએ, * એટલુંજ નહીં, પણ ખુદ (સઘળી જાંનદાર વસ્તુને) જનમ આપનારૂં વીરજ જે આએ પાંણી અને આતશની કઉઅમતનાં એકસરખાં પરમાણુને લીધે મગજની અંદર ઉતપન થાએય, તેહની ખરાબી થાએ. કારંણ કે પાંણી જો વધારે થાએ-તો તે તેહને કોહવી નાખે, અને આતશ (ઇઆને ગરમી) જો વધારે થા-એતો, તે તેહને બાલી નાંખે.



(૪૧) દાદાર અહુરમજદની દરરોજની બંદગીમાં પઢવા સારૂં ૧
ભલી દીનની સહુમજથી (જોડેલી) સ્તુતી.



જાંણવું કે, ભલી દીનનો જે કોઈ શખસ, દરરોજ (પાંચે ગેહમાંની) ૨
દરએક ગેહને શરૂ થતાં ખોરશેદની સાંમણે દાદાર અહુરમજદની નીઆએશ તથા પત્રત પઢે, તે વખતે અવસ્તાની સાથે આએ બંદગી જરૂર પઢવી. તેમાં જે ભલી દીનનો શખસ (પાક ખોદાતાલાની) આરાધના કરતો હોએ તેણે, તેમજ જે આરાધના કરવાને લાએકનો નહી હોએ તે આરાધના કરવાની ઉમરે પોંહચે તેઆરે, ખોરશેદની સાંમણે દાદાર અહુરમજ-ની નીઆએશ કરતી વખતે આએ નીચે લખી જણાવેલી (સ્તુતીના) કલાંમ સહુમજને ધેઆનથી પઢવા. અને આએ સ્તુતી પુરી કરતી વખતે (ઇઆને આએ બંદગીની સેવટે) તરંણ અશેમવોહુ પઢવી, † અને તે દરએક (અશે-

* આએજગોએ હેરબદે 'આસનેખેરદ' તથા 'ગોશોસરૂતખેરદ,' તેમજ પાંણી, અને આતશને કુદરતની તરફથી ભાઈ બેહન તરીકે પેદા થાએલાં ગણીને તેહની તમસીલ જરતોશતી ધરમ પાળનારા પુરૂષને જરતોશતી ધરમ પાળનારી ઓ-રતની સાથે લગણને લગતી સગાઈ કરવાની તરફેનમાં બતલાવીય, તેમાં હેરબદ પોતે એવું જણાવ્વા મંગેય, કે જેમ 'આસનેખેરદ' અને 'ગોશોસરૂતખેરદ' અને પાંણી તથા આતશ અશો અહુરમજદની તરફથી પેદા થએલાછે, તેથી તેઓ જેમ પોતાની અસલ (ઇઆને અશો અહુરમજદને લગતી) ખુબીઆદના પરમાણીક ગુણથી એક બીજા સાથના મેળાપે ખુબી ભરેલાં કાંમ અથવા પેદાએશને જનમ આપેય, તેમ મજદી-અસ્નની જરતોશતી દીન ધરાવનારાઓ પોતાની કોમને લગતા પુરૂષનાં લગંણ પોતા-નીજ કોમની સ્ત્રીની સાથે કરવાથી લાએક અને ઈમાંનદાર ફરજંદોને જનમ આ-પનારા થાએય. અને તેમ નહી થવાથી (ઇઆને પરકોમ સાથે જરતોશતીનાં લગન થવાથી) તેથી ઉલટું પરીનાંમ નીપજેય.

† આએ જગોએ, આએ બંદગી પુરી કીધા પછી, તરણ 'અશેમવોહ' પઢ-વાનું ફરમાંન આવેલું છે, તે તરણ 'અશેમવોહૂ' ને બદલે હાલમાં શું ઈરાંન કે હી-નદોસ્તાન ખાતે પઢાતી 'નાંમસેતાએશને' ની સેવટે, બે દેકરાઓ પાછળથી વધારે-

મવોહુ) પુરી કરતી વખતે માથું નીચું નાખીને શેજદો કરવો. આએ વખાંણવા જોગ સ્તુતી ભલી દીનના દસતુરની બનાવેલીછે.‡

૩ (હું) સ્તુતી (કરૂંચ) જે (સાહેબ) હમેશાં હતો, હમેશાંછે, અને હમેશાં રેહસે તે આરાધના કરવાજોગ વરધીના કરનાર મીનોયાંન મીનો § નાં (મોબારેક) નાંમની; જેહનું પોતાનું એક (ઇઆને મુખ્ય) નાંમ અહુરમજદછે. જે સરવેથી મોહટો, ગણેઆંણી, પેદાનો કરનાર, પાલનાર, સંભાલ કરનાર, સેહનાર, સવાબનો ખાવંદ, માફી બખશનાર અને ખુબી ભરેલો વાજબી ઇનસાફ કરનાર, ખોદાએ (તાલા) છે. (હું) શુકર (કરૂંચ) તે ખલકના બુજોરગ ખાવંદની, (કે) જેણે પોતાની જાતી સકતી અને દાંનાઇએ કરી વધારે ચહડતે દરજેના છ અમેશાસ્પન્દો, અતીશ્ય યજદો, રોશની વાલું બેહશત, ગરોથમાંન, ફરતું આસમાન, તપતો સુરિય, ચલકતો ચંદ્ર, ઘણીએક જાતના સેતારા, પવન, હવા, આતશ, પાંણી, જમીન, જાડપાંન, ગોસ્પન્દ, ધાતુ, અને આદમીને પેદા કીધાંચ. (હું) આરાધના

આમાં આવેલાછે, તેમાં ઇરાંની જરતોશતીઓને લગતો ફેકરો 'ફીરૂજબાદ ઓરેહઅશીજે દીને માજદીઅસનાંન' થી શરૂ થાએછે; અને હીનદુસ્થાન ખાતેના જરતોશતીઓમાં પઢાતી એ બંદગીની સેવટે 'વીસ્પે સેતાએશને દાદાર અહુરમજદ' થી શરૂ થાએછે. અને આએ ફેકરાઓ શેવટે તરણ મરતબે પઢઆમાં આવેછે, અને તેહની સાથે દર વખતે એક 'અશેમવોહુ' પઢઆમાં આવેછે.

‡ અતરે જે સ્તુતી દરએક જરતોશતીને પઢવા સારૂં આપેઆમાં આવેલીછે, તે આપણને 'દુઆનામ સેતાએશને' નાં નાંમથી જાંણીતી પાક ખોદાએતાલાને લગતી ઓતમ બંદગીછે. આએ બંદગી પાક અવસ્તામાં જણાવેલા દાદાર અહુરમજદની બુજોરગી, મોહટાઇ, તેહની અપરંમપાર સકતી, રેહમ અને માણસજાતનાં બંને જેહાંનનાં સુખને સારૂં તેહની તરફથી થાએલી બખશેશને લગતા એહવાલ ઉપરથી, આપણી દીનના એક કાબેલ અને જરતોશતી ધરમની ખુબીને પુરતી રીતે શહમજનારા દસતુરે સાસાંનીઆંન પાદશાહીના દોરની આગમચ, જે વેલા આવસ્તા જબાંનની શહમજ આપણા લોકમાંથી કમ થાતી ગેઇ અને પેહલવી ભાષાનો ઘણો મોહાવરે વધેઓ તે વેલા, વપરાતી પેહલવી ભાષામાં લોકોને અવસ્તા પઢઆ પછી શહમજીને પાક ખોદાએતાલાની વખાંણ અને ઘટતી સ્તુતી કરવાની મતલબથી જોડી હતી. અને દરએક જરતોશતીને નીઆએશ તથા યશત પઢઆ પછી તે બંદગી શહમજીને પઢવા સારૂં તાકીદ ફરમાવેલીછે. સાસાનીઆંન દોરમાં જેઆરે પેહલવી ભાષાનો રેવાજ પાદશાહી દરબાર ખાતે ચાલવા લાગો, અને પાજંદ ભાષા કે જેહને કદીમ ફારસીને નામે આપણ ઓલખીએચ, તે આંમ લોકોની ઝબાંનની ભાષા થવાને લીધે, પાછલથી ઉપલી પેહલવી બંદગીનો તરજુમો પાજંદમાં થએઓ. અને તે બંદગીને હાલમાં આપણ જરતોશતીઓ પઢીએ છઇએ.

§ મીનોયાંનમીનો—એલકાબ પાક દાદાર અહુરમજદનોછે, કારંણ કે મીનો યજદો તથા બુજોરગ અમેશાસ્પન્દો જેઓને આપણ જોઇ સકતા નથી તેઓ તે સરવે સકતીવાન સાહેબને નજરે જોઇ સકતા નથી.

અને બંદગી (કરૂંચ), તે પુનવન્તા ખોદાવંદની, કે જેણે લોકોની ઉપર હકુમત કરવા તથા લોકોને દેવોની સાંહાંમણે લડાઈ કરવા સાથે મલાવ્વા સારૂં, આદમીને વાચા અને વીચાર સકતી બખશીને આએ દુનીઆંની દરએક પેદાએશની અંદર વહડતે દરજેનું બનાવીઉંચ.
(હું) શેજદો (કરૂંચ), તે સરવે સહમ જ ધરાવનારા, અને બરદાસતના કરનારા સાહેબની હજુરમાં, કે જેણે આરાધણા કરવાજોગ ફરોહરના જરતોશત સ્પેતમાંનની મારફતે, લોકોને પોતાની તરફ દોસ્તીવાલા કરવા સારૂં, જાતી બુધ્ધિ તથા એલમને લગતી સહમજે કરી ઈમાંન લાવ્વાજોગ દીનની દાંનાઈ મોકલી; (કે જે દાંનાઈ) સઘલા હાલના, થઈ ગએલા અને હવે પછી થનારા લોકોને (આએ દુનીઆંમાં) મલાવ્વા સારૂં સરસમા સરસ દાંનાઈછે. એટલે જે (આએ દીનને લગતી દાંનાઈથી) આતમા દોજખની સખતીથી બચનાર અને અશો લોકોનાં રોશનીવાલાં, ખુશબોદાર, હમેશનાં સુખવાલાં, સરવેથી વહડતે દરજેનાં મકાંનોમાં (પોતાને) પોહચાડનાર થાએચ. ૪
ઓ બરદાસતના કરનાર સાહેબ! તારા હોકમ મુજબ (તે) ખાલેસ દીન ઉપર હું એોસ્તવાર (ઈઆને સુસ્ત) છેઉં, અને (તે દીનનાં ફરમાંન મુજબ) દરીએક સવાબને વીચારવા, બોલવા અને કરવાને હું કબુલ છેઉં. તું મહને (મારા) ઘણીએક તરેહના ગુનાહની માફી બખશ, (કે) હું પોતાની જાતી કરણીને સવછ રાખું; અને તું પુનવન્તાં સાહેબની ઈછા મુજબ કરણી, વાચા, મનસકતી, તરક સકતી, હોશ, અને અકલ જે આતમાને લગતી ફ સકતીઓછે, તેહને (ગુનાહની) વગર આલાએશે રાખી, આવતી દુનીઆને લગતો અસબાબ મેલવ્વા સારૂં ભલા વીચારે, ભલા વચને અને ભલાં કાંમે કરી, હું તાહરી પરસ્તેશ કરૂં. કે જેથી હું રોશન બેહસતનો રસ્તો (માહરે સારૂ) ખોલ્લો કરૂં. એટલે જે મહને દોજખની ભારી સજા નહી થાએ, અને હું ચીનવદપુલપરથી ગુજર કરીને ખુશબો ભરેલાં સઘલા સીનગાર સાથનાં અને હમેશનાં સુખવાલાં બેહશતનાં મકાંનમાં પોહચું. ૫
(હું વખાંણ કરૂંચ) તે બખશેશના સાહેબની, કે જે, તેહનાં ફરમાંન મુજબ ચાલનારાઓને, પુનની ઈછાને લગતો નેક બદલો આપેચ, અને આપેશે (ઈઆને ક્યાંમતને વખતે), તકસીરવારોને દોજખથી છુટકારો આપશે, અને સઘલી ખલકને સવછપણાથી સીનગારશે. ૬



૧ (૪૧) (આએ અને આવતી દુનીઆને લગતા) તરીકાઓના સબબ વીસે, ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાંણવું કે, મીનોઇ દુનીઆં અને આએ દુનીઆંને લગતી (ચાલ
ચલંણના) સબબ, બે (જુદી જુદી) તરેહનાછે; તેમાં મીનોઇ દુનીઆંને લગતી
સલાંમતી અને ફરાગત (ઇઆને આવતી દુનીઆંમાં વગર દુઃખે રેહવા અને
શુખ ચેન ભોગવવા) નાં સબબને લગતું કારંણ, યજદોને લગતી ઇછા,
સારી બખ્શેશ કરનારા (ગેબી યજદો) ની કઉઅત, નેક લોકોની દુઆ, અ-
શો લોકોને લગતા પેઆર અને ભલાઓને લગતી સારી મતલબથી (માંણુ-
૩ શને આએ દુનીઆંમાં રેહવાએ) છે. અને (આવતી દુનીઆંને લગતી)
બીમારી તથા સંકટ (ઇઆને આવતી દુનીઆંમાં હલાકી ભોગવવી અને
સંકટમાં રેહવા) ના સબબનું કારંણ, દેવોને લગતા જુલમ, દરંદાંને લ-
ગતાં કાંમ, (દુનીઆંનો) ઘટારો કરનારાઓની બદ દુઆ, જાદુગરોની ફતુ-
તી, અને બુરા લોકોને લગતી ખરાબ મતલબથી (આએ દુનીઆંમાં આદમીને
૪ જીનદગી ગુજારવાએ) છે. (માંણુસને) આ દુનીઆંની સલાંમતી (ઇઆને આએ
દુનીઆંમાં તનદરૂસ્તી સાથે રેહવું), સારી રીતની પરહેજ (ઇઆને પોતાનાં અં-
દાંમની જાલવણી) થી રેહવાએછે; અને ફરાગત (ઇઆને શુખથી તથા પઇસાની
તંગી વગર રેહવું) ઉદીઓગ કરવાએછે. તેમજ (આએ દુનીઆંને લગ-
તી) બીમારી, વગર પરહેજથી (ઇઆને પોતાની કાએઆની સાચવણી રા-
ખેઆ વગર) રેહવાએછે, અને સંકટ, આલસાઇથી (ઇઆને વગર ઉદીઓ-
૫ ગ કરવાએ) છે. જે કાંઇ આવતી દુનીઆંને લગતી સલાંમતી અને ફરાગ-
તછે, તથા જે કાંઇ (આવતી દુનીઆંને લગતી) બીમારી અને સંકટછે, તેહ-
નો સબબ કોણુથીછે ? આએ દુનીઆની અંદર માંણુસને મદદ કરનારી તથા
ઘાત કરનારી સકતીઓથી. આએ અને આવતી દુનીઆંને લગતી મદદ ક-
રનારી તથા ઘાત કરનારી સકતીઓ કેહી ? જે સકતીઓ આએ દુનીઆં-
ની અંદર (માંણુસને સારૂં) સારી વસ્તુ મેલવેચ, અને તેહની (ઇઆને
માંણુસની) સલાંમતી તથા ફરાગતનો વધારો કરેચ તે, તથા જે સકતીઓ તે-
હુને લગતી બીમારી તથા સંકટને પસંદ કરેચ તે. (માણુસ) આવતી દુ-
નીઆંને લગતા સબબવાલું કેમ થાએચ ? અને કોણુથી (તેહને આવતી
દુનીઆંની) સલાંમતીછે ? આએ દુનીઆંમાં મદદ કરનારી પર માંણીક ઇછા

અને બનતી કુશેશથીછે. કોણુથી (માણુસને આવતી દુનીઆંને લગતી) ફ-
રાગતછે ? આએ દુનીઆંની અંદર મદદ કરનારા ઉદીઓગથી. (આવતી ૬
દુનીઆંને લગતી) બીમારી કોણુથી છે ? આએ દુનીઆંની ફરેહબુતને લ-
ગતી ઘાટકી ઇછાથી, તથા (માંણુસને) દુરબલ બનાવનારી જાસ્તીથી. કો-
ણુથી (માંણુસને આવતી દુનીઆંને લગતી) તંગીછે ? આએ દુનીઆંને લ-
ગતી (સવાબનાં કાંમમાં) આડે આવનારી આલસાઇથી. (માંણુસ) આએ ૭
દુનીઆંને લગતા સબબવાલું કેમ બનેય ? અને કોણુથી (તેહને આએ
દુનીઆંમાં) સલાંમતીછે ? ખુશીના સબબવાલા મીનોઇ મદદગારો
(ઇઆને પજદો) થી. (આએ દુનીઆંને લગતી) ફરાગત કોણુ
થીછે ? ગેબી મદદ કરનારા (પજદો) ની સારી બખ્શેશથી. (આએ દુ- ૮
નીઆંને લગતી) બીમારી કોણુથીછે ? ઘાતકી દુઃખકારક વીચારવાલા ગેબી
(દેવો) થી. કોણુથી (આએ દુનીઆંમાં) સંકટછે ? ઘાતકી કાંમ કરનારા
ગેબી (દેવો) ના બુરા આપથી. જે કોઇ ગણેઆંણી હકીમછે, તે આવતી
દુનીઆંને લગતી તથા આએ દુનીઆંને લગતી નેકી અને બદીના સબ-
બને સારી રીતે પીછાંણેય. (માણુસને બંને જેહાંનની) નેકી સાથીછે ? લો-
કોને (ધરમ નીતીની મારફતે) સુધારવાથી. (માણુશને બેહુ જેહાંનની) બદી
સાથીછે ? બદીને, સારૂ મુકરર કરેલા ઉપાએ અને ઉદીઓગ નહી કરવાથી.
(આદમીને) આવતી દુનીઆંને લગતી (નેકી), બખ્શેશ કરનારા પજદોની આ-
રાધણા કરવાએ, તથા તેઓની ખશનુદી મેલવવાએ, અને દરંદાંની ખાસીઅત-
ના દેવોની ઇઆદ નહી કરવાએ તથા તેઓને દુઃખી દેવાએછે. અને આએ દુ-
નીઆંને લગતી (નેકી), અંદાંમની જાલવણીએ, દવાદારૂએ, સારી રીતનો ઉદી-
ઓગ કરવાએ અને સંતોષ રાખવાએછે. (આએ) બેહુ તરેહની (દુનીઆંને લ-
ગતાં કાંમની અંદર) પેહલી (દુનીઆં)ની હયાતીને વાસ્તેનું કાંમ, બીજાના વ-
સીલાને લીધે માણુસો કરી સકેય. માટે જે ધરમગુરૂઓ આએ પરમાંણે લોકોને ૯
ચલાવવા સારૂ, મજહબને લગતું થોડું કાંમબી નહી કરનારા હોએ, અને જો
તેઓ ધરમને લગતી કાએદાસરની સહમજ વગરના હોએતો, તેઓને (ધર-
મને લગતાં) ગણેઆંણુની વગર વકુફને લીધે (તેઓના ઓધાથી) દુર કરવા.



૧ (૫૮) આએ દુનીઆંનાં લોકોને તરેહવાર રીતની નશીહતથી ચલાવ્વા વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાણવું કે, આએ દુનીઆંનાં લોકોએ (પોતાના) જોસ્સાઓને, એબ આપનારા (હેરેમન) ની આલાએશવાલી હાલતમાં, (પોતાના) પેદા કરનારને લગતા થેડાવથી ચલાવ્વા, એ તરેહવાર રીતછે. એટલે જે (માણસ) હયાતીને લગતી માલમતાને સારૂં પોતાના જોસ્સાની મારફતે, ઉલટા જોસ્સાવાલાઓની તરફ ફરેઆ વગર, ખોદાતાલાને લગતા થેડાવથી પોતાને ઘણીએક રીતે ચલાવી સકેચ. તેમાં જે કોઈ (પોતાના) જોસ્સાની મારફતે (આવતી દુનીઆંની) મોહટાઈને લગતું કાંમ કરનારછે, તે પોતાની દરએક સકતીને (બેહશતની) ઉમેદ અને (દોજખની) ધાસ્તીથી ચલાવેચ; તેમજ તે ફશકન્તને માટેની ઇચ્છા બદનના જોસ્સાની અંદર રાખીને ચાલવાની લોકોને સીખાંમન આપનારછે. કે (લોકો) તેહવા જોસ્સાથી પોતાને ચલાવ્વાથી, તથા અકલની મરજી મુજબની હીલચાલ કરાવ્વાથી પોતાને અટકાવે નહી. અને સારા ખવાસથી પોતાને સીનગાર આપનારા, તથા સમારનારા થાએ. ઘણું કરીને આદમી (નેક) જોસ્સા સાથે પોતાને ચલાવનારૂં, દીનને લગતી દાંનાઈ અને હકુમતની મારફતે પોતાને (આએ દુનીઆંમાં) ચલાવવાએ, (સવાબનાં) કાંમ કરવાએ, અને (ગુનાહથી) દુર રેહવાએ થાએચ. અને તેવીજ બીજી ઇચ્છા રાખવાએ, (આદમી) એબ આપનાર (એહરેમન) ની ઇચ્છાવાલી સકતી ધરાવનારા જોસસાની મારફતે (પોતાને) ચલાવ્વાનાં કાંમને પુરતી રીતે હાંણી પોહચાડનારૂ અને લોકોને ફશકન્તને લગતા ચહડતા દરજાને માટેનો સંબંધ આપનારૂં થાએચ.



૧ (૫૯) સ્પેનામીનોને ઘનાહમીનોની ઊપર ચલાવ્વા વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાણવું કે, 'સ્પેનામીનો' નાં નામનો અસલ ખોલાસા સાથનો અર્થ 'ચહડતે દરજેની દાનાઈ વાલો' અને 'ગનામીનો' નો અર્થ 'ફાએદાને ટોડનારી બુરી દાંનાઈ વાલો' હેવો થાએછે. સ્પેનામીનોને ઘનાહમી-

નોની ઉપર મલાવવા વીશે આએ રીતે ખોલાસો કરેઆમાં આવેલોછે કે, કેટલીએક ઘંનાઈ ધરાવનારી (ગેબી) સકતીઓ, (માંણસને) મહડતે દરજ્જેનું બનાવ્વાને મારેનીછે, અને કેટલીએક બુરી સમજનો વધારો કરનારી સકતીઓ, (માંણશને) કંગાલ બનાવ્વાને મારેનીછે. તેથી આદમીઓની અંદર જે કોઈ ડાહાપણવાલું (ઈનસાંન) છે, તે બુરી બુધિથી (પોતાને) મલાવનારાં (ઈનસાંન) ઉપર ઘણીએક રીતે મહડતો દરજ્જો ભોગવનારૂછે. અને જે (ઈનસાંન) બુરી બુધ્ધિવાલુંછે, તે પોતાને ડાહાપણથી મલાવનારૂં નથી, તે વાત દીનની સહમજથી દેખાઈતીછે. મારે આએ દરીએક મીનો પોતે, જાતે હીલચાલ કરનાર, તેહની તરફ મલાવનારાં (ઈનશાંન) થીછે. તેમાં સ્પેનામીનોની તાબેદારીને લીધે તે, (ઈઆને આદમી) વીખરાઈ જતું નથી, (ઈઆને પોતાના પેદા કરનારથી જુદું પડતું નથી.) અને તેહને સઘલી કેસમનો લાભ આપવાને મારેની ઘનાહમીનોની નીશાંની જણાતી રેહચ. (માંણસ) સ્પેનામીનોને પોતાની અંદરથી બાહેર કાહડવાએ, પોતાની અંદર ગનાહમીનોની જાતને ઘણીએક મતલબથી મલાવનારૂંછે. તેમાં મુખ્ય કારણ તો એછે કે, (માંણશ) ઘનાહમીનોની ધરારો કરનારી સકતીઓના સંબંધને લીધે, પોતે સ્પેનામીનોની પેદાએશને દુઃખ દેનારૂં અને નોકસાન કરનારૂં થાએચ. અને તે વીસેની બેખબરીની સાહમજ ઘનાહમીનોને ફશોકન્તને વખતે આપોઆપ મલસે. અને જેઓ પોતે ઘનાહમીનોની મારફતે પોતાને મલાવનારાછે, તે (દેવ દરૂજો) તે વેલા આજીજ અને કમજોર થસે.



(٨٠) (મજદીઅસ્નની) દીનની દોસ્તીના તરીકા અને તેહને માટેના હોકમ વીશે ભલી દીનને લગતો ખોલાશો. ૧



જાંણવું કે, ભલી દીનની દોસ્તી અગત કરીને આએ (નીચે લખી જણાવેલી) બે રીતથી થાએચ. (તેમાં એક) ભલી દીનની સહમજ મેલવ્વાથી, (અને બીજું) તે (દીન) ના હોકમ પરમાંણે ચાલવાથી (માંણસ ભલી દીનનું) દોસ્ત, નેક દીઆંનત વાલું, પવીત્તર, બેહસ્તી અને ગરોથમાંનને લગતું થાએચ. અને જે કોઈ ભલી દીનની દોસ્તીનું તથા તેહનાં ફરમાંન મુજબ ચાલવાનું ગણેઆંન મેલવતું નથી, તે (આદમી) બુરી દીન વાલું, ૨ ૩

(ઇંઆને વગર નીતીનુ) તથા (આવતી દુનીઆમાં) નેકીને સારૂં આ-
તુરતા વાલુંછે.*

---

૧ (૮૫) અગમબુદ્ધિ વાલાં (માણસો) ના ઊદીઓગ, તથા (ગુના-હની) પરહેજ વીસે ભલી દીનને લગતો ખોલાસો.

---

૨ જાંણવું કે, અગમબુદ્ધિ વાલાં (માંણશો) નું કાંમ, જેમાં ઘણો ફાએદો હોએ, તેહેને લગતો ઉદીઓગ કરવાએ, સારી મદદ મેલવ્વાનુંછે. અને તેમ કરવાથી, તેહને જે આએપત મલેચ, તે તેહનાં રવાંનની નેકી અને સવાબને લગતીછે. તેમજ (તેહનું કાંમ) જેથી વધારે નોકસાંન થાએચ, (તેહવાં કાંમથી) દુર રેહવાનુંછે. અને તેમ દુર રેહવાએ તેહને જે મદદ મલેચ, તે પાપ તથા રવાંનને લગતી બદીને ઢાંકી નાખવાનીછે. તેથી, જો (માંણસ) આએ દુનીઆંને લગતા ફાએદાની મારફતે, (ઇઆને આએ દુનીઆંમાં મલતી સારી જોગવાઇએ), સવાબની આએપત વગર કબુ નહી રેહતો, ચહડતે દરજજેનો ઉદીઓગ કરવાને તે ખરેખર લાએકનુંછે. અને જે કોઇ આએ દુનીઆંને

---

* આએ-દુનીઆંમાં નેકી કરવાથી દુર રેહેલું તથા ગુનાહે કરવામાં આગલ વધેલું માણસ, આએ દુનીઆંથી ગુજરી ગીઆ પછી, મીનોઇ જેહાંન્નમાં પોતાનાં કરતુકની સજા ભોગવતી વખતે, નેકીનાં કાંમ તેણે આએ દુનીઆંમાં નહી કીધાં તે વીસેનો પસ્તાવો કરી, પાછું આએ દુનીઆંમાં આવીને નેકી કરવાની આતુરતાઇ બતલાવેચ, તે વીસે 'દાદસ્તાને દીની' નાંમની પેહલવી-કેતાબમાં નીચે જણાવેઆ મુજબનું વરણન આવેલુંછે.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

'હુંએ, ગેતી (ઇઆને આએ દુનીઆં) ને લગતી હીલચાલ અને હયાતીની અંદર, ગુનાહનું નીવારંણ અને પુણનો જખીરો કાંએ નહી કીવો ? કે તેથી મહને ચહડતે દરજ્જેનો વધારે બદલો મલતે અને જેથી માહરી જાતને લગતા ગુનાહનું નીવારંણ અને માહરાં રવાનનો (દોજખની સજાથી) છુટકારો થઇ સકતે. હમણાં ગેતીને લગતાં દરીએક શુખમાં જીનદગી ગુજારવાથી, મીનોઇ દુનીઆંને લગતી ચહડતે દરજ્જેની ઉમેદમાં હું નીસફલ થએઓ; અને સખતી ભરેલી સજા તથા ઘણી તસદી ભરેલી ધાસ્તીને હું સવાધીન થએઓ છેઉં. આએ વખતે (પેલાં કસુરવંત માણસને) બદન સાથની દુનીઆંમાં પાછું જવાની ખાહેશ થાએછે.'

લગતાં નોકસાનની મારફતે, (ઇઆને આએ દુનીઆંમાં મલતી બુરી બોજ-વાઇએ), જો પાપ કરેઆ વગર થોડો વખતબી જવા નહી દીએતો, તેથી તે (માણુશ દોજખથી) છુટવાનું નથી. માટે જે (આદમી) ગુનાહની પરહેજ, (દો-જખનો) ડર, અને નેકીની કાલજી વગરનું હોએ, તે અગામ બુધ્ધિવાલું નથી.



(૫૫) મજદીઅસની દીનનો થોડો, મધ્યમ અને ઘણો શરસ ૧
સંબંધ અને તેહને લગતા ફાએદા વીસે ભલી
દીનને લગતો ખોલાસો.



જાંણવું કે, મજદીઅસની દીનને માટેનો સરવેથી નાહલો સંબંધ, દીન ૨
ઉપર એક માંણુસના વીચારને ઓસ્તવાર (ઇઆને ઇમાંનદાર) કરવાએછે. અને તેમ કરનારો શખ્સ, તે (દીન) ના દશતુરના વસીલા તરીકેછે. અને તેથી ફાએદો* એછે કે, તે આદમીના (મજદીઅસની દીન સાથના) સંબંધથી, દરૂજ તે આદમીથી જુદો પડવાએ નબલો પડેછે, અને તેથી યજદોની કુ-ઉઅતનો વધારો થાએછે. મજદીઅસની દીનને માંટેનો મધ્યમ સંબંધ, એક ટોલાના વીચારને બલી દીન ઉપર ઓસ્તવાર કરવાએ, તથા તેને હ-મેશાં અહુરમજ્દને લગતા વીચારથી રાખવાએછે. અને તેમ કરનારાઓ આપણા જરથુશતરોતુંમની દશતુરીને માટેના (વસીલા તરીકે) છે. અને તેથી ફાએદો એ થાએચ કે, તે ટોલાના (મજદીઅસની દીન સાથના) સં-બંધથી, તેહનીથી દરૂજ જુદો પડવાએ તે ઘણો નબલો થાએછે. અને
તેથી ઇજદોને ઘણી કુઉઅત મલેછે. મજદીઅસની દીનને માટેનો સરવે ૩
થી સરસ સંબંધ, ખલકનાં તમાંમ લોકોનો વીચાર બલી દીન ઉપર મજ-બુત થવાએ, તથા દુનીઆંના સરવે માણુસોનો વીચાર એક જરથુશતરો-તુમ* ની મારફતે અહુરમજદની સાથે એકમલતો હોવાએછે. અને તેથી ફાએદો એછે કે, યજદોને, દીનનો સંબંધ ધરાવનારાં સઘલાં આદમીઓ-ની ફોજની મારફતે, દરૂજને (તેહની) વગર ફોજના સબબથી અસકત અને

---

* જરથુશતરોતુમ—આએ બોલ, પેગમબર જરથુશત પછી થનારા પેગમબ-રોના, તથા પેગમબરના જાએનશીન તરીકે આખા જરતોશતી ટોલાની ઉપર મુ-કરર કરેઆમાં આવેલા સરવેથી વડા દશતુરાંનદશતુરના, એલકાબ તરીકે વપરાએલોછે. પાક અવસ્તામાં આએ બોલ '[illegible] જરથુશત્રોતેમો' કરીને વપરાએલો આપણને મલેછે. અને તે ઉપરથી ઉપલા પેહલવી બોલની ઉતપતતી થાઇછે. વી-

તાબેહાર કરવા અને તેહને તોડવા સારૂ, અરસપરસની મદદ મલશે. ફ્રશોકરતને લગતાં કાંમને સારૂ સઘલાં આદમીઓની એકસરખી ફોજનું બનવું, યજદોની કઉઅતથીછે, અને તે કઉઅતની અસર (સઘલાં આદમીઓની અંદર) હોવાને લીધે, હમેશાં સઘલાં આદમીઓ દરૂજનો ઘટાડો કરવા સારૂં, ફતેહમંદ સોસીઓશાની સાથે એકસરખી ફોજ તરીકેની કઉઅત ધરાવનાર થશે. અને પાક દાદારની ઈચ્છા મુજબ બલી દીનની સહમજને લગતો શુધારો દુનીઆંઓની અંદર અપાસે.

સ્પેરદના ૧ લા કરદાના ૩૦ માં ફેકરામાં, તથા 'અઇવિસ્રૂથ્રેમ' ગેહના ૯ માં ફેકરામાં આએ બોલ ઉપલી મતલબને મલતી સહમજથી વપરાએલો આપણને મલેછે. જેમકેઃ—

[illegible]

'હું અહુરમજદને લગતી પુછપરછ, (ઇઆને મજદીઅસની દીનને લગતી સહમજ), અહુરમજદને લગતા મજહબ (ઇઆને મજદીઅસની દીનને લગતી ચાલચલણ), અહુરમજદને લગતા નીઆધીસ, (ઇઆને મજદીઅસની દીનનાં ફરમાંન મુજબનો ચુકાદો કરનાર), અને અહુરમજદને લગતા જરથુશતરોતુમ, (ઇઆને વડા ધરંમગુરૂ) જે પવીતર, અને પવીતરાઈનાં મુલછે, તેહની યાદ કરંચ; અને (તે વીસેની બીજાં લોકોને) ખબર આપુંચ.'

[illegible]

'જે અશો મરદ, ઘણું કરીને સારૂં વીચારનારો, સારૂં બોલનારો અને સારૂં કરનારો, ઈમાંનદારીથી ચાલનારો અને પાપને પસંદ કરનારો નથી, તથા જેહનાં કાંમોથી દુનીઆંનાં લોકો જરથુશતરોતુમને લગતી, (ઇઆને જરતોશતી ધરમનાં વડા ધરમગુરૂનાં ફરમાંન પરમાંણેની), આરાધના અને બંદગી કરવા સારૂં, (પોતાની) પવીતરાઈમાં વધારો કરે, તેહની હમો વખાંણ કરીએચ. (તેમજ) અશો જરથુશતરોતુમ, જે પવીતરાઈનો સાહેબછે, તેહની હમો વખાંણ કરીએચ.'

† જુવો 'દીનકર્દ' કેતાબનાં ૧ લાં પુસ્તકને ૨૮ તથા ૨૯ મે સફે 'સોસીઓશ' વીસે આવેલું વરણન.

(૮૮) મજદીઅસની દીનનાં તેજને વધારનાર તથા તેહને ૧
ઝાંખ પોહચાડનાર (કોણછે) ? તે વીસે ભલી
દીનને લગતો ખોલાસો.



જાંણવું કે, જે કોઈ મજદીઅસની દીનની સહમજથી, જરથુશતરો- ૨
તુમ તથા અશોરદ (ઇઆને ધરમગુરૂ) નાં ફરમાંન પરમાંણે, પોતાની દીનના
અશો લોકોમાં સખાવત કરનારો, તથા તે (દીન) ની નીશાંન (ઇઆને શુદરેહ
કુશતી લોકોમાં) આપનારો, અને તેહને લગતું બોલનારો તથા તે ઉપર પે-
આર રાખનારો હોએ, તે મજદીઅસની દીનના તેજને વધારનારોછે. અને ૩
જે ધનાહમીઓના તરીકાની સહમજ રાખનારો, ભલી દીનને આડે આવ-
નારો અને તેવાજ વીચારનો સંબંધ (લોકોને) આપનારો હોએ, તે દીનને
ઝાંખ પોહચાડનારો 'ફરેહબુત' તથા 'અઈબેબુત' છે.



(૮૯) હુપાતીની તરફ નજર રાખીને (માંણસે) સંતોષ અને ૧
ઊદીઓગને ચાલુ રાખવા વીસે ભલી
દીનને લગતો ખોલાસો.



જાંણવું કે, જે કોઈ (આદમી) બુજોરગીને લાએકનુંછે, તે સંતોષ ૨
રાખવાને સકતીવાંનછે, અને તે ઘણી હલકી દોલતને (ઇઆને આએ દુની-
આંની વસ્તુ જે નીચ મારગે મેલવી સકાએ તેહને) વજન આપતું નથી.
પણ તે લાંમબી જીનદગીને લગતા સંતોષ* ને વધારે ચહડતે દરજેની
કઉઅત તરીકે ગણેચ, અને તે બુજોરગ સંતોષ ઉપર (પોતાનું) ધેઆંન
આપેચ. અને જે કોઈ હમેશની ખુશીવાલોછે, તે મીનોઇ મકાંનનો નેક
બદલો મેલબ્વા વીસેનો ઉદીઓગ ચાલુ રાખવાએછે.

---

* લાંબી જીનદગીને લગતો સંતોષ—તે જે કાંમથી આવતી મીનોઇ જેહાંન-
માં શુખ મલે, તેહવાં કાંમને લગતા સંતોષને સહમજવો.



૧ (૧૦) પાક દાદારની તરફથી આદમીને સવાબનો બદલો અને ગુનાહની સજા મલવાનાં કારણ વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાંણવું કે, પાક દાદારની તરફથી, આદમીને સવાબનો બદલો તથા ગુનાહની સજા, એ બેહુ ચીજછે. તેમાં અગત કરીને (માંણસ) ગુનાહની સજા વાલું, સવાબ કરવાથી દુર રેહવાએ, અને જાણીજોઈને ગુનાહ કરવાએ થાએચ. અને પોતાને સારૂ પસંદ કરવા જોગ તરીકા વાલું, (ઈઆને પુણ્યવન્તું), ગુનાહ કરવાથી દુર રેહવાએ, અને સવાબને માટેનાં કાંમ કરવાએ થાએચ. (આએ દુનીઆંમાં સંકટને) સેહન કરવા સાથે (પોતાના) આતમાને સારૂ પવીતરાઈનું કામ કરવાનો સબબ, આદમીને પોતાની જાતની અંદર દોસ્ત તરીકે પોતાના પેદા કરનારને રાખવાથીછે. જે આદમીની અંદર અકલ તથા દીનને લગતી ઈચ્છા અને બીજા સારા ગુનોછે, તે, તેહને સવાબનો સંબંધ આપનારા વસીલાછે. માણસ પોતાના પેદા કરનારની તાબેદારી કરનારૂં, સવાબના વસીલાની કઉઅત તથા સહમજેછે. અને તે (વસ્તુઓ), આદમીને ગુનાહથી દુર રેહવાની પુરતી રીતે સહમજ આપનારછે. સવાબનું કાંમ આદમીની પુરતી મદદ કરેચ; અને તેહને લીધે (આવતી દુનીઆંના) નીઆઘીસો, ગુનેહગાર આદમીની સજાને માફ કરનારાછે. માટે આદમીઓની અંદર જેકોઈ શખ્સ ગુનાહનાં કાંમનો અટકાવ કરનાર તથા કોઈબી એબને નહી ઉઠવા દેવાના વસીલા તરીકે (હોએ), તે ગુનાહનો ઉપાએ કરનારો હકીમ, તથા માંણસોને ગુનાહથી પાછાં રાખનાર અને સવાબથી દીનદાર બનાવનારછે. અને તે શખ્સ માંણસોને ગુનાહ અને સવાબને પીછાણવાનો મારગ બતલાવેચ તથા તેઓની અંદર (આએ દુનીઆંમાં) સવાબનો બદલો અને ગુનાહની સજા કેટલી ભેલસેલ રેહચ, તેહનો (વીસ્તાર) પુરતી રીતે જણાવેચ.



(૧૧) (પાક ખોદાએતાલાની) સ્તુતી કરવા અને આભાર માંગુવા વીસે, ભલી દીનને લગતો ખોલાસો. ૧



જાંણવું કે, પેદાનો કરનાર (પાક ખોદાએતાલા), જે સઘલી પરકારની ૨
સ્તુતી કરવાને અને સરવે રીતનો આભાર માંગુવાને માટેનોછે, તેહની સ્તુતી
કરવા અને આભાર માંગુવાને સરવે કોઇ બંધાએલાછે. કારણ કે, જેઓ
પ્રમાંણ અથવા હદ વાલાછે, (એટલેજે જેખી યજદ અમેશાસ્પન્દને તે સા-
હેબે પોતાની તરફથી હરએક કાંમને લગતી સકતી બખશીછે, તે હદ અને
માફકસરછે), તેઓની ઉપર તે સાહેબ વગર હદ અથવા પ્રમાંણ વા-
લોછે. વગર હદ અથવા પ્રમાંણની મતલબ એછે કે, તે સાહેબ સઘલી પેદા- ૩
એશને પેદા કરનાર તથા તેહને હયાતી આપનાર હોવાથી, તે પેદાએશના
સંબંધને માટે, (ઇઆને તે સઘલી પેદાએશ તેહની પોતાનીછે તે વીસે),
જાણીતોછે. અને જેઓ પ્રમાંણ (અથવા હદ) વાલાછે, તે અમેશાસ્પન્દો, ૪
મીનોયજદો, સુરિય, અને બીજા રોશણ સેતારાઓ, તથા સખી પાદશાહો
અને બીજા લોકોછે. તેથી સઘલી મીનો અને ગેતીને લગતી હરીએક ૫
(પેદાએશ), તેહને આબાદ રાખનારાઓની સ્તુતી કરવાને બંધાએલીછે.
તેમાં આએ દુનીઆંની પેદાએશ, (તેહને) આબાદી આપનારાઓમાંના હર-
એકની, હરએક આબાદીને લગતાં પ્રમાંણ વાલી સકતીને સારૂ, આભાર
માંગુવાને બંધાએલીછે. માટે (આપણી તરફથી) મીનો અને ગેતીને લ-
ગતા જે યજદોની સ્તુતી કરવા અને આભાર માંનવામાં આવેચ, તે અ-
સલ પેદાના કરનારનો સંબંધ તેહમાં હોવાને લીધેછે.*

---

* આપણ જરતોશતીઓ પાક ખોદાએતાલાની બંદગી કરતી વખતે અવસ્તા-
માં ફરમાવેલા હોકમ મુજબ અમેશાસ્પન્દો અને બીજા યજદોની વખાંણ કરીએચ,
તથા તેઓનો આભાર માંગીએચ, તેહની ખરી અને ખોલાસા ભરેલી સહમજ,
આએ બાબતને લગતો છેલ્લો ભાગ આપણને બતલાવેછે. અને તે ઉપરથી
આપણને જણાએછ કે, અમેશાસ્પન્દો અને યજદોમાં જે સકતી અને ગુણોછે,
તે અશો અહુરમજદે તેઓને બખશેલાછે; માટે તે સકતી અને ગુણો તેઓમાં
હોવાથી તેઓ ઇનશાંનની તરફથી સ્તુતી કરવા અને આભાર માંગુવાને લાએકના-
છે. જો અહુરમજદની સકતી અને ગુણ તેઓમાં નહી હોએતો, તેઓ કોઇબી પર-
કારે આદમીની તરફથી વખાંણ કરવાને અને આભાર માંગુવાને લાએકના નથી. તેઆ-
રે ઇજદ અમેશાસ્પન્દોને લગતી સ્તુતી, પાક દાદારને લગતી વખાંણ કાંએ નહી ગણાએ?
અશો અહુરમજદે પાક અવસ્તાની અંદર આપણા અશો પેગમબરને ફરમાવીઉ છે કે,
[illegible]
[illegible]

૧ (૧૧) દુનીઆંમાંથી નોકસાંનકારક હલાકીને દુર કરવા વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાંણવું કે, દુનીઆંમાં જે કાંઈ નોકસાંન કરનારી હલાકી હોએ, તે દરીએક હલાકીને તાંહાંથી દુર કરવા સારૂ, રઈઅતના વડા પાદશાહે હકુમતને રૂએ (પોતાની તરફની) કાલજી બતલાવવી; કે તેમ કરવાથી તે (પાદશાહ) પાક દાદારની તરફ વધારે પેઆર બતલાવનારો થાએ. પણ જો આએ (નોકસાંનકારક હલાકી) કેથે જણાએ, અને તાંહાં તેહનો અટકાવ તે એખલા (પાદશાહ) થી નહી થાઈ સકે, અથવા તે વીસેની તે કાલજી નહી રાખે અથવા તો (તેહનો ઉપાએ કેમ કરવો તેહને તે) સહમજી નહી સકે; તો જે (પાદશાહ) બુરાઈ ઉપર સકતીવાંન થવામાં અસકત અને નબલો હોએ, તથા (તેહને લગતા ઉપાએને) નહી સહમજી સકતો હોઓ, તે દરીએક તરેહનો ઈનસાફ આપવાને દેખઈતો નાંલાએકછે; માટે હકુમત કરનારા (રાજા) ઓએ ઈનસાફને ખાતર તેહની સાથે લડાઈ કરવી (સજાવારછે).

[illegible]

[illegible]

જેકોઈ અંધારાંનો, અંધારી બુનીઆદના દેવોનો, ચોરો તથા વાટપાડાઓનો, જાદુગરો, અને પરીઓનો અને નાસકારક પીડાનો અટકાવ કરવા સારૂ, (અશો અહુરમજદની તરફથી પેદા કરેઆમાં આવેલો) જે નુરમંદ, ખેમરગ અને તેજ આલનો સુરિયછે, તેહની યાદ કરેચ, તે (ગોએઆ) અશો અહુરમજદની ઈઆદ કરેચ.

તીરયશત કરદો ૧૬ મો, ફેકરો ૫૦ મો.

[illegible]

[illegible]

[illegible]

ઓ સ્પેતમાંન જરતોશત! જેમ માહારી આરાધના, બંદગી, ખશનુદી અને વખાંણ કરેઆમાં આવે, તેમ આરાધના, બંદગી, ખશનુદી અને વખાંણ કરવાજોગ, હુંએ તિશતર સેતારાને પેદા કીધોચ.

આએ અને એને મલતી મતલબના ઘણા ફેકરાઓ પાક અવસ્તામાં આવેલાછે, તે ઉપરથી ખોલી રીતે જણાએચ કે, પાક દાદારે યજદ અમેશાસ્પનદોની સ્તુતી અને ઈઆદ કરવા સારૂ આપણને ફરમાવીઉંચ, તે, પોતાની કુદરતી સકતી તેઓની અંદર હોવાથીછે, અને તેજ સબબને લીધે તેઓને લગતી સ્તુતી તથા ઈઆદને પોતાની સ્તુતી તથા ઈઆદ તરીકે ગણીછે.

(૧૪) જમીનને નોકસાંન થવા વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧



જાંણવું કે, જેમ આદમીના બદંનની અંદર પવન ચાલુછે, તેમ જ- ૨
મીનની અંદર જમીનના શુધારાને શારૂ પવંન હમેશાં ફરતો રેહ-
ચ, અને જેમ આદમીનાં સરીરની અંદર પવનને ગુજર કરવા-
નો મારગછે અને તેહમાં તે ચાલેચ; તેમ જમીનની અંદરબી-
છે. જેમ (માણસનાં) સરીરની અંદર પવનને હીલચાલ કરવાનો મારગ
હોવાથી તેનાં અંદાંમની હયાતીછે, અને કોઈ જગોએ પવનને મારગ ન-
હીં મલવાથી, તે શરીર મોતમંદ થાએચ; તેજ બદનને લગતી હાલત જમી-
નની અંદર (પવનનો) મારગ બંધ થવાથી બનેચ. જેમ બદનની અં-
દર ફેરફાર કરનારા આડી ચાલચલણના તરીકાઓ (ઇઆને ઉલટા બનાવની
ઉતપન્તી કરનારા સબબો), (બદનનો) નાસ કરેચ, તેજ પરમાંણે જમીનની
અંદર ઉલટી ચાલચલણવાલા તરીકાઓથી પવન (ને ફરવા) નો મારગ
બંધ થાએચ, તેથી જે તરફ ઉપર પવનનો મારગ બંધ થાએચ તે તરફ
પવનને (પોતાનો) મારગ નહી મલવાને લીધે (જમીનની અંદર) નોકસાંન
થાએચ. જેમ પેંલા જાદુગર અફરાસીઆબ તુરે, ઘણીએક ફલદરૂપ જમી-
નને વગર પાંણીની, માંણુશ વગરની, અને ઉજડ કરવા સારૂં જાદુઇની મા-
રફતે કરીઉં હતું. વલી ભલી દીનને લગતી સહમજની અંદર જણાવેલું-
છે કે, હમેશાં જમીનની અંદર પવન આતશથી ગરમ થાએચ, અને તે ની-
ચેથી જોશ કરીને ઉપર આવેચ, તેથી (જમીનને) નોકસાંન થાએચ. અને
તેહના બે ટુકડા પડેચ; જેમ આદમીનાં બદનની અંદર પવનનું ઉઠવું
આતશથી જણાએલુંછે, તેમ જમીનની અંદર (આતશથી પવનના ઉઠવાએ)
ધરથીકંપ અને (બીજુ) નોકસાંન થાએચ.* તેથી દરીએક ગુલ (ઇઆને

---

* જોરઓપાસ્તાન—નાંમની ફારસી કેતાબ જે પાદશાહ નોશેરવાંન આદેલના વખતમાં આએ પાદશાહના દાંનેશમંદ વજીર અબુજરચમેહરના એક આજરપજોહ નાંમના શાગેરદે, પેગમબર જરતોશતે હીનદુસ્થાનના રાજા ઉપર લખેલા એક પેહલવી રેશાલાનો પાદશાહ નોશેરવાંનના હોકમથી તરજુમો કરેલોછે, તેહમાં ઉપલી બાબતને લગતું વરણન આએ રીતે આવેલુંછે:—

زوزهٔ تف دود آمیزی که در کودهای زیر زمین هویدا گردد و زوری
در او پیدا گردد و گاهی که تفهای پی‌دریی اورا مدد دهد جای استادن

જાત) પોતે આરાસ્તગી ભરેલી તે (ઇઆને આતશ અને પવન) ને લગતા પ્રમાંણના સબબથી રેહચ. અને વગર પ્રમાંણના સબબથી તે જાત ખરાબ થાએચ. માટે દીનની અંદર જણાવેલુંછે કે, (સઘલી) ઉતપન્તીને કાએદાસર રાખવી, એ, ભલી ગેબી સકતીના વધારે પોહચવાએછે, અને વગર પ્રમાંણે રાખવી, એ, બુરી ગેબી સકતીથીછે. આતશની તલુઆત પવનથીછે, અને પવનને ચલાવનાર આતશછે, જો તેઓ પોતાના સાંઝનમાં બરોબર હોએતો, પવનથી આતશને જીનદગી તંથા તલુઆતછે; અને આતશથી પવનને ચલાવ્વાની સકતીછે. અને તેહનીથી સુધરનારી વસ્તુઓ સલાંમતી અને આસાંનીથી રેહચ. અને જે વસ્તુઓ તેના સાંમાંનથી પ્રમાંણ વગરની થાએચ, તેનાં તનની અંદર પવનનાં કરતાં આતશને (તેના) જોસ્સાની અંદર કમજોર થવાએ તથા આતશથી પવનને ઉઠવાની સકતી ખરાબ થવાએ, તે (આતશ) અને પવનથી શુધારો મેલવનારી (વસ્તુઓ) જેવી કે, જમીન, પાંણી, ઝાડપાંણ, ગોસ્પન્દ અને આદમીઓ છે તે, નોકસાંન પાંમેચ.

ندارد زوری کند تا زمین بشگافد و ازان کودبدر جهد و آن زمین کاهی که زمین خشک بستهٔ بود با زمین بالای سنکستان شکافتن تف دود آمیز و بیرون آمدن ازانجا نهٔکاریست آسان و آن تف از مدد نخست از خود جنبشی کند و انگاه برخی ازان زمین‌را بجنبش آرد خرد این جنبش‌را زمین‌لرز می‌شمارد و آن تف دود آمیز پرزور که زمین‌را بلرزاند گوشهٔ از زمین‌را بشگافد

ગરમીની ધુઆં સાથની જે કઉઅતછે, તે જેહારે જમીનની ભીતરના ભાગોની અંદર એકઠી થાએચ, તેઆરે તેહમાં એક જાતની કઉઅત પેદા થાએચ, અને જેઆરે તેહને ઉપરાસાપરી આતશની ગરમી પોહચેચ, અને તે બાફને રેહવાની જગો મલતી નથી, તેઆરે તે જોર કરેચ; તેથી જમીન ફાટેચ, અને તે મારગેથી તે બોખાર બાહેર નીકલેચ. અને જો કોઈ વખતે તે જમીન શુકી અને પોરસ વગરની હોએચતો, તે ઉપરની પથરને લગતી જમીનને ફારવાનું અને તેમાંથી બાહેર નીકલવાનું કાંમ તે ધુમાડાં સાથની આતશની ગરમીને (ઇઆને બાફને), ઘણું મુશકેલ થાઇ પડેચ, તેથી તે આતશની ગરમી તેમાંથી બાહેર નીકલવા સારૂં કુદરતની મદદથી પોતાની તરફની જે કાંઈ હીલચાલ કરેચ, તે વેલા પેલી જમીનને તે કેટલેએક દરજજે ધુજાવેચ, જેહને આપણ ધરતીકંપને નાંમે ઓલખીએચ, અને જેઆરે ધુવાં સાથની આતશની ગરમી વાલી કઉઅતમંદ સકતી જમીનને ધુજાવેચ, તેઆરે તે, જમીનની અંદરના એક ભાગને ફાડેચ.



(૧૪) પઓઇરીઓદકએશીઓ*ના કેહવા મુજબ (કેટલીએક વસ્તુથી) દુર રેહવા વીસે ભલી દીનને લગતો ખોલાશો. ૧



જાંણવું કે; પેદાના કરનાર (અશો અહુરમજદ) ને ખરાબ વસ્તુ પસંદ નથી, તેથી જાંહાં બુરી વસ્તુ હોએ તાંહાંથી દુર રહેવું. જે ચીજ દાદારને પસંદ નથી, તે ચીજને આપનારો તે નથી, માંટે તે(હવી વસ્તુ)ને અહુડતે દરજેની ગણવી નહી, અને તેથી દુર રેહવું. જે વસ્તુની સહમજ ૨

* પઓઇરીઓદકએશીઓ—એ બોલનો અર્થ 'પેહલો મજહબ ધરાવનારા' હેવો થાએછે, અને એ નાંમ ગયોમરદથી તે અશો જરતોશતના વખત શુધી જે ઇરાંનીઓ મજદીઅસની ધરમ પાલનારા હતા તેઓને આપેઆમાં આવેલુંછે, અને એ વીસેની સાબેતી ફરવરદીન યશ્તના ૨૩ મા હાના બીજા ફકરામાં આવેલા પાક અવસ્તા ઉપરથી આપણને નીચે જણાવેઆ મુજબ મલેછે:—

[illegible]

[illegible]

[illegible]

અતરે હું વખાંણુ સાથે આહુઅ, ગયોમરદનાં, અશો જરતોશતનાં, કે શુશતાસ્પનાં અને જરતોશતનાં બેટા ઇસદવાસ્તરનાં ફ્રોહરને, સઘલા પઓઇરીઓદકએશીઓનાં પાક ફ્રોહરોની સાથે.

આએ ઉપર જણાવેલી અવસ્તાની દલીલ મુજબ પેગમબર શાહેબ જરતોશત શુધીના ઇરાંની મજદીઅસનાનો 'પઓઇરીઓદકએશ' ને નાંમે ગણાતા હતા, અને જેઓ પેગમબર પછી મજદીઅસની જરતોશતી દીન ધરાવનારા હતા તેઓને 'નબાનજદીસ્ત' નું નાંમ અવસ્તામાં આપેઆમાં આવેલુંછે; પણ દશતુરાંન દશતુર આદરબાદ મારાસ્પંદ, જે સાસાની પાદશાહ અરદેશેર બાબકાનના નબીરા અહુરમજદ શાહપુરના વખતમાં થાઈ ગીઓઅ, તેહના વખતમાં પેગમબર જરતોશતના શાગેરદો અને તે શાહેબ પછી થોડી મુદતે થાઈ ગએલા દશતુર મોબદોને 'પઓઇરીઓદકએશ' ને નાંમે બોલતા અને ઓલખતા હતા. જે વીસેની સાબેતી સાસાનીઆન દોરમાં લખાએલાં પેહલવી પુસતકોનાં લખાંણમાં આપણને મલેછે. વલી તેઓની પદવીમાં દશતુર આદરબાદ મારાસ્પન્દનાં ફ્રોહરને તેહનાં માનને ખાતર ગણેઆમાં આવેલુંછે, અને તે વીસેની સાબેતી 'આફરીને ફ્રવરદેગાંન' જે પાદશાહ નોશેરવાંન આદેલના વખતમાં બનેલીછે, તેમાં નીચે જણાવેઆ મુજબ આવેલીછે. જેમકે:—

[illegible]

[illegible]

આએ બંદગીની જઉઅત, સઘલા બેહશતી પઓઇરીઓદકએશ, દીનના પેશવાઓના ફ્રોહરોની શાથે, આદરબાદ મારાસ્પન્દનાં ફ્રોહરને પોહચો.

વાસ્તે ઉપલા 'પઓઇરીઓદકએશીઓ' નો અરથ પેગમબર સાહેબના શાગેરદો અને તે પછીના દીનની સહમજ ધરાવનારા કાબેલ દશતુરોનો સહમજવો.

ધરાવનાર દાદાર (પોતેજ) હોએ, તેહવી (વસ્તુની) સહમજ મેલવ્વાથી (માં-
૩ ણુસે) દુર રેહવું. જે ચીજ વીસે (માંણુસ) જાંણેકે તે બીજાને લગતીછે,
પણ તેહને (પોતાને) પસંદ પડતીછે, તો તેથી દુર રેહવું, અને (જે કાંમ)
વધારે નોકસાંન કરનારૂં હોએ તે નહી કરવું, તથા તેહને વજન આપવું
નહી. પેદાનો કરનાર સાહેબ માંણુસની તરફ ઘણીએક તરેહથી લાએકી
વાલોછે, માટે એક માણુસને પોતાને વાસતેની કોઈ વસ્તુ તેહને પોતાને
લાએકની હોએ, પણ (બીજાં) આદમીઓને સારૂં તે ઘણીએક રીતે લડાઈ
ભરેલી, અને નોકસાંનકારક ઈચ્છાવાલી હોએ, તો તેથી (આદમીએ) દુર રેહવું.
૪ દાદાર પોતે નોકસાંન કરનારી ઈચ્છાવાલો નથી, માટે તેવી (બુરી ઈચ્છાથી)
દુર રેહવું. અને જે કોઈ તેહવું કાંમ કરનારો હોએ, તેહની ઈચ્છાને (તે
૫ કાંમથી) ફેરવ્વી; કારંણ કે જે કોઈ તેહવું કાંમ કરનારને તેહની (બુરી) ઈ-
ચ્છાથી ફેરવનારો નથી, તે પેલા વગર આબરૂવાલાની ઈચ્છાને મલતોછે.
દેવ, વરૂ, અને ખફસ્તરના જેસ્સાઓ, આદમીની સાથે લડાઈ કરવાથી, તથા
અહુરમજદનાં (પેદા કીધેલાં) આદમીઓને નોકસાંન કરવાથી, પાછા ફરનારા
૬ નથી; માટે તે (હવા જેસ્સાએ) થી (માંણુસે પોતે) દુર રેહવું. જે ધરમ ગુ-
રૂઓ આદમીઓને દેવ, વરૂ અને ખફસ્તરની ચાલને લગતી બેહદ નોકસાંની
કરવાથી પાછાં ફેરવનારા નથી, તેઓ આદમીઓને આએ દુનીઆંમાં (આવતી
દુનીઆંની) ખુટને લગતી મદદ આપનારાછે. તેઓનો મજહબ ઘટતો અને
સલાંમતી ભરેલો હોવા છતાં, (તેની અંદર રેહીને) દેવ, વરૂ અને ખફસ્તરનાં
કાંમ કરવાને લીધે તે (મજહબ) આદમીઓના બાબમાં દુશમન તરીકે તથા
અપવીતરાઈ સાથનોછે. પાપ કરનારાં આદમીની રીતભાંત, તેહની નોક-
સાંન કરનારી ઈચ્છાને લીધે તેહનો દોજખથી છુટકારો નહી કરી સકે; કા-
રણ કે તે નોકસાંન કરનારની ખરાબી અને ગેરવાજબીપણાંને લગતી ઈચ્છા
પાક ખોદાએતાલાને લગતી ગણાતી નથી; માટે તે (ઈચ્છા) ને પેદાએશને
પેદા કરનાર બાપને લગતી (ઈચ્છા) કેહવી સજાવાર નથી. અને તે કાએ-
દાની રૂએ કેહવાએ (બી) નહી.



(૧૦) મીનો અને ગેતીની અંદર જે (જાંનદાર વસ્તુ) અહુ- ૧
રમજદની પેદાએશ તરીકેની નીશાંણ ધરાવેચ, તે વીસે
ભલી દીનને લગતો ખોલાશો.



જાણવું કે, મીનોઓની અંદર જેઓ ખાલેસ અને ભલા (સ્પેના ૨
મીનો) ને લગતાછે, તે યજદોછે. આએ દુનીઆંની આમેજશવાલા લોકોની
અંદર, જેઓ બુરી સહમજવાલા (અંગ્રમેનીઉશ) ની મતલબ જે બદીને લ-
ગતીછે તેહને (પોતાની અંદરથી) બાહેર કાહડવા, તથા દાંનાઈવાલા (સ્પન્તો
મેનીઉશ) ની મતલબ જે ભલાઈને લગતીછે તે તરફ પોતાને ફેરવવા સારૂ,
જોસ્સા ભરેલા રાખેચ, તે આદમીઓ ઇજદોની મદદથી ગોસ્પન્દની જાતનાં
જેવાં, અને અહુરમજદની પેદાએશ તરીકેની નીશાંનવાલાંછે. મીનોઓની
અંદર જેઓ બુરા (અંગ્રમેનીઉશ) ને લગતાછે, તે દેવોછે. આએ દુની- ૩
આંનાં લોકોમાં, જેઓ બદીને પોતાથી દુર કરવા અને ભલાઈની તરફ પો-
તાને ફેરવવા સારૂં, જોસ્સા ભરેલા રાખતા નથી, તેઓ દેવની મદદથી વ-
રૂના જેવાછે; અને વરૂ તથા ખ્રફસ્તની જાતની માફક તેઓ અહુરમજદની પેદા-
એશની નીશાંનવાલા નથી. મારે તેહવાં (આદમી) ને પેદાના કરનાર દા-
દારની પેદાએશ તરીકે ગણવું સજાવાર નથી.



(૧૧) સારાં અને નરસાં રાજને લગતો એતેકાદ, તથા તેથી ૧
જણાતા ભલી દીનને લગતા શરૂઆતના અને સેવટના
વખત વીસે, ભલી દીનને લગતો ખોલાશો.



જાણવું કે, સારાં રાજથી દાનાઈ, સચ્ચાઈ અને ભલાઈને લગતો ૨
(લોકોને) વીસવાસ રેહચ; તેથી તે (રાજ) નો વખત યજદોને લગતોછે. તે
(રાજ) ની મારફતે દુનીઆંનાં લોકોમાં ઇનસાફનું પંથરાવું, તથા (તેઓને)
આબાદાંની અને સારી મદદનું મલવું થાએચ. તે (રાજ) માં (લો-
કોની અંદર) ગણેઆંણુ, સાચવટ અને ખુબી હોએચ. અને દાનેશ-
મંદ તથા સાચ્ચા અને બીજા ખુબીવનતા લોકોને વાજબી મોહટાઈ
અને મહડતો દરજ્જો તથા હલકા દરજજાને લાએકનાઓને હલકો દરજ-
જો મલેચ અને તે રાજાની તરફથી દાનેશમંદને હકુમત આપેઆમાં આવેચ.

તેથી ઘણાંએક આદમીઓને ફરાગત અને શુખ મલેચ, અને તેહને લીધે આએ દુનીઆં સ્પેનામીનોને લાએકની બનેચ. અને તે (રાજ) અહુરમજદનાં આખેરશને લગતાં રાજની શરૂઆતની બખશેશ તરીકે ગણાએચ. (કારણ કે આખેરશને લગતા વખતમાં અશો અહુરમજદ) તેવાં (રાજ) થી એબ આપનાર (એહરેમન) ને પુરતી રીતે ઘટાડનાર, તથા તેહની અસલ કઉઅતને (લોકોમાં) આમેજ થવાથી અટકાવનાર અને દુનીઆંની અંદર
૩ સેવટનો શુધારો કરનારછે. બુરાં રાજથી બુરી બુદ્ધિ, જુઠાઈ, અને બદીને લગતો (લોકોને) વીસવાસ મલેચ; તેથી તે (રાજ) નો વખત દેવોને લગતોછે. (કારણ કે) તે (રાજ) ની મારફતે દુનીઆંમાં બેદાદીને લગતી આલુદગીનું, બુરી આએપતને લગતાં શુખનું, અને ઉજડ હાલતનું જાહેર થવુંછે. તેવાં (રાજ) ની અંદર (લોકોમાં) બુરી બુદ્ધિ, ઠગાઈ, અને બદકારી હોએચ. અને બુરી બુદ્ધિવાલાઓ, ઠગારા, અને બીજા બદકારોને વધારે મોહટાઈ, અને પસ્ત દરજજાને લાએકનાઓને પાક લોકોને લગતું માંન મલેચ. અને તે જાલેમ રાજાની તરફથી જે બુરી બુદ્ધિવાલાછે, તેઓને હકુમત આપિઆમાં આવેચ. તેથી ઘણાંએક આદમીઓ સંકટ અને સખતી ભોગવેચ. અને તેહને લીધે આએ દુનીઆં ઘનાહમીનોને લાએકની થાએચ. તે (રાજ) ઘનાહમીનોનાં જુલમગાર રાજને લગતી શરૂઆતની બખશેશ તરીકેછે. અને શેવટે તેહવી શરૂઆત કરનારા દરીએક જણને આપોઆપ હાંણી
૪ પોહચવાનો બદલો મલવા વીશે ભલી દીનમાં જણાવેલુંછે. માંટે જે ધરમગુરૂઓ, બુરાં રાજને લગતી ચાલચલણ તથા બુરાં રાજને લગતી હકુમત (લોકોને) સીખવનારા હોએ, તેઓનો મજહબ તે બુરાં રાજની રીતભાતને મલતોછે. અને તે બુરાં રાજને લગતી ચાલચલણ લોકોને નોકસાંન કરનારીછે, તેથી તે (રાજને લગતી ચાલચલણ) બદકારીને લગતી ચાલચલણ તરીકે ગણાવી જોઈએ.



૧ (૧૪) આદમીની કેસમો, અને તેમાંની ઘણી ઓત્તમ અને સરવેથી બુરી કેસમ વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાણવું કે, (દુનીઆંમાં) આએ (નીચે જણાવેલી) ચેઆર તરેહનાં આદમીઓછે. (તેમાં એક આદમી) રવાંનને ચાહનારૂં અને સારા તરી-

કાથી ચાલનારૂં; (બીજું) તનને લગતી ઇચ્છાવાલું અને બુરા તરીકા પર
ચાલનારૂં; (તરીજું) રવાંનને ચાહનારૂં, પણ બુરા તરીકાવાલું; અને (ચોથું)
બુરી ઇચ્છાવાલું, પણ સારા તરીકાથી ચાલનારૂં. એમાંનું જે (આદમી) ૩
રવાંનને ચાહનારૂં અને સારા તરીકાવાલું છે, તે સરવેથી ઓતમછે; કારણ
કે તે સબબથી (તેહવાં આદમીનો દોજખથી) છુટકારો મેલવ્વાનો મારગ ખો-
લ્લો રેહય અને તેહને લગતી ઇજાનો રસ્તો બંધ થાએય. (બીજું) તનને ૪
લગતી ઇચ્છાવાલું અને બુરા તરીકા પર ચાલનારૂં (આદમી), ઉલટી જાતવાલું
અને ઘણુંજ બુરૂંછે; કારણ કે તેથી (તવાં આદમીને સારૂં) ઇજાનો રસ્તો
ખોલ્લો થાએય અને તેહનો (દોજખથી) છુટકારો મેલવ્વાનો મારગ બંધ થા-
એય. (તરીજું અને ચોથું આદમી) જે રવાંનને ચાહનારૂં, પણ બુરા તરીકા- ૫
વાલું, અને બુરી ઇચ્છાવાલું, પણ સારા તરીકાથી ચાલનારૂં છે, તે (ઉપલાં
બે જાતનાં આદમીની અંદર) વચલે દરજજેનું છે; કારણ કે રવાંનને ચાહ-
નારૂં બુરાં તરીકાવાલું (આદમી), રવાંનને ચાહવાના સબબને લીધે, તેમજ
બુરી ઇચ્છાવાલું સારા તરીકાથી ચાલનારૂં આદમી, સારી ચાલચલણના
સબબને લીધે, કદાચ દોજખથી છુટકારો મેલવી સકે; વલી પઓઇરીઓ-
દકએશ દસતુરોની તરફથી એ વીસેની દલીલ (આપણને) આએ પરકારે જણા-
વેઆમાં આવેલીછે, કે હમેશાં ધરમથી (ઇઆને નીતીને લગતી ચાલચલણથી)
માંણસો અશો (ઇઆને દોજખથી છુટકારો મેલવ્વાજોગ) થાઈ સકેય, સબબ
કે સારાં તરીકાવાલું ભલી દીનનું (આદમી તે દીન) માં રેહીને બુરી અને
ઉલટી ઇચ્છાને લગતાં કાંમો કરેય અને તે ઉલટી બુરી ઇચ્છાને લગતાં કાં-
મથી તે (ભલી દીનવાલા) ને (આવતી) મીનોઈ દુનીઆંમાં ઇજા પોહચ-
વાની બીહકછે, તેમ બુરા તરીકાવાલો ઓદીન (પોતાનાં) રવાંનના ચાહને
લગતાં કાંમ કરેતો, તે રવાંનને ચાહવાને લગતાં કાંમને લીધે, (આવતી)
મીનોઈ જેહાંનમાં તેહને છુટકારો મલી સકે.



૧ (૧૮) જે રાજની રયતની અંદર સરવેથી સરસ રીતે શુધારો થાએચ, અને બેહદ શુધરેલાં આદમીઓ પોતે રાજાને ફાએદો કરનારાં હોએચ, તે રાજનું પાએતખત રોશની ભરેલું રેહચ, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો.



૨ જાણવું કે, જે કોઈ આદમી વધારે હોનરમંદ હોએચ તે દુનીઆંનાં દરએક માંણસની ઉપર ઓતમ સરદારી ભોગવવાને લાએકનું છે. અને તે મહડતે દરજજેનું એટલા ઉપરથી છે કે, ઘણુંએક આદમીઓને તેહનીથી સાચ્ચું બોલવાનો અને ભલાઈને માંટેનો નેક બદલો મલેચ અને બદકારીને લગતી સજા થાએચ. જેથી કોઈબી (માંણસ) બેહદ રીતે ભલાઈને સારૂ શોકી અને બદીથી દુર રેહવાની ખાહેશ વાલું થાએચ. અને તેથી દુનીઆં સવાબની ચાલચલણે કરી સમરેચ. અને એથી રાજનો કારોબાર ચલાવનાર (પરધાંન), માંનને લાએકનો, ઘટતા બદલાવાલો, અને પદવી મેલવનારો થાએચ. રાજને લગતા ઓધેદારોમાંનો દરીએક ઓધેદાર જો પજદાંને પસંદ પડે તેહેવી સારી ઈચ્છા રાખનારો, સારી રીતે (રઈઅતની અંદર) સુધારો કરનારો અને રાજને ફાએદો થાએ તેહુવા કાએદાઓને અમલમાં લાવનારો હોએ તથા પોતાને દીનનાં ફરમાંન પરમાંણે ચાલનારા હાકમ તરીકે પસંદ કરનારો, અને રાજને કઉઅત મલવાને માંટેનો દીલસોજીથી ઉદીઓગ કરનારો હોએ, તે (ઓધેદાર) પોતાની હમેશની ઉનચી અને ચહડતે દરજજેની હીલચાલે કરી નેક આતમાવાલો (ઈઆને અશો), તથા નેકનાંમી ભરેલો (ઈઆને કીરતીવાંન)છે. અને તે, પોતાના જાતી ખોદાની તાબેદારીને માટેના નેક ખવાસથી, બીજાઓને સવાબનાં કાંમથી અને ગુનાહની પરહેજ કરવાથી સમારવાને લીધે, તથા તેઓના રવાંનને અશો બનાવવાએ, તથા સારૂ વીચારનાર, સારૂં બોલનાર અને સારૂં કરનારા (અશો મરદ) તરીકે, તે, બીજા પરહેજગાર દીલવાલા લોકોને સારૂં ચીનવદ પુલને ખોલલો કરવા* ને લીધે, પોતાની બેઆજાર જાતને રોશનીમાં મેલવી નાખનારછે. (ઈઆને રોશન બેહશતને લગતા પજદ અમેશાસ્પન્દો અને અશો રવાંનોની સફમાં પોતાની જગો કરનારછે).

---

* ચીનવદપુલને ખોલ્લો કરવો—તેહની મતલબ એછે કે, આપણાં મજહબને લગતાં પુસ્તકોમાં જણાવેલું છે કે, આએ દુનીઆંથી ગુજરી જનારૂં આદમી જો

(૧૧) (કહું) માણસ અકલની સકતીવાલુંછે ? તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧



જાંણવું કે, દીનને લગતી સહમજ મુજબ, જે આદમી દાનાઈ ભ- ૨
રેલા સખુનવાલું, સવાબકાર, સારાં અન્તકરણથી પસંદ કરવા જોગ કાંમ
કરનારૂ, અહુરમજદની પેદાએશનો ફાએદો જોવાનો ઉદીઓગ કરનારૂ, યજ-
દાંની આરાધના કરવામાં પવીતર, મામ્રેની ઘણી વેરદ કરનારાઓને સારી
સહમજથી ઉલટ આપનારૂ, અને સરદાર તથા ધરમગુરૂને લગતું કામ સારી
રીતે કરી જાંણનારૂ હોએ, તે આદમીને અકલની સકતી વાલું ગણવું.



(૧૨) જે (માણસ) સકતીવાલું, અને જે (માણસ) વગર સકતીવાલુંછે, તે વીસે ભલી દીનને લગતો ખોલાસો. ૧



જાંણવું કે, જે (આદમી) લાએક સકતી* વાલું હોએ, તે સકતીવાંન ૨
(આદમી) છે. આદમીને લાએક સકતીવાલું બનવું, એ જેમ જોઇએ તેમ
અહુરમજદને લગતા સવાબનાં સાધનની મારફતે સવાબ કરવાએ, તથા ગુ-
નાહનાં સાધણની મારફતે ગુનાહ નહી કરવાએ, અને બીજાં સઘલાં અ-
હુરમજદની તરફનાં ઘટતાં કાંમો કરવાએછે. આદમી વગર સકતી વાલું, ૩

પુણવન્તું અને સાચ્ચું હોએચતો તેહને મીનોઈ જેહાંનમાં ગુજર કરવાને માટેનો જે કુદરતની તરફથી મુકરર કરેલો ચીનવદપુલને નાંમે ઓલખાતો એજમતી રસ્તોછે, તે ઓક્ષો અને કુશાદેહ થાએચ, અને તે રસ્તા ઉપરથી આસાંની સાથે તે અશો આદમીનું રવાંન ગુજર કરીને તેહને સારૂ મુકરર કરેલાં બેહસ્તનાં મકાનમાં જાએચ. પણ જો આએ દુનીઆંથી ગુજરનારૂં આદમી પાપી અને સાચવટ વગરનું હોએચતો, તેહને મીનોઈ જેહાંનમાં ગુજર કરવાને માટેનો ઉપર કહેલો રસ્તો છરીની ધાર જેવો બનેચ, તેથી તે રસ્તે તેહનીથી ગુજર કરી સકાતી નથી; પણ તેહની ઉપર ફરજ આવી પડવાથી, તે પાપી તે ઉપર ચાલવા જતાં નીચાંણમાં તુટી પડેછે અને તાંહાંથી તેહને કેદી તરીકે દોજખનાં સંકટ ભરેલાં મકાંનમાં લેઈ જવામાં આવેછે. (જુઓ પ્રોફેસર વેસ્ટર ગેઆર્ડનાં છપાવેલાં જેન્દ અવસ્તાનાં દફતરમાં વંદીદાદની ૧૯ મી. પરગરદનો ૨૯ અને ૩૦ મો ફેકરો, 'દાદસ્તાને દીની' ની ૨૦ મી પુરસીસનો જવાબ, અને ડા૦ મારટીન હાઉગની તપાસ ઉપરથી છપાએલાં પેહલવી વીરાફનાં પાંચમા બાબનો ૧—૨ જો ફેકરો).

* **લાએક સકતી**ની મતલબ માંણસને સવાબકારીથી મલતી સકતીની સહમજવી.

નાલાએક સકતી* ધરાવનારૂં બનવાએછે. અને તેહુને નાલાએક બનવું, એ જેમ જોઈએ તેમ અહુરમજદની (તરફથી જણાએલા) ગુનાહના વસીલાએ કરી ગુનાહ કરવાએ, તથા સવાબના વસીલાની મારફતે સવાબ નહી કરવાએ, અને બીજાં સઘલાં નાલાએક કાંમ અહુરમજદની સાંહમને કરવાએછે. અને (તે માણશ) ના લાએક બનવાથી, જે (ભલા લોકો હાલમાં) છે, થઈ ગીઆય અને (હવે પછી) થસે તેઓના જેવું નથી, પણ તેઓની અંદર તે દાંનાઈની સકતી વગરનું, ભલાઈ વગરનું, (આએ દુનીઆંને લગતી) **કાએઆ** વગરનું†, અને (આવતી દુનીઆંને લગતાં) બાએગ વગરનું‡છે.



